પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૩-૧૧-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૮૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# એક લાખ કરોડની રિસર્ચ સ્કીમ લોન્ચ કરતા મોદી

## ભારત મંડપમમાં એસ્ટીક ૨૦૨૫નું ઉદ્ઘાટન કરતા મોદી : વિશ્વમાં સૌથી સફળ ડિજિટલ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર ભારત પાસે છે : વડાપ્રધાન




નવી દિલ્હી, તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના ભારત મંડપમમાં ઈર્મજિંગ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈનોવેશન કોન્કલેવ (ESTIC) ૨૦૨૫માં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. તેમણે દેશમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D) ઈકોસિસ્ટમને વેગ આપવા માટે ?૧ લાખ કરોડના રિસર્ચ, ડેવલપમેન્ટ એન્ડ ઈનોવેશન (RDI) સ્કીમ ફંડ લોન્ચ કર્યુ. તેઓ સભાને પણ સંબોધન કર્યુ હતું. મોદીએ જણાવ્યું હતું કેવિશ્વમાં સૌથી સફળ ડિજિટલ પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર ભારત પાસે છે . ESTIC ૨૦૨૫ કોન્કલેવ ૫ નવેમ્બર સુધી ચાલશે. તેમાં શૈક્ષણિક સંસ્થાઓ, રિસર્ચ સંસ્થાઓ, ઉદ્યોગ અને સરકારના ૩,૦૦૦થી વધુ સહભાગીઓ તેમજ નોબેલ પુરસ્કાર વિજેતાઓ, પ્રખ્યાત વૈજ્ઞાનિકો, ઈનોવેટર્સ અને પોલિસી મેકર્સ પણ ભાગ લઈ રહ્યા છે.

પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) અનુસાર, ચર્ચાઓ ૧૧ મુખ્ય સેક્ટરોં પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં અદ્યતન સામગ્રી અને ઉત્પાદન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ, બાયો-મેન્યુફેક્ચરિંગ, બ્લુ ઈકોનોમી અને ડિજિટલ કમ્યુનિકેશનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઈલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ઉભરતી કૃષિ ટેકનોલોજી, ઊર્જા, પર્યાવરણ અને આબોહવા, હેલ્થ એન્ડ મેડિકલ ટેકનોલોજી, ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને સ્પેસ ટેકનોલોજી સેક્ટર પર પણ ચર્ચા કરવામાં આવશે. ESTIC ૨૦૨૫માં અગ્રણી વૈજ્ઞાનિકો દ્વારા પેનલ ચર્ચાઓ, પ્રસ્તુતિઓ અને ટેકનોલોજી પ્રદર્શનો રજૂ કરવામાં આવશે, જે ભારતના વિજ્ઞાન અને ટેકનોલોજી ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે સંશોધકો, ઉદ્યોગ અને યુવા ઈનોવેટર્સ વચ્ચે સહયોગ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે રૈંચ્સ કોન્કલેવમાં હાજરી આપી હતી.

અનુસંધાન પાના ૭ પર

### રખડતા કૂતરાઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

# અનેક રાજયના મુખ્ય સચિવોએ હાજરી આપી કોર્ટની માફી માંગી

### કેસની આગામી સુનાવણી ૭ નવેમ્બરે હાથ ધરાશે

નવી દિલ્હી, તા. ૩

આજે સુપ્રીમ કોર્ટમાં રખડતા કૂતરાઓ પર એક મહત્વપૂર્ણ સુનાવણી યોજાઈ. આ સુનાવણી દરમિયાન, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોએ અગાઉના આદેશનું પાલન કરીને સુપ્રીમ કોર્ટ સમક્ષ હાજર થયા. તેમણે રખડતા કૂતરા કરડવાના મુદ્દા પર પાલન સોગંદનામું દાખલ ન કરવા બદલ બિનશરતી માફી માંગી હતી.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તે કૂતરા કરડવાના પીડિતોના કેસોની પણ સુનાવણી કરશે અને આગામી સુનાવણી ૭ નવેમ્બરે નક્કી કરી છે.

૨૭ ઓક્ટોબરના રોજ થયેલી અગાઉની સુનાવણી દરમિયાન, તેલંગાણા અને પશ્ચિમ બંગાળ સિવાય કોઈ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશે પોતાના મંતવ્યો રજૂ કર્યા ન હતા, જેના કારણે કોર્ટે કડક વલણ અપનાવ્યું હતું અને અન્ય રાજ્યોની જેમ દિલ્હી સરકારના મુખ્ય સચિવને હાજર રહેવાનો નિર્દેશ આપ્યો હતો.દિલ્હીમાં રખડતા કૂતરાઓના ભય અંગેનો કેસ પહેલાથી જ કોર્ટમાં પેન્ડિંગ છે, ત્યારે સુપ્રીમ કોર્ટ રખડતા કૂતરાઓના ભય અને પશુ જન્મ નિયંત્રણ નિયમો, ૨૦૨૩ ના અમલીકરણ સંબંધિત એક સ્વતઃ કેસની સુનાવણી પણ કરી રહી છે.

અગાઉ, ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ, સુપ્રીમ કોર્ટે દિલ્હી અંગે એક મહત્વપૂર્ણ આદેશ જારી કર્યો હતો. ત્યારબાદ કોર્ટે અગાઉના આદેશમાં ફેરફાર કર્યો હતો, જેમાં તમામ રખડતા કૂતરાઓને આશ્રયસ્થાનોમાં પકડીને કાયમી

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં વાયુ પ્રદૂષણ ફરી ખતરનાક સ્તરે પહોંચી ગયું

### પ્રદૂષણની માત્રામાં સતત ચિંતાજનક વધારો

નોઈડા, તા. ૩

દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણ ફરી એકવાર ખતરનાક સ્તરે પહોંચી ગયું છે. તાજેતરના ડેટા અનુસાર, દિલ્હીના ૩૯ મોનિટરિંગ સ્ટેશનોમાંથી ફક્ત સાતમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) જોખમી ચિહ્નથી નીચે છે, જ્યારે અન્ય તમામ સ્થળોએ હવાની ગુણવત્તા ખૂબ જ નબળીથી ગંભીર શ્રેણીમાં નોંધાઈ છે. દિલ્હીના મુખ્ય વિસ્તારોમાં હવાની ગુણવત્તા અત્યંત ચિંતાજનક રહે છે. આર.કે. પુરમ (૩૩૫), રોહિણી (૩૫૨), સોનિયા વિહાર (૩૫૦), વઝીરપુર (૩૭૭) અને વિવેક વિહાર (૩૭૩) જેવા વિસ્તારોમાં AQI ૩૦૦ થી ઉપર નોંધાયું છે, જે 'ગંભીર' શ્રેણીમાં આવે છે. દરમિયાન, સિરીફોર્ટ (૩૩૮), શાદીપુર (૩૩૦) અને પુસા (૩૩૩) માં પણ હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ છે. નોઈડામાં પરિસ્થિતિ વધુ સારી નથી. સેક્ટર ૬૨ માં AQI ૩૦૪, સેક્ટર ૧૧૬ ૩૦૬ અને સેક્ટર ૧૨૫ ૨૯૯ હતો, જે બધા "ખૂબ જ ખરાબ" શ્રેણીમાં આવે છે. ગાઝિયાબાદમાં પરિસ્થિતિ વધુ ચિંતાજનક છે - લોનીમાં AQI ૩૪૪ અને વસુંધરા

અનુસંધાન પાના ૭ પર

# બેંક સાથે ફ્રોડ કેસ : અનિલ અંબાણી ગ્રૂપની ૪૦ મિલ્કતો ટાંચમાં લેવાઈ

### પાલી હિલ ખાતે આવેલો અનિલ અંબાણીનો બંગલો પણ ઈડીએ ટાચમાં લીધો

નવી દિલ્હી, તા. ૩

એક સમયના દેશના ટોચના ઉદ્યોગપતિમાં સ્થાન ધરાવતા રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપ સામે બેન્ક લોનમાં ફ્રોડ સહિતની તપાસમાં એન્ફોર્સમેન્ટ વિભાગે આ ગ્રુપની દેશભરમાં રહેલી રૂા.૩૦૮૪ કરોડની ૪૦ પ્રોપર્ટી એટેચ કરી છે. યસ બેન્ક સહિતની બેન્કો પાસેથી મેળવેલા રૂા.૧૩૬૦૦ કરોડના ધિરાણમાં લાંબા સમયથી અનિલ અંબાણી ગ્રુપ સામે તપાસ કરવામાં આવી રહી છે અને તેમાં અનિલ અંબાણીની પણ પુછપરછ થઈ ચુકી છે.

સીબીઆઈ તથા ઈડી બન્ને એકશનમાં છે તેમાં ઈડીએ અનિલ અંબાણીના પાલી હીલ- બાંદરા ખાતેના નિવાસ અને મુંબઈના ફલેટ ઉપરાંત રિલાયન્સ કોમ્યુનીકેશન તથા રીલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચરની માલીકીના દિલ્હી-નોઈડા-મુંબઈ-ગોવા-પુને-હૈદરાબાદ અને ચેન્નઈ સહિતના શહેરોની મિલ્કતો ટાંચમાં લીધી છે.જો કે અનિલ અંબાણી ગ્રુપે તેના પર મૌન સેવ્યુ હતું. જે મિલ્કતો એટેચ કરવામાં આવી છે તેમાં દિલ્હીના મહારાજા રણજીતસિંહ માર્ગ પરનું રૂા.૨૧૦૦ કરોડનું રિલાયન્સ સેન્ટરનો પણ સમાવેશ થાય છે. પાલી હીલનો બંગલો એ રહેણાંક મિલ્કત છે. ગાઝીયાબાદ તથા નોઈડામાં ખુલ્લા પ્લોટ તથા ચેન્નઈમાં ૨૯ ફલેટની કિંમત રૂા.૧૦૯ કરોડ થાય છે.અનિલ અંબાણી ગ્રુપે તેની કંપનીમાં રિલાયન્સ હોમ ફાયનાન્સ, રિલાયન્સ કોમર્શિયલ ફાયનાન્સ અને રીલાયન્સ નિયોન મ્યુચ્યુઅલ ફંડ જેવી નોંધાયેલી અને અન્ય બોગસ કંપનીઓ ઉભી કરી રૂા.૧૩૬૦૦ કરોડનો ભંડોળનો જે તે વ્યાપારી હેતુ કરતા અન્યત્ર ઉપયોગ કર્યા હતા અને ગ્રુપ કંપનીઓમાં નાણા ટ્રાન્સફર કરાયા હતા.

બાદમાં આ નાણા અન્યત્ર ડાઈવર્ટ કરાયા હતા અને

અનુસંધાન પાના ૭ પર

# રાજસ્થાન બસ દુર્ઘટનામાં દરેક મૃતકો દીઠ રૂ. ૧૦ લાખની સહાય

### એક્સપ્રેસ વે પર અકસ્માતમાં ૧૫ લોકોના મોત થતા સરકારે સહાય જાહેર કરી

નવી દિલ્હી, તા. ૩

રવિવારે સાંજે ૬:૩૦ વાગ્યાની આસપાસ રાજસ્થાનના ફલોદીમાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં ૧૫ લોકોના મોત થયા હતા અને બે મહિલાઓ ઘાયલ થઈ હતી. મૃતકોમાં એક જ પરિવારના ૭ લોકો સામેલ હતા.એડીએમ અંજુમ તાહિરે જણાવ્યું હતું કે મૃતકોના પરિવારને ?૧૦ લાખની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. જેમના પરિવારે ત્રણ કે તેથી વધુ લોકોને ગુમાવ્યા છે તેમને ૨૫ લાખ સુધીની સહાય મળશે.ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૨ લાખ સુધીની સહાય પૂરી પાડવામાં આવશે. વધુમાં, પીએમ રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારને ૨ લાખ આપવામાં આવશે.ફલોદીના બાપિની સબડિવિઝનમાં માટોડા ખાતે ભારતમાલા એક્સપ્રેસ વે પર ઓવરટેક કરતી વખતે એક ટેમ્પો ટ્રાવેલર રસ્તાની સાઈડમાં ઉભેલા ટ્રેલરમાં ઘુસી ગયો હતો. મૃતકોમાં ચાર બાળકો, ડ્રાઈવર અને ૧૦ મહિલાઓનો સમાવેશ થાય છે. સોમવારે સવારે મૃતદેહો પરિવારના સભ્યોને સોંપવામાં આવશે.અહેવાલો અનુસાર, ટેમ્પો ટ્રાવેલરના મુસાફરો જોધપુરના સુરસાગરથી કોલાયત (બિકાનેર) જઈ રહ્યા હતા જેથી તેઓ દેવઉઠી

અનુસંધાન પાના ૭ પર

# તેલંગાણામાં ૭૦ મુસાફરો સાથેની બસ કપચી ભરેલા ડમ્પર સાથે અથડાતા ૨૦નાં મોત

### ભયાનક વાહન અકસ્માતમાં ૨૦ ઘાયલ, મૃતકોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ હતા



નવી દિલ્હી, તા. ૩

સોમવારે સવારે તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં હૈદરાબાદ-બીજાપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કપચી ભરેલી એક ડમ્પર તેલંગાણા રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (TRTC)ની બસ સાથે અથડાયું હતું. ન્યૂઝ એજન્સી છદ્વૈં અનુસાર, આ અકસ્માતમાં બસમાં સવારમાંથી ૨૦ લોકોનાં મોત થયા છે. ૨૦ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ત્રણની હાલત ગંભીર છે.સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, બસ તંદૂરથી હૈદરાબાદ જઈ રહી હતી. બસમાં ૭૦થી વધુ મુસાફરો હતા, જેમાંથી મોટા ભાગના કોલેજના વિદ્યાર્થીઓ હતા. તેઓ રવિવારની રજા માટે ઘરે ગયા હતા અને કોલેજમાં હાજરી આપવા માટે હૈદરાબાદ પાછા ફરી રહ્યા હતા.પોલીસે જણાવ્યું હતું કે ચેવેલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનપુર ગેટ પાસે રોંગ સાઈડમાંથી આવી રહેલું ડમ્પર સાથે બસ અથડાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે બસને ભારે નુકસાન થયું હતું અને ડમ્પર ભરેલી કપચી બસની અંદર રહેલા મુસાફરો પર પડી હતી.બસ સ્ટાફે અંદાજે ૧૫ લોકોને બચાવ્યા. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. કપચી નીચે દટાયેલા લોકોને બચાવવા માટે જેસીબીનો ઉપયોગ કરવામાં આવ્યો. ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું. તેલંગાણાના મુખ્યમંત્રી કાર્યાલયે ઠ પર જણાવ્યું કે સીએમ રેડ્ડીએ અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવાનો નિર્દેશ આપ્યો છે અને અકસ્માતની વિગતો અંગે સમયાંતરે અપડેટ્સ માગ્યાં છે.મુખ્યમંત્રીએ મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને ઘાયલોને તાત્કાલિક હૈદરાબાદ પહોંચાડવા અને તેમની શ્રેષ્ઠ તબીબી સારવારની વ્યવસ્થા કરવા આદેશ આપ્યો છે. સરકારે ઘાયલો, તેમના સંબંધીઓ અથવા પરિવારના અન્ય સભ્યો વિશે માહિતી માટે હેલ્પલાઈન નંબર ૯૯૧૨૯૧૯૫૪૫ અને ૯૪૪૦૮૫૪૪૩૩ જાહેર કર્યા છે.

# આફઘાનિસ્તાનમાં ૬.૩નો ભૂકંપ ૭નાં મોત, ૧૫૦થી વધુ ઘાયલ

### ભૂકંપથી મઝાર-એ-શરીફમાં આવેલી પ્રખ્યાત બ્લુ મસ્જિદને પણ નુકસાન થયું



નવી દિલ્હી, તા. ૩

સોમવારે વહેલી સવારે ઉત્તર અફઘાનિસ્તાનમાં ૬.૩ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો. યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વે (જીય્જી) એ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર બલ્ખ પ્રાંતની રાજધાની અને અફઘાનિસ્તાનના સૌથી મોટા શહેરોમાંના એક, મઝાર-એ-શરીફ શહેર નજીક જમીનથી લગભગ ૨૮ કિલોમીટર નીચે હતું.

વર્નરના પ્રવક્તા હાજી ઝૈદે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૭ લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે. ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે, અને અનેક સ્થળોએ ઘરો અને ઈમારતોને નુકસાન થયું છે. યુએસજીએસનો અંદાજ છે કે મૃત્યુઆંક સેંકડો સુધી વધી શકે છે.

અફઘાનિસ્તાનની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે જણાવ્યું હતું કે રાત્રે ૧ વાગ્યાની

અનુસંધાન પાના ૭ પર

# ટ્રક ચાલકો માટે અંગ્રેજી સ્પીકિંગ ટેસ્ટ ફરજીયાત કરતા ટ્રમ્પ

### પરિક્ષામાં નાપાસ થયેલા ૭ હજાર ડ્રાઈવરોનો લાયસન્સ સસ્પેન્ડ

નવી દિલ્હી, તા. ૩

ટ્રમ્પ સરકારે ડ્રાઈવિંગ કૌશલ્યના આધારે અમેરિકામાં નોકરી શોધતા પંજાબી યુવાનો પર કડક કાર્યવાહી કરી છે. ટ્રક ડ્રાઈવરો માટે અંગ્રેજી બોલવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ હેતુ માટે પરીક્ષા પણ લેવામાં આવી રહી છે.પંજાબના ટ્રક ડ્રાઈવરો સાથે થયેલા અકસ્માતો બાદ ટ્રમ્પ વહીવટીતંત્રે આ નિયમ લાગુ કર્યો હતો. પોલીસ રસ્તા પર ટ્રક ડ્રાઈવરોને પણ રોકી રહી છે અને ઈંગ્લિશ સ્પીકિંગ ટેસ્ટ લઈ રહી છે. અત્યાર સુધીમાં ૭,૦૦૦થી વધુ બિન-અમેરિકન ટ્રક ડ્રાઈવરો આ પરીક્ષણમાં નિષ્ફળ ગયા છે. તેમના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ૧૫૦,૦૦૦ પંજાબી ડ્રાઈવરો છે. યુએસ ટ્રાન્સપોર્ટેશન સેક્રેટરી સીન ડફીના જણાવ્યા અનુસાર, ૩૦ ઓક્ટોબર સુધી ચાલેલી ઈંગ્લિશ સ્પીકિંગ ટેસ્ટ દરમિયાન, ઘણા ડ્રાઈવરો અંગ્રેજી સારી રીતે બોલી શકતા ન હતા, જ્યારે અન્ય લોકો અંગ્રેજીમાં લખેલા ટ્રાફિક ચિહ્નો ઓળખી શકતા ન હતા.નોંધનીય છે કે અકસ્માતોની વધતી સંખ્યાને કારણે યુએસ સરકારે લગભગ બે મહિના પહેલા ભારતીય ડ્રાઈવરો પર વિઝા પ્રતિબંધ લાદ્યો હતો. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ જાહેરાત કરી હતી.

# પુટીન-ટ્રમ્પની બેઠક યોજવાની હાલ આવશ્યકતા નથી : રશિયા

### રશિયા યુક્રેન યુદ્ધ શાંત થવાના કોઈ સંકેત દેખાતા નથી

મોસ્કો, તા. ૩

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને તેમના યુએસ સમકક્ષ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની બેઠક રદ કરવા અંગે એક નિવેદન બહાર પાડ્યું છે. એક મુલાકાતમાં, ક્રેમલિનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે રશિયન રાષ્ટ્રપતિ અને ટ્રમ્પ વચ્ચે ટૂંક સમયમાં બેઠક યોજવાની કોઈ જરૂર નથી. TASS ન્યૂઝ એજન્સીને ટાંકીને સિન્હુઆએ અહેવાલ આપ્યો છે કે પેસ્કોવે રવિવારે કહ્યું હતું કે આવી બેઠક માટે તાત્કાલિક તૈયારીઓ શક્ય છે, પરંતુ હાલમાં તેની કોઈ જરૂર નથી. પેસ્કોવે ઉમેર્યું હતું કે, "આ સમયે, આપણે યુક્રેન સમાધાન મુદ્દા પર ખૂબ નજીકથી કામ કરવાની જરૂર છે." ૧૬ ઓક્ટોબરે પુતિન સાથે ફોન પર વાતચીત કર્યા પછી, ટ્રમ્પે કહ્યું હતું કે બંને નેતાઓ ટૂંક સમયમાં હંગેરીના બુડાપેસ્ટમાં મળશે. જો કે, ૨૨ ઓક્ટોબરે, યુએસ રાષ્ટ્રપતિએ નિર્ધારિત બેઠક રદ કરવાની જાહેરાત કરતા કહ્યું હતું કે, "મને સારું લાગતું ન હતું, અને એવું લાગતું ન હતું કે અમે તે બિંદુ પર પહોંચી શકીશું જે અમને જોઈતું હતું." રશિયન રાષ્ટ્રપતિએ અગાઉ જણાવ્યું હતું કે બુડાપેસ્ટમાં બેઠક રદ કરવા કરતાં મુલતવી રાખવાની શક્યતા વધુ હતી. પુતિને એમ પણ કહ્યું હતું કે બંને નેતાઓ વચ્ચેની બેઠક અમેરિકાએ શરૂ કરી હતી.


૨૬ ઓક્ટોબરના રોજ, રશિયન વિદેશ પ્રધાન સેરગેઈ લવરોવે જણાવ્યું હતું કે ઉચ્ચતમ સ્તર પર વ્યક્તિગત સંપર્કોનું ભવિષ્ય યુએસ પક્ષ પર નિર્ભર રહેશે.

બંને નેતાઓની છેલ્લી રૂબરૂ મુલાકાત ૧૫ ઓગસ્ટના રોજ અલાસ્કાના એન્કોરેજમાં જોઈન્ટ બેઝ એલ્મેન્ડોર્ફ-રિચાર્ડસન ખાતે થઈ હતી. આ શિખર બેઠક રશિયા-

અનુસંધાન પાના ૭ પર







# એકતા નગરમાં ભારત પર્વ-૨૦૨૫નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## ૧૫ દિવસ સુધી એકતા નગરમાં સમગ્ર ભારત અને ભારતીય પરંપરાઓ ભારત પર્વ દ્વારા પુનઃ જીવિત થવાની છે : મુખ્યમંત્રી

સુરત, તા.૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેચ્યૂ ઑફ યુનિટી પરિસર, એકતાનગર ખાતે ભારત પર્વ-૨૦૨૫નો વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, આદિજાતિ વિકાસ અને અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી પી.સી.બરંડા તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. અખંડ ભારતના નિર્માતા અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે એકતાનગર ખાતે આ ભારત પર્વનું આયોજન કરવામાં આવ્યુ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો મંત્ર 'રાજ્ય અનેક રાષ્ટ્ર એક, સમાજ અનેક ભારત એક, ભાષા અનેક ભાવ એક અને રંગ અનેક તિરંગો એક' ને આ ભારત પર્વ ચરિતાર્થ કરે છે. ''અનેકતામાં એકતા, એ જ આપણી વિશેષતા''નો ભાવ પ્રદર્શિત કરતી સંસ્કૃતિની ઝલક ભારત પર્વમાં લોકોને મળવાની છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણ દ્વારા સરદાર સાહેબને ઉત્તમ શ્રદ્ધાંજલિ આપી છે. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબે ૫૬૨ રજવાડાઓના વિલિનિકરણથી એક ભારતનું નિર્માણ કર્યું અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી વિકાસના માર્ગે શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરી રહ્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આપણે સૌ સદભાગી છીએ કે, આઝાદીના દશકો બાદ આપણને વડાપ્રધાન તરીકે એક એવું નેતૃત્વ મળ્યું છે જેણે 'સ્વ'નો નહીં સમસ્તનો - રાષ્ટ્રહિત પ્રથમનો જ વિચાર હૈયે રાખ્યો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આઝાદી પછી વર્ષો સુધી સરદાર જયંતિ માત્ર પરંપરાગત બિબાઢાળ સરકારી કાર્યક્રમ બની ગઈ હતી, પરંતુ આપણા મોદી સાહેબ એવા વિઝનરી લીડર છે કે, જે કોઈને ના સૂઝે તે તેમને સૂઝે છે. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતની એકતા માટે આપેલા બહુમૂલ્ય યોગદાનનું યથોચિત ગૌરવ કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, સરદાર સાહેબની જન્મ જયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવાની પ્રેરણા ૨૦૧૪થી મોદી સાહેબે દેશવાસીઓને આપી છે. તેમણે કહ્યું હતું કે, સરદાર સાહેબના વિરાટ કાર્ય જેટલી જ વિરાટ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી આ વનવાસી પ્રદેશ વિશ્વના નકશામાં ચમક્યો છે. એ જ વ્યવસ્થાઓ, એ જ તંત્ર છતાં જો આગવું વિઝન હોય તો સ્થિતિ કેવી બદલી શકાય તે મોદી સાહેબે એસ.ઓ.યુ. અને એકતાનગરના નિર્માણથી પુરવાર કર્યું હોવાનું જણાવ્યું હતું. ભારત પર્વ અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ પર્વમાં દરરોજ સાંજે બે-બે રાજ્યોની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરવામાં આવશે. ૪૫ ફૂડ સ્ટોલ અને એક લાઈવ સ્ટુડિયો કિચનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વાનગીઓ પીરસાશે. આ ઉપરાંત ૫૫ હસ્તકલા અને હેન્ડલૂમ સ્ટોલ પણ ઉભા કરવામાં આવ્યાં છે. અહીં ભારત દર્શન પેવેલિયનમાં વિવિધ રાજ્યોના પેવેલિયન બનાવવામાં આવ્યા છે, જેમાં તે રાજ્યોના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો અને સાંસ્કૃતિક વિશેષતાઓને દર્શાવવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાજીની પણ આ વર્ષે ૧૫૦મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે તેના ઉપલક્ષ્યમાં એકતાનગર ખાતે ૧૫ નવેમ્બર બિરસા મુંડા જયંતિએ વિશેષ પ્રસ્તુતિ યોજાશે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે, એક ભારત-શ્રેષ્ઠ ભારત જેમ જ અનેકતામાં એકતાની ભાવના આપણા ઉત્સવો-તહેવારોમાં પણ સાકાર થાય છે.

ગુજરાતના નવરાત્રી – ગરબા, મહારાષ્ટ્રનો ગણપતિ ઉત્સવ, બિહારીઓની છઠ પૂજા કે પશ્ચિમ બંગાળની દૂર્ગા પૂજા ઉત્સવ આ બધા જ ઉત્સવો દેશમાં જ્યા જ્યાં આ રાજ્યોના મૂળ વતની પરિવારો રોજીરોટી માટે આવીને વસ્યાં છે ત્યાં સૌ સાથે મળીને ઉજવે છે. તેમણે ઉમેર્યુ કે, શ્રી નરેન્દ્રભાઈની પ્રેરણાથી માધવપૂરનો મેળો રાષ્ટ્રીય એકતાનું પ્રતીક બન્યો છે. આ મેળો પૂર્વોત્તર રાજ્યો અને પશ્ચિમ ભારતને જોડે છે. તેમના માર્ગદર્શનમાં સૌરાષ્ટ્ર-તમિલ સંગમ, કાશી તમીલ સંગમની ઉજવણીથી ભારતની એકતા અને અખંડિતતા વધુ મજબૂત થઈ છે. તેને આ ભારત પર્વ ઉજાગર કરે છે. એટલું જ નહીં દેશના રાજ્યોના રાજભવનોમાં પણ જુદા જુદા રાજ્યોના સ્થાપના દિવસની લોકોના સંગે ઉજવણીથી એક ભારત - શ્રેષ્ઠ ભારતની ભાવના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાકાર કરાવી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, હવે આ ભારત પર્વ દ્વારા ૧૫ દિવસ સુધી એકતાનગરમાં સમગ્ર ભારત અને ભારતીય પરંપરાઓ પુનઃ જીવિત થવાની છે. વિકાસ ભી, વિરાસત ભીની વડાપ્રધાનશ્રીની સંકલ્પના સાચા અર્થમાં પાર પડશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને એકતાનગર વિશ્વ કક્ષાનું પ્રવાસન કેન્દ્ર બને તે માટેનું વિઝન આપ્યું છે. સરદાર સાહેબની પ્રતિમાની સાથે સાથે અનેક પ્રવાસન આકર્ષણ આયામો જોડ્યાં હોવાનું જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારતના નિર્માણ માટેનો પણ સંકલ્પ કર્યો છે. આ માટે સરદાર સાહેબના ચીંધ્યા એકતાના માર્ગ પર ચાલીને સ્વદેશીને અપનાવવા આહવાન કર્યું હતુ. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ભારત પર્વના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. આ અવસરે સાંસદશ્રી જશુભાઈ રાઠવા, ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીમસિંહ તડવી, એસ.એસ.એન.એલ.ના એમ.ડી.શ્રી મુકેશ પુરી, પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર, ટુરિઝમ કોર્પોરેશનના એમ.ડી. શ્રી પ્રભવ જોષી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના સી.ઈ.ઓ.શ્રી અમિત અરોરા, ટ્રાયબલ ડેવલપમેન્ટ કમિશનર શ્રી આશિષકુમાર, જિલ્લા કલેકટરશ્રી એસ. કે.મોદી, ડી.ડી.ઓ.શ્રી આર.બી.વાળા, પોલીસ મહાનિદેશકશ્રી સંદીપ સિંહ, જિલ્લા પોલીસ વડાશ્રી વિશાખા ડબરાલ, જૈના અધિક કલેકટરશ્રી ગોપાલ બામણીયા સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# આશિષ ગુજરાતીને લૂંટી લેવાની ઘટના અંગે રાજસ્થાન મુખ્ય મંત્રીને રજૂઆત

### ગુનો નોંધવા પોલીસે ઉદાસીનતા દાખવી હોવાની ચેમ્બરની ફરિયાદ

સુરત, તા.૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્માને ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી પર રાજસ્થાન રાજ્યમાં થયેલા હુમલા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી યોગ્ય કાર્યવાહી માટે હસ્તક્ષેપ કરવાની રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરે રજૂઆતમાં રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું છે કે તા. ૨૬ ઓક્ટોબર, ૨૦૨૫ની રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે ઉદયપુર નજીક પિપળી વિસ્તારમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી અને તેમના પરિવાર પર લાકડીઓથી સજ્જ લૂંટારૂઓએ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ તેમના માથા પર પ્રહાર કરીને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેના કારણે સમગ્ર પરિવાર ભયભીત થઈને માનસિક આઘાતમાં આવી ગયો હતો. આ હુમલા પછી શ્રી આશીષ ગુજરાતીને તેમના પરિવારજનોએ તાત્કાલિક મદદ માટે નજીકના સુરજપોલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો, પરંતુ ત્યાંના અધિકારીઓએ 'જ્યુરીસ્ડીકશન'ના કારણસર Zero FIR નોંધવાની ના પાડી હતી. ચેમ્બરે પોતાના પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, Zero FIRની પદ્ધતિ ભારતભરમાં સ્વીકારેલી છે અને તે મુજબ કોઈપણ પોલીસ સ્ટેશન ગુનાની નોંધ કરી શકે છે, ભલે તે ઘટના સ્થળની હદ બહારનું હોય. અંતે ઉચ્ચ અધિકારીઓએ સહકાર આપ્યો હતો અને તેમના સહયોગથી ત્રણ દિવસ બાદ તા. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ એફઆઈઆર નોંધવામાં આવી હતી. ચેમ્બર દ્વારા રાજસ્થાન સરકારના ધ્યાનમાં આ બાબત પણ લાવવામાં આવી છે કે, પિપળીથી ઉદયપુર વચ્ચે લગભગ

અનુસંધાન પાના ૭ પર

# ખેડૂતો માટે ટૂંકમાં રાહત પેકેજ જાહેર થશે : મુખ્યમંત્રી

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરીને આપી જાણકારી

સુરત, તા.૩

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં છેલ્લા કેટલાક દિવસોમાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. કુદરતી આપત્તિની આ અણધારી આફતમાં રાજ્ય સરકાર પૂરી સંવેદનાથી ખેડૂતોની પડખે ઉભી છે. રાજ્યના મંત્રીશ્રીઓએ પ્રત્યક્ષ વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને ખેડૂતોની સ્થિતિ જાણી છે. તંત્ર દ્વારા પાકને થયેલા નુકસાનની સમીક્ષા અને સર્વેની કામગીરી અત્યંત ઝડપથી હાથ ધરવામાં આવી છે. હું સતત આ સંદર્ભે મંત્રીશ્રીઓ અને અધિકારીઓની સાથે સંકલનમાં છું. ધરતીપુત્રોના હિતને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને રાજ્ય સરકાર ખેડૂતોને આ નુકસાનમાં સહાયરૂપ થવા ટૂંક સમયમાં રાહત-સહાય પેકેજ જાહેર કરશે તેમ પણ તેમણે જણાવ્યું છે.

# ખેતી પાકને નુકશાનીનો તાગ મેળવતા નાયબ મુખ્યમંત્રી સંઘવી

### ઓલપાડ તાલુકાના ખેતરોની મુલાકાત લેતા હર્ષ સંઘવી



સુરત, તા.૩

રાજ્યમાં તાજેતરમાં પડેલા કમોસમી વરસાદથી ખેતીના પાકને નુકસાન થયું છે. સુરત જિલ્લામાં પણ કમોસમી ભારે વરસાદને પગલે ખેડૂતોને પાકમાં નુકસાન વેઠવું પડ્યું છે, ત્યારે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સેલુત અને ભાંડુત ગામે કમોસમી વરસાદથી ખેતરમાં ઉભા પાકને થયેલા નુકસાનીનો તાગ મેળવ્યો હતો. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ પણ સાથે જોડાયા હતા. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતો સાથે સંવાદ કરી તેમની રજૂઆતોને ધ્યાને લીધી હતી. કમોસમી વરસાદના પાણી વિવિધ ગામોના ખેતરોમાં ફરી વળ્યાં છે, આ પાણી ઓસર્યા બાદ તેમાં નુકસાનીના સર્વે માટે ખેડૂતોએ મંત્રીશ્રીને રજૂઆત કરી હતી. ઓલપાડ તાલુકામાં રસ્તા પર સૂકવવા માટે મુકેલા ડાંગરના પાકમાં ખેડૂતોને થયેલા નુકસાનનો અલગથી સર્વે કરવાની સૂચના પણ મંત્રીશ્રીએ આપી હતી. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરત જિલ્લામાં કમોસમી વરસાદને અનુલક્ષીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આદેશ અનુસાર શાકભાજી સહિતના પાકોમાં થયેલા નુકસાનનો તાત્કાલિક સર્વે શરુ કરી દેવાયો છે. ખેડૂતોની મુશ્કેલીઓ અને રજુઆતોને પણ ધ્યાને લેવામાં આવી

અનુસંધાન પાના ૭ પર

### બારડોલી નગર પાલિકાના

# કોન્ટ્રાક્ટર અંગેની ફરિયાદની તપાસ કરો : ડો. તુષાર ચૌધરી

### મહિલા આગેવાન સ્વાતિબેન પટેલની ફરિયાદ અંગે ધારાસભ્યએ કલેક્ટરને પત્ર લખ્યો

બારડોલી, તા.૩

બારડોલી નગરપાલિકામાં ખાનગી એજન્સી સામે સરકારી પ્રમાણપત્રો સાથે ચેડા (ફોર્જરી)ની તપાસ ચાલુ હોવા છતાં, તે જ એજન્સીને નવા કાર્યોના વર્ક ઓર્ડર આપવા અંગે તપાસ કરવા બાબતે બારડોલીના મહિલા આગેવાન સ્વાતિબેન પટેલ દ્વારા તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ સુરત જિલ્લાનાં માનનીય કલેક્ટર શ્રીને લેખિતમાં રજુઆત કરવામાં આવેલ હતી. પરંતુ યોગ્ય કાર્યવાહી ન તથા ગુજરાત વિધાન સભાના કોંગ્રેસ પક્ષનાં નેતા અને માજી કેન્દ્રીય મંત્રી અને હાલના ધારાસભ્ય ડો.તુષારભાઈ ચૌધરી દ્વારા સ્વાતિબેન પટેલ ની ઉપરોક્ત રજૂઆતના અનુંસંધાનમાં ગુજરાત સરકારના શહેરી વિકાસ મંત્રીશ્રી ને પત્ર લખી ઉપરોક્ત બાબતે તત્કાલ તપાસ કરાવી, જબાબદાર સામે નિયમોનુસાર ઘટતી કાર્યવાહી કરવા બાબતે રજુઆત કરવામાં આવી.

# એક લાખની માંગ સામે 30 હજાર ભરણ પોષણ નક્કી કરતી કોર્ટ

### પતિની આવક તથા માલ-મિલ્કત પરિણીતાએ કોર્ટમાં રજૂ કરી

સુરત, તા.૩

સુરતના ઈચ્છાનાથ પાસે રહેતા અને રોડ કોન્ટ્રાકટર સહિત છ જાતના ધંધા કરતા યુવક સામે પત્નીએ ભરણપોષણ માટે ૧ લાખની માગણી કરી હતી. અરજદાર પત્ની તરફે કરવામાં આવેલી દલીલો બાદ પત્નીને ૩૦ હજાર ભરણપોષણ પેટે ચૂકવવા કોર્ટે હુકમ કર્યો હતો. પત્ની તરફે પતિની તમામ ધંધાકીય આવક અને મિલકતોમાં કરેલા રોકાણોની આખી યાદી કોર્ટ સમક્ષ રજૂ કરી દેવામાં આવી હતી. પતિના ફ્લેટ ક્યાં છે, ખેતની જગ્યા ક્યાં-ક્યાં આવેલી છે, કેટલા ફોર-વ્હીલ અને ટુ-વ્હીલ વાહનો છે. વિદેશમાં કયા ધંધા છે સહિત બધુ જ કોર્ટ સમક્ષ રજૂ કરાયુ હતું. પત્ની તરફે એડવોકેટ પ્રીતિ જોષીએ દલીલો કરી હતી. ભરણપોષણમાં પતિની કમાણી મુજબ ચૂકવણીના આદેશ થતા હોય છે આથી આ કેસમાં પત્નીએ પતિની જે આવક અને માલ-મલિકતની યાદી કોર્ટમાં રજૂ કરી હતી તે મુજબ પતિ મૂળ તો રોડ કોન્ટ્રાકટર છે, ઉપરાંત જમીન-દલાલીનો ધંધો કરે છે, ક્વોરીનો વ્યવસાય છે અને વિદેશમાં પણ વ્યવસાય છે. ચીખલીમાં રોડ બાંધકામનો પ્લાન્ટ છે. આર.કે. કન્સ્ટ્રક્શનમાં ભાગીદાર છે. સચિનમાં લૂમ્સ ચાલે છે. જે ઘરમાં રહે છે તે માતાનું છે. સાઈ રેસિસડેન્સીમાં ૬ માળનો ફ્લેટ છે, જેમાં ૨ કરોડથી વધુનું રોકાણ છે. છાપરા રોડ પર ફાર્મ હાઉસમાં ભાગીદારી છે. ઉનાવામાં જમીન છે. સચિનમાં ઘર છે, જે પત્નીના નામે છે. અન્ય બે ફ્લેટ અને બંગલો પણ છે. એક ઓડી સહિત ૪ કાર છે. ૧૦થી ૧૨ ટ્રક, ૧ જેસીબી મશીન, પોકલેન્ડ છે. ડામરનો પ્લાન્ટ પણ છે. આમ, પતિ મહિને અંદાજે ૨૦ લાખની આવક ધરાવે છે.

# સાંધીયેર ગામમાં સુડા આવાસ યોજનામાં ગંભીર ગેરરીતિનો આક્ષેપ

### ફરિયાદ અંગે તપાસ યોજવા ધારાસભ્ય ડો.તુષાર ચૌધરીની માંગણી

સુરત, તા.૩

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના મોજે સાંધીયેર ગામે સુરત શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા) દ્વારા અમલમાં મુકાયેલ આવાસ યોજનામાં ગંભીર ગેરરીતિ અને કાયદા વિરુદ્ધની કાર્યવાહીના આક્ષેપો સાથે માજી તાલુકા પંચાયત સભ્ય તથા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન શ્રી જયેન્દ્રભાઈ ધીરુભાઈ દેસાઈએ તા. ૨૨ જુલાઈ ૨૦૨૫ના રોજ પુરાવા સાથે સુરત જિલ્લા કલેક્ટરશ્રીને લેખિત રજૂઆત કરી હતી.

આ રજૂઆતના અનુસંધાને સુરત જિલ્લા કલેક્ટરશ્રીએ સુડાને સૂચના આપી હતી. તે મુજબ સુડાના કાર્યપાલક ઈજનેરશ્રીએ તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ નાયબ જિલ્લા વિકાસ અધિકારી તથા સાંધીયેરના તલાટી કમ મંત્રીને પત્રો (ક્રમાંકઃ જા.નં.સુડા/યુ.૧૬/વશી/૫૧૬૫/૧૧૫૮૫ અને ૫૧૬૬/૧૧૫૮૪) મોકલી, રેકોર્ડ આધારિત અભિપ્રાય મોકલવા સૂચના આપી હતી. તલાટી કમ મંત્રીએ તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ અભિપ્રાય મોકલી આપ્યો, પરંતુ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આજદિન સુધી કોઈ કાર્યવાહી કરી નથી.

આ ઉપરાંત, તા. ૦૭ જુલાઈ ૨૦૨૩ના રોજ તાલુકા વિકાસ અધિકારી, ઓલપાડે પણ સાંધીયેર ગ્રામ પંચાયતના ઠરાવ વિરુદ્ધનો અહેવાલ (પત્ર ક્રમાંકઃ તા.પં./પં.શા/તપાસ અહેવાલ/વશી/૨૦૨૩) નાયબ જિલ્લા વિકાસ અધિકારીને મોકલ્યો હતો. અહેવાલમાં સ્પષ્ટ જણાવાયું છે કે, ગ્રામ પંચાયતનો ઠરાવ મૂળભૂત રીતે ખોટો, કાયદા વિરુદ્ધ અને ગેરકાયદેસર છે. ૧૦૦ ચો.વારના પ્લોટ માટે

અનુસંધાન પાના ૭ પર




**સુરત સ્થિત ગીતાબેન અશોકભાઈ દેસાઈ ના જન્મદિને સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર ને નીરુબેન ઠાકોરભાઈ દેસાઈની સ્મૃતિમાં બ્લડ ટ્રાન્સપોર્ટેશન વાન અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે કેન્દ્રના પ્રમુખ ડો. પ્રદીપભાઈ પેઠે , ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા, માનદ એડિશનલ મંત્રીશ્રી હરેશભાઈ મહેતા, મેડિકલ ડિરેક્ટર ડો કૃતિબેન ડુમસવાલા, મેનેજીંગ કમિટીના સભ્યશ્રી નેહલ દેસાઈ અને પી.આર ઓ. શ્રી નિતેશ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સુરત રક્તદાન કેન્દ્રે માનવસેવાના ઉમદા કાર્ય બદલ દાતાશ્રી દેસાઇ પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.**

# નારી સંરક્ષણ કેન્દ્રના પ્રયાસોથી પીડિત મહિલાનું પરિવાર સાથે મિલન

### નારી સંરક્ષણ કેન્દ્ર ખુંધ ચીખલી નવસારીની સફળ કામગીરી

નવસારી, તા.૩

ગુજરાત રાજ્ય મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર સંચાલિત નારી સંરક્ષણ કેંદ્ર, ખુંધ, ચીખલી, નવસારીની સંસ્થામાં પિડીત, અનાથ, ઘરેલુ હિંસાનો ભોગ બનનાર, દિવ્યાંગ, માનસિક બિમાર, હ્યુમન ટ્રાફિકિંગ સાથે સંકળાયેલ વગેરે ૧૮ થી ૫૯ ઉંમરની બહેનોને પ્રવેશ આપવામાં આવે છે. તે ઉપરાંત શૈક્ષણિક, આરોગ્યલક્ષી, બહેનો પોતાના પગભર થાય તે માટે આર્થિક ઉપાર્જનની તાલીમ અને સામાજિક અને ધાર્મિક વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવે છે અને કાઉન્સેલિંગ કરી બહેનનું પરીવારમાં યોગ્ય પુનઃસ્થાપન થાય તે હેતુથી બહેનને પ્રવેશ અને પુનઃસ્થાપનની કામગીરી કરવામાં આવે છે. આશ્રિત બહેનોનું પુનઃસ્થાપન બે પ્રકારે કરવામાં આવે છે. અનાથ બહેનોનું લગ્ન દ્વારા તથા રોજગારી પુરી પાડી અથવા નોકરી લગાવીને પુનઃસ્થાપન અન્ય બહેનોનું કુટુંબમાં પુનઃસ્થાપન તથા અન્ય સંસ્થામાં ફેરબદલી દ્વારા. સંસ્થામાં વસવાટ દરમ્યાન આશ્રિત બહેનોને તમામ પ્રકારની સુવિધાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે.

નવસારી જિલ્લાના ખુંધ-ચીખલી ખાતે આવેલા નારી સંરક્ષણ કેન્દ્રમાં છેલ્લા ૧૦ દિવસથી એક ૨૨ વર્ષની પરિણીત બહેનને આશ્રય આપવામાં આવ્યો હતો. તેમને મરોલી પોલીસ સ્ટેશન દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર મારફતે અહીં રાખવામાં આવ્યા હતા. આ બહેન મૂળ ઉત્તરપ્રદેશના રાયબરેલી

અનુસંધાન પાના ૭ પર

# જળસંપતિ મંત્રી ઇશ્વરસિંહ પટેલે નહેર વિભાગના અધિકારીઓ સાથે યોજી બેઠક

### જમણા કાંઠા નહેરનું સમારકામ મુલત્વી રાખવા અંગે વિચારણા

સુરત, તા.૩

રાજ્યના જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે ઉકાઈ જમણાકાંઠા નહેર સંશોધન વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન નહેરના સમારકામના કાર્યો અંગે ચર્ચા કરી રાજયના જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે ઉકાઈ જમણાકાંઠા નહેર સંશોધન વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન નહેરના સમારકામના કાર્યો અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી. અધિકારીઓએ નહેરના સમારકામ માટે ૯૦ દિવસ સુધી પાણી પુરવઠો બંધ રાખવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

આ મુદ્દે મંત્રીએ ખેડૂતોના હિતને પ્રાથમિકતા આપવાની વાત કરી હતી. બેઠકમાં ચર્ચા દરમ્યાન નક્કી કરાયું કે હાલના વર્ષ દરમિયાન નહેરના સમારકામના કારણે ખેડૂતોને સિંચાઈમાં તકલીફ ન પડે તે માટે આ વર્ષે સમારકામ મુલત્વી રાખી આગામી વર્ષે કરવાની સંભાવના પર વિચારણા કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા નહેરના જાળવણી અને સમારકામના કાર્યોને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ વિકલ્પો પર પણ ચર્ચા થઈ હતી.

# મંત્ર દ્વારા ઈચ્છિત સિદ્ધ થઇ શકે જો



જેમના મૂળ ભારતમાં છે, તેવા ધર્મોમાં મંત્રનો બહુ મોટો મહિમા છે. સવારના ઊઠીએ ત્યારે પૃથ્વી પર પગ મુકતા પહેલા કરાગ્રે વસતે લક્ષ્મીપના મંત્રથી આપણા દિવસની શરૂઆત થાય. જૈન હોય તો નવકાર મંત્રથી દિવસની શરૂઆત થાય. મંત્રની વ્યાખ્યા કરતા કહેવામાં આવ્યું છે, મનન ત્રાયતે ઈતિ મંત્રઃ — મનનનો અર્થ છે સર્વજ્ઞતા અને ત્રાણનો અર્થ છે સંસારી જીવ પર અનુગ્રહ કરવો. આમ મનન અને ત્રાણ બંને ધર્મયુક્ત હોવાથી તે મંત્ર છે. મંત્ર એ છે કે જેના પર ધ્યાન કરવાથી જીવ સંસાર, વિશ્વથી મુક્તિ મેળવે છે. તેની મદદથી તે ધર્મ, અર્થ, કામ,અને મોક્ષ, ચતુર્વિધ ફળને પૂર્ણ રીતે પ્રાપ્ત કરે છે.

મંત્ર શબ્દ બે સંસ્કૃત મૂળમાંથી આવ્યો છે; મનસ એટલે 'મન' અને ત્ર એટલે 'સાધન'. આમ, મંત્રોને 'વિચારના સાધનો' માનવામાં આવે છે, જેનો ઉપયોગ મનને એકાગ્ર કરવા અને કેન્દ્રિત કરવાના સાધન તરીકે થાય છે. મંત્રોનો ઉપયોગ, રચના, કાર્ય અને મહત્ત્વ પરંપરા પ્રમાણે બદલાય છે. જોકે, દરેક મંત્રનો ચોક્કસ અર્થ, અનન્ય સ્પંદન આવર્તન અને ચોક્કસ ઉપચાર અસરો હોવાનું માનવામાં આવે છે.

આપણે ધર્મશાસ્ત્રોએ મંત્રોની રચના, તેના ઉચ્ચાર, ક્યારે બોલવા જોઈએ, કેવી રીતે બોલવા જોઈએ તેની ઉપર એટલું ગહન સંશોધન કર્યું છે કે આપણે આશ્ચર્યચકિત થઇ જઈએ. વિવિધ પ્રકારના સ્વરોની શરીર અને મન ઉપર અસર વિશે આધુનિક વિજ્ઞાન તો હવે ચિંતન કરે છે, પરંતુ આપણા ઋષિઓ તો હજારો વર્ષો પહેલા તેના ઉપર સંશોધન કરી ચુક્યા છે.

ધર્મકાર્યોમાં પ્રયોજાતા મંત્રોને ઋષિઓએ ત્રણ પ્રકારમાં વહેંચ્યા છે, સ્ત્રી મંત્રો, પુરુષ મંત્રો અને નપુંસક મંત્રો. આપણે નપુંસક શબ્દનો અવળોઅર્થ લેવા ટેવાયેલા છીએ. પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે અહીં એવું નથી. જે મંત્રોના અંતમાં સ્વાહા શબ્દ પ્રયોગ થાય છે તે સ્ત્રી મંત્ર કહેવાય છે. જે મંત્રોના અંતે હુમ અને ફટ લાગે છે તેમને પુરુષ મંત્ર કહે છે. જેમના અંતે નમઃ શબ્દ છે, તેને નપુંસક મંત્ર કહ્યા છે. આ ત્રણ પ્રકારના મંત્રો છ પ્રકારના કર્મો માટે પ્રયોજાય છે; જે છે શાંતિ, વશ્ય, સ્તંભન, દ્વેષ, ઉચ્ચાટન અને મારણ.

આજકાલ ઘણા એવી શંકા કરે છે કે પૂજા, અનુષ્ઠાન કે રોજ માળા કરીએ છીએ, પરંતુ ઈચ્છિત ફળ મળતું નથી. તેનો જવાબ શાસ્ત્રકારોએ પહેલા જ આપી દીધો છે. પહેલી વાત કે તમારા પૂર્વજન્મનાં પ્રબળ કર્મો હોય તો એક જ અનુષ્ઠાનમાં ઈચ્છિત ફળ ન પણ મળે. બીજું મંત્રોના ઉચ્ચારણમાં બતાવેલ નિયમોનું પાલન ન થાય તો મંત્રો વિફળ બની જાય છે. 'સકામ સાધના' ત્યારે જ ફળ આપે છે જ્યારે તેનું વિધિવત પાલન થયું હોય. અર્થાત શ્રદ્ધા અને વિધિ બંનેનું એકસરખું મહત્ત્વ છે. જો તેનું પાલન ન થાય તો અનિત્ય, ક્ષણભંગુર અને ક્યારેક દુઃખદાયી ફળ મળે છે.

મંત્રના રટણમાં દિવ્યતાના પ્રગટીકરણની રહસ્યમય શક્તિ હોય છે, જેમ અણુનું વિભાજન તેમાં છુપાયેલા પ્રચંડ બળને પ્રગટ કરે છે. તેમ, જ્યારે કોઈ ચોક્કસ દેવને સમર્પિત કોઈ ચોક્કસ મંત્રનો યોગ્ય રીતે પાઠ કરવામાં આવે છે, ત્યારે આ રીતે સ્થાપિત સ્પંદનો ઉચ્ચ લોકમાં એક વિશિષ્ટ સ્વરૂપ બનાવે છે, જે તે દેવ તે સમયગાળા માટે ધારણ કરે છે. વધુમાં, ધ્વનિ, શ્વાસ અને લયનું શાંત અને સુમેળભર્યું સંયોજન — જે મંત્રોના જાપનું આવશ્યક પરિણામ છે — પેરાસિમ્પેથેટિક નર્વસ સિસ્ટમ પર ઊંડી અસર કરે છે, જેને 'આરામ અને પાચન' સિસ્ટમ તરીકે પણ ઓળખવામાં આવે છે. બદલામાં, તે હૃદયના ધબકારા ધીમા પાડે છે અને શરીરના હીલિંગ પ્રતિભાવને સક્રિય કરે છે.

તમારી ઈડા કે પિંગળા કઈ નાડી ચાલે છે તેના આધારે કયા મંત્રનો જાપ કરવો તે પણ શાસ્ત્રકારોએ નિશ્ચિત કર્યું છે. તેથી જ જે મંત્રની સાધના કરવી હોય તે નાડી ન ચાલતી હોય તો તેને જાગૃત કરવા પ્રાણાયામને પૂજા વિધિમાં સ્થાન અપાયું છે. અનુસ્વાર યુક્ત મંત્ર અને વિસર્ગ યુક્ત મંત્રો શ્વાસ લેતી વખતે કે છોડતી વખતે બોલવા (અનુલોમ-વિલોમ) તે પણ ઋષિઓ દ્વારા નિર્દેશ અપાયો છે. મંત્રો પણ સૌમ્ય અને આગ્નેય હોય છે. ક્રૂર કર્મોમાં આગ્નેય મંત્રો બોલાય છે. મંત્રો બોલવામાં વિવિધ પ્રકારે દોષ થાય છે. આ પ્રકારના ૪૯ દોષ ઋષિઓએ બતાવ્યા છે! તેથી આપણે ત્યાં ગુરુની નિશ્રામાં મંત્ર દીક્ષા લીધા વિના મંત્ર જાપ કે ગુરુના માર્ગદર્શન વિના અનુષ્ઠાન ન કરવા સાધકોને સલાહ અપાઈ છે.આટલી ગહનતા અને ઊંડાણપૂર્વક ચિંતન કરીને લખાયેલા આપણા પવિત્ર મંત્રો જો એટલી જ શુદ્ધતા પૂર્વક પ્રયોજાય તો અવશ્ય કાર્યસિદ્ધ થઇ શકે છે.

# લગ્ન એટલે વરસાદ ને છૂટાછેડા એટલે માવઠું

આજકાલ વરસાદની સિઝન કરતાં માવઠાની માઠી વધારે ચાલે છે. ડેટા પ્લાન ખતમ થાય તે પહેલા ડેટિંગ પ્લાન ખતમ થઈ જાય છે. તાજા તાજા લગ્ન હોય ત્યારે ૩૦૦ની કોફી મોંઘી નથી લાગતી, પરંતુ લગ્નના અમુક સમય પછી ૨૦ની ચા માટે રકઝક થાય છે.

લગ્નમાં થયેલો જમણવાર, વીડિયોગ્રાફી, દાંડિયારાસ કે સ્ટેન્ડઅપ કોમેડીનો જલસો કે પાર્ટી પ્લોટના બિલ ચૂકવાય તે પહેલા છૂટા પડી ગયેલાના દાખલા જોવા મળે છે.તાજેતરમાં જ અમારા એક મિત્રના દીકરાની સગાઈ કરી. હું અને ચુનિયો કોફી શોપમાં બેઠા હતા ત્યાં અતિ આનંદિત ૩૨ લક્ષણો અમારો મિત્ર અનિલ અઠંગ અમારા હાથમાંથી કોફી પડાવી ઘૂંટડો મારતા બોલ્યો, 'નાનકાની સગાઈ કરી.'મેં પૂછ્યું ક્યા કરી? સગાં- વ્હાલાં કેવાં છે?' અનિલે ઉત્સાહભેર કહ્યું,આપણી જેવા જ છે.'ચુનિયાએ તેના હાથમાંથી કપ ખેંચતા તરત જ કહ્યું,

'તો પણ કરી?'

અમદાવાદનો વન બીએચકે ફ્લેટ ઉડાડી લગ્નમાં ધામધૂમ કરી. અનિલ અને તેની ઘરવાળીને હાશકારો થાય તે પહેલા મોઢામાંથી હાયકારો નીકળી જાય તેવા સમાચાર મળ્યા.હનીમૂનમાંથી બંને પરત આવ્યાં, પરંતુ ઘરે નાનકો એકલો આવ્યો. આવતા વેંત ઘરનાઓને કહી દીધું કે 'તેને મારી સાથે નહી ફાવે. લગ્નનો અને હનીમૂનનો અડધો ખર્ચો મંગાવી લેજો.'અનિલનો મને ફોન આવ્યો. હું તાત્કાલિક પહોંચ્યો.વિગત જાણી તો મને હસવું કે રોવું તે ખબર ન પડી.હનીમૂનના પાંચ દિવસ દરમિયાન છોકરીની એક પણ રીલ બનાવી ન દીધી તેથી છોકરીએ છૂટાછેડા ના કારણોમાં એવું જણાવ્યું હતું કે 'છોકરાને રીલ બનાવતા આવડતી નથી એટલે આગળની જિંદગી કેમ નીકળે?'

સગાઈ નક્કી થતાં પહેલાં ઇન્ટરવ્યૂમાં છોકરાએ છોકરીને ચાંદ તારા દેખાડ્યા હોય, જેમકે લોંગ ડ્રાઈવમાં જવું ગમેપબહાર હોટલોમાં જમવું ગમેપવિદેશ પ્રવાસનો શોખ છેપબહુ મોટું મિત્ર વર્તુળ છેપપહેરવા ઓઢવાનો શોખ છે.સામે દીકરીએ પણ હદ્દુ સામે દ્વીજ઼િદ્વીજ કાઢી હોય, જેમકેપમારા હાથની રસોઈ આંગળા ચાટી જાઓ તેવી સ્વાદિષ્ટ હોય છે.(વાસ્તવમાં મેગીથી વિશેષ કાંઈ બનાવતા આવડતું ન હોય.)છોકરાના એક એક શબ્દ પર રોજ બહાર જવાના, ત્રણ મહિને એક વિદેશ પ્રવાસના, અધ્યતન વસ્ત્રોથી વોર્ડરોબ ભરવાના, ક્યારેક જ ઘરે જમવાના, ફિલ્મો જોવાનાપ એવા કેટલાંય સપનાં જોઈ લીધાં હોયપ આ રીલ લાઈફ છે. રિયલ લાઈફમાં છોકરાને ધંધા માટે કે નોકરીમાં ઓછો સમય મળતો હોયપ વાર તહેવારે જ બહાર જમવા જવાનું બનતું હોયપરાત્રે થાકીને નોકરી ધંધેથી આવ્યા પછી ટહેલવાનું મન હોય લોંગ ડ્રાઈવનો મૂડ ન હોય ને ડખો ત્યાંથી શરૂ થાય છે. આજની પેઢીને આભાસી અને વાસ્તવિક જિંદગી વચ્ચેનો ફર્ક કેમ કરી સમજાવવો?

હમણાં એક છોકરીએ સગાઈની મીટિંગમાં એક જ મિનિટમાં હા પાડી દીધી. હું તે વાતનો સાક્ષી હતો એટલે મેં દીકરીને પૂછ્યું કે એક મિનિટમાં તે શું જજમેન્ટ લીધું?' -તો એ મને કહે,તેના મોબાઈલમાં ઙ્ગ્ક્ષ્, જૈક્ષ્ક્ષ્ઞ જેવી એપ મેં જોઈ. એટલે મને જજમેન્ટ આવ્યું કે છોકરો મારી જેમ બહાર જમવાનો શોખીન છે, કે પાર્સલ મગાવી અને મોજ કરશું.'મેં કહ્યું, 'તેને બાળપણથી ઓળખું છું. આ બંને એપમાં વાનગીઓ જોઈ અને તેની મમ્મી પાસે ઘરે બનાવવાની જીદ કરે છે.'

આમ એક ઘર બન્યા પછી ભાંગતું મેં બચાવ્યું. શરૂઆતમાં તો દિલની રકઝક હોય છે. અને લગ્નના અમુક સમય પછી વધુ પડતા બિલની રકઝક હોય છે.તું નહી તો હું નહી, હું નહી તો તું નહી.' થી મસ્ત લગ્નજીવન શરૂ થાય અને અમુક સમય પછીકાં તું નહી, કાં હું નહી'થી પૂરી થાય છે. લગ્નગ્રંથિથી બંધાવવા માટે પ્રેમ અને પૈસો જોવાય છે. હકીકતમાં સમજણ અને સહનશક્તિ જરૂરી હોય છે. પ્રેમ અને પૈસો પછીના ક્રમે આવે છે.

શરૂઆતના લગ્નજીવનમાં સ્પેસમાં (આકાશમાં) ઉડવાનાં સપનાઓ હોય છે, પરંતુ પછી એકબીજાને સ્પેસ (ફ્રીડમ) આપવાનું મહત્ત્વ હોય છે.સાસુનો જમાઈ પર લગ્ન પછી ફોન આવે અને એટલું ખાલી પૂછે કે મજામાં?' ત્યારે ગળગળા થતાં જમાઈ મેં જોયા છે. ઘણા કંટાળીને અણી પર આવી ચૂકેલા જમાઈ તો બોલી પણ નાખે કેમાં જાવા દો તમારે તો જલસા થઈ ગયા ને?'ચાલો,'વરસાદની સિઝન સુધી માવઠાથી બચી રહો તેવી શુભકામનાઓ.'




## હાર્ટના રોગના ખતરાને ત્રીજા ભાગ સુધી ઘટાડે છે

# ટામેટા ઘણા ખતરાને રોકે છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ટામેટા ખાવાથી હાર્ટના રોગના ખતરાને દૂર રાખી શકાય છે. વધુ લાલ રંગના ટામેટા ત્રીજા ભાગ સુધી હાર્ટના રોગના ખતરાને ઘટાડી દે છે. બોસ્ટનમાં કરવામાં આવેલા અભ્યાસમાં વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે આંકડામાં સંપૂર્ણ ધ્યાન આપવામાં આવ્યું છે.

કાર્ડિયોવેક્યુલર સિસ્ટમ ઉપર લેકોપીન ઘટક તત્ત્વોની અસર જોવા માટે અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સૈંકડો દર્દીઓને આના ભાગરૂપે આવરી લેવામાં આવ્યા હતા. અમેરિકામાં અભ્યાસવેળા તમામ લોકોને જુદા જુદા વર્ગમાં મૂકી દેવામાં આવ્યા હતા.



અભ્યાસમાં ભાગ લેનાર લોકોની ડાઈટની પદ્ધતિને ધ્યાનમાં લેવામાં આવી હતી. આ લોકો ટામેટા કેટલા પ્રમાણમાં અને કઈ રીતે ખાય છે તેના ઉપર ધ્યાન આપ્યું હતું. નિયમિત રીતે ડાઈટમાં ટામેટાનો ઉપયોગ કરનાર લોકોની આરોગ્યની સ્થિતિ વધુ સારી રહી છે. ટામેટા ખાવાથી હાર્ટના રોગને ૨૬ ટકા સુધી ઘટાડી શકાય છે. ટામેટાના શોખીન લોકોની સંખ્યા ઓછી નથી. પરિણામ દર્શાવે છે કે નિયમિત આધાર ઉપર લેકોપીન સંબંધિત ચીજવસ્તુઓ ખાવાથી ૨૬ ટકા સુધી કોરોનરી હાર્ટના જોખમને ઘટાડી શકાય છે. જો કે સ્ટ્રોકની તકો ઉપર તેની કોઈ અસર થતી નથી. સંશોધકોએ તેમના તારણના આધાર ઉપર કહ્યું છે કે ટામેટા અતિ મહત્વપૂર્ણ ઘટક તત્ત્વો ધરાવે છે. અભ્યાસના તારણો નવેસરના બ્રિટિશ જર્નલ ઓફ ન્યૂટ્રીશનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. વધુ અભ્યાસની પ્રક્રિયા હવે ટૂંકમાં જ હાથ ધરવામાં આવશે.



# સગર્ભા તકલીફને ટાળી શકે

તાજેતરમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સતત શારરિક પ્રવૃત્તિઓ અને હેલ્થી લાઈફ સ્ટાઈલ તેમજ કેલોરિક નિયંત્રણ સગર્ભાવસ્થા દરમિયાનની અનેક તકલીફને દુર કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પ્રથમ વખત માતા બનવા જઇ રહેલી મહિલાઓને અનેક બાબતો તરફ ધ્યાન આપવુ જોઈએ. અમેરિકામાં તાજેતરમાં આ સંબંધમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં અનેક મહત્વપૂર્ણ બાબતો સામે આવી હતી. આમાં જાણવા મળ્યું હતું કે સગર્ભા મહિલામાં વજન મહત્વપૂર્ણ રહે છે. સ્થુળતાને ઘટાડવામાં કસરતની ભૂમિકા હોય છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છેકે હાઈપર ટેન્શન અને ડાયાબિટીસને રોકવામાં પણ આ વ્યવસ્થા ઉપયોગી સાબિત થાય છે. કેલોરિક નિયંત્રણ પણ ઉપયોગી છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નવા અભ્યાસના તારણો સગર્ભા રહેલી સ્થુળ મહિલાઓને વધુ ચોક્કસ પ્રકારની સલાહ આપવાની બાબત કેમ જરૂરી છે તે સમજવામાં પણ ઉપયોગી રહેશે. વજન વધવાની બાબત પર સતત નજર રાખવામાં આવે તે જરૂરી છે. અમેરિકામાં જાણીતી સંસ્થાના તબીબોએ આ મુજબની વાત કરી છે. સગર્ભાવસ્થા દરમિયાન દરેક મહિલાના વજનમાં વધારો થાય છે. આવી સ્થિતીમાં પહેલાથી જ વધારે વજન ધરાવનાર અને સ્થુળ મહિલાઓ માટે અનેક શારરિક તકલીફ ઉભી થઇ શકે છે. અભ્યાસના ભાગરૂપે મહિલાઓને જુદા જુદા વર્ગમાં રાખવામાં આવી હતી અને તેમની તમામ પ્રકારની પ્રવૃતિઓ પર નજર રાખવામાં આવી હતી. નિયમિત ગાળામાં ચકાસણી કરવામાં આવી હતી. જરૂરી મેડિકલ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. અંતે જાણવા મળ્યું કે નિયમિત કરસત સગર્ભા મહિલાઓને ઘણી તકલીફથી દુર રાખે છે. આગામી દિવસોમાં અમેરિકી અભ્યાસમાં વધુ ચકાસણી હાથ ધરવામાં આવનાર છે. તબીબોને પણ અભ્યાસના તારણો ઉપયોગી સાબિત થઇ શકે છે. સગર્ભા મહિલાઓને નિયમિત ભોજનની સલાહ પણ ઉપયોગી છે.

# રાત્રે વધુ ઉંઘ પણ સારી નથી

તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચોકાવનારા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વધારે પડતી ઉંઘ પણ ખતરનાક સાબિત થઈ શકે છે. વધારે પડતી ઉંઘથી હાર્ટ સાથે સંબંધિત તકલીફ સર્જી શકે છે. ઉંઘના સંબંધમાં વારંવાર અભ્યાસ થતા રહ્યા છે. હવે ભારતીય મુળના વૈજ્ઞાનિકે ઘટસ્ફોટ કર્યો છે કે વધાર પડતી ઉંઘ અને ખૂબ ઓછી ઉંઘ બંને હાર્ટની સમસ્યા તરફ દોડી શકે છે.

શિકાગો મેડિકલ સ્કૂલમાં મેડિશિનના પ્રોફેશર અને કાર્ડિઓલોજીના ચેરમેન રોહિત આર.અરોડાએ કહ્યું છે કે તેઓ અને તેમની ટીમ છેલ્લા કેટલાક સમયથી વધારે પડતી અને ઓછી ઉંઘને લઈને અભ્યાસ કરી રહી હતી. હવે એવું જાણવા મળ્યું છે કે રાત્રીગાળા દરમિયાન ૬ કલાકથી ઓછી ઉંઘ લેનાર વ્યક્તિમાં સ્ટ્રોક, હાર્ટ અટેક અને કન્જેસેટિવ હાર્ટ ફેલિયોર થવાના ખતરા રહે છે. આવી જ રીતે રાત્રી ગાળા દરમિયાન આઠ કલાકથી વધુ ઉંઘ લેનાર વ્યક્તિમાં પણ હાર્ટની સમસ્યા થઈ શકે છે. ખાસ કરીને છાતીમાં દુખાવા અને કોરોનરી આર્ટેરી રોગ થઇ શકે છે. લોહીના પુરવઠા અને ઓક્સિજનને હાર્ટ સુધી પહોંચારનાર ધમનીઓમાં તકલીફ ઉભી થઇ શકે છે. આ અભ્યાસના તારણો ખૂબ જ મહત્વપૂર્ણ છે. સંશોધકોએ નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન એક્ઝામિનેશન સર્વેમાં ભાગ લેનાર ૪૫ વર્ષની વયના ઉપરના ૩૦૧૯ દર્દીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની તારણો આપવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ઓછી ઉંઘ લેનાર લોકોમાં સ્ટ્રોક અને હાર્ટઅટેકની સંભાવના રહે છે. બેઘણી વધુ સંભાવના રહેલી છે. આ ઉપરાંત કન્જેસ્ટીવ હાર્ટ ફેલિઓરની સંભાવના ૧.૬ ઘણી વધારે રહી છે. આવી જ રાત્રી ગાળા દરમિયાન આઠ કલાકથી વધારે ઉંઘ લેનારમાં કોરોનરી રોગની સંભાવના વધારે રહેલી છે. આ અભ્યાસના તારણોના આધાર ઉપર કહી શકાય છે કે છ થી આઠ કલાકની ઉંઘ પણ આદર્શ નથી.



# સ્ત્રીઓ કરતાં પુરુષોને છત્રી ભૂલવાની વધારે ટેવ

સન્ની દેઓલની એક સુપરહીટ ફિલ્મ આવી હતી, 'અર્જુન'. 'અર્જુન' ફિલ્મમાં ક્લાઈમેક્સમાં હજારો બ્લેક છત્રીઓ વચ્ચે એક દ્રશ્ય ફિલ્માવવામાં આવ્યું હતું. વરસતા વરસાદમાં છત પરથી છત્રીઓને એક સાથે જોઈએ તો આ અનુપમ દ્રશ્ય આજે પણ સ્મૃતિમાં છવાયેલું છે. ઈવન વરસતા વરસાદમાં રોમેન્ટિક સોંગ યાદ આવે તો રાજકપૂર નરગીસનું છત્રી સાથે અમર દ્રશ્ય યાદ આવે. જિંદગીમાં એકાદ પ્રેમની વાત યાદ આવે તો વરસતા વરસાદમાં એક ખભો પલળતો રહ્યો અને ઉફ્ફ ના બોલ્યાનું સ્મરણ થાય એટલે જિંદગી નાહ્યા.

રોમાન્સ દર્શાવવામાં ફિલ્મોમાં દાયકાઓથી એક કેરેક્ટર લોકપ્રિય રહ્યું છે, છત્રીપ છેક 'શ્રી ૪૨૦'ના જમાનાથી વાયા 'બ્લ્યુ અમ્બ્રેલા' થઈને 'રજનીગંધા', 'હમતુમ', 'અજબ પ્રેમ કી ગજબ કહાની', 'રેસ', 'ખિલાડી સિરીઝ', '૧૯૪૨ અ લવસ્ટોરી' હોય કે 'ચાલબાઝ'ની શ્રીદેવી સુધી લાંબી લાઇન છે. ઝરમર વરસાદી માહોલમાં મસ્ત મૂડ, રોમાન્સ હોય કે દર્દ દર્શાવવામાં છત્રીઓએ ક્યાં કચાશ રાખી છે? ઈવન એક સમયે સિનેમાના પ્રેમીપંખીડા સાવ નજીક આવી જતાં, પ્રેમની અભિવ્યક્તિ વ્યક્ત કરવા જાય મિન્સ રોમેન્ટિક સીનની ખરી પળો વચ્ચે પણ વિલન તરીકે છત્રી આવી જતીપઈવન જહોની લિવરની છોટા છત્રીની શાનદાર કોમેડી હોય કે પછી સસ્પેન્સ, સ્પાય કે હોરર ફિલ્મમાં છત્રી ફરજિયાત રાખવાનો રિવાજ હતો. સસ્પેન્સ ફિલ્મમાં તો વરસાદ દર્શાવવો જરૂરી હતો, પોલીસ વાન હોય કે એમ્બ્યુલન્સની સાયરનના દ્રશ્ય પણ ઝરમર વરસાદ વચ્ચે જ હોય, રસ્તા ભીના જ હોયપ આ ફિલ્મી વાતોમાં વરસાદથી બચવા છત્રી આજીવન સાથી રહી છે.આમ તો મને બહુ યાદ નથી કે મેં છત્રીનો ખાસ ઉપયોગ કર્યો હશે. કદાચ પલળ્યા જ હોઈશું, યુવાનીમાં સ્કૂટર હતું. સ્કૂટર પર દંપતીઓ છત્રી ખોલીને જતાં, પણ છત્રીઓ કાગડો થઈ જતી. સરવાળે છત્રી રિપેર કરવામાં જો પલળવાનું જ હોય તો પલળતા પલળતા શું કામ મજા ના લેવાય? હા, છત્રી વરસાદ અને રોમાન્સના આનંદમાં હિન્દી ફિલ્મોએ સિંહફાળો આપ્યો છે.યાદ કરો, તમને એક પાત્ર ખૂબ પસંદ હશે. તમે આગળપાછળ ચાલી રહ્યા છો અને અચાનક વરસાદ શરૂ થાય તો? ઈચ્છા થાય કે એની છત્રીમાં લીફ્ટ મળે. પ્રેમના નસીબદાર ખૂબ લાડીઓને છત્રીમાં લીફ્ટ મળે, એક સાઇડનો ખભો પલળતા, એ ભીંજાવાનો આનંદ સ્વર્ગથી ય મહાન લાગે. કેટલાક કેસમાં તો બન્ને ખભા પલળવા છતાં છત્રીનો રોમાન્સ, સોરી રોમાંચ માણતા મિત્રોની ઈર્ષા કરવામાં ય રોમાન્સનો સ્પર્શ કર્યો હતો. હા, આપણે છત્રી લઈને લિફ્ટ આપવા ગયા હોઈ અને ખરા સમયે જ કાગડો થતાં જોઈ છેપ પછી કોને સંભાળીએ? છત્રીને, એને કે આંખોનેપ બસ, હસી લેવાનુંપ છત્રીનો કાગડો થવો એ તો ચાર્લી ચેપ્લિન બનવાની ઘટના છે, પોતાના પર હસવાની ઘટના નસીબદાર લોકોને મળતી હોય છે.એક સમય હતો, જૂન મહિનાથી છત્રીઓનો સિઝનલ બિઝનેસ શરૂ થતો. દુકાનોમાં જાતજાતની છત્રીઓ લટકતી જોવા મળતી, આ દ્રશ્ય જોયાને પણ એક યુગ વીતી ગયો હોય એવું લાગે છેપ ઈવન છત્રીઓના રિપેરિંગ માટે દુકાનદાર બિઝી હોય, એમાં પણ ખાસ તો તૂટેલા હેન્ડલ અને વળેલા તાર રિપેર કરવાવાળો ખાસ કારીગર હોય. ઘણા ઘરોમાં વડીલો જ સાણસી લઈને સફળ નિષ્ફળ પ્રયોગ કરતાં. પરિણામ શું? ખરા સમયે છત્રી ખુલે જ નહીંપબહુ ઓછા લોકો હશે જેમણે વર્ષો સુધી એક જ છત્રી ચલાવી હોય. છત્રી બસમાં, બૅન્કમાં કે કોઈના ઘરે, ફાંફા મારવામાં ભુલાતી જ હોય. છત્રી ક્યાં ભુલી ગયા એ યાદ કરવામાં રોજનીશી લખવી પડતી, મોબાઈલ ફોનનો યુગ ન હતો ત્યારે ક્ધફર્મ કરવા શી ખબર કેવા કેવા રસ્તાઓ કરતાં હશેપ આના વિશે તો મુંબઈકરોને જ વધારે ખબર હશે.યુરોપના એક અભ્યાસ મુજબ માણસ પાંચ છત્રી ખરીદતો હોય તો તેમાંથી ચાર છત્રી ભુલી જતો હોય છે, પણ આ ફક્ત પુરુષો માટે જ છે. જ્યારે મહિલાઓ દર પાંચ છત્રીમાંથી ફક્ત બે જ ભુલતી હોય છે, કલરફૂલ અને થોડી નાજુક નમણી ડિઝાઈનર હોયને, પર્સમાં આવી જતી હશે. બાકી ભૂલે તો યાદ કરાવવાવાળાઓ કેટલા બધા? અરે, જ્યાં ભૂલ્યા હોય ત્યાંથી કલેક્ટ કરી આપે એવા બચારા પુરુષ. આમેય પુરુષો તો સ્વભાવગત ભોળા અને ભુલકણાપ કેટકેટલું યાદ રાખે?મૂળ લેટિન શબ્દ અમ્બ્રોસ પરથી અમ્બ્રેલા શબ્દ આવ્યો. આપણા છત્રી શબ્દની આસપાસ કેટલા સરસ શબ્દો છે? છત્ર, છાત્ર, છત્રપતિ, છાંટ, છાંટા, છત, છત્રીદળપ અને હા, છત્રીવાજું એટલે મ્યુઝિક બેન્ડ, તમને બીજા શબ્દો યાદ આવે છે? ઓહહહ સોરી, કોઈ કહાની યાદ આવે છે?ત્રણ ચાર હજાર વર્ષ પૂર્વે તડકાથી રક્ષણ મેળવવા તાડના પાંદડાથી શરૂ થયેલી છત્રી રાજાઓ અને સંપત્તિવાનોના સ્ટેટસ સુધી પહોંચી. એ સમયે એવું પણ માનવામાં આવતું કે સૂર્ય અને માણસ વચ્ચે આવતી છત્રી ભાગ્યને ખૂલવા દેતી નથી. ચીન અને જાપાનમાં દુષ્ટ આત્માઓથી બચવા લગ્નવિધિ દરમિયાન લાલ છત્રી રાખવાનો રિવાજ હતો.

પ્રતાપ દર્પણ

PRATAP DARPAN

## તંત્રી લેખ... -

સોમવાર, તા. ૦૩ નવેમ્બર ૨૦૨૫

# બદલાયેલા હવામાન-વરસાદે ખેડૂતોની હાલત બગાડી

દિવાળીની ઉજવણીનો ઉમંગ-ઉત્સાહ ઓસરે એ પછી શિયાળાનાં ધીમી ગતિએ પગરણ થાય ને ખેડૂતો રવી સિઝનમાં વ્યસ્ત બને, પણ આ વખતે ચોમાસાએ કાળો કેર વર્તાવ્યો છે. માવઠાંરૂપી ધોધમાર વરસાદે ઊભા પાકની સાથે ધરતીપુત્રોની મહેનત ધોઇ નાખી. ખેડૂતોને અને દેશને મોટું નુકસાન પહોંચ્યું છે. આ લખાય છે ત્યારે પણ દબાણની અસર હેઠળ કચ્છ-ગુજરાતમાં વરસાદ છે અને આગાહી પણ મંડરાઇ રહી છે. લોકો ત્રસ્ત અને વ્યાકુળ છે કે કુદરતને થયું છે શું ? રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પરિસ્થિતિની સમીક્ષા કરીને જુદા-જુદા જિલ્લાઓમાં ખેતી પાકોને થયેલા નુકસાનના સર્વે સહિતની બાબતોને પ્રાથમિકતા આપવા તાકીદ કરી છે. ઊભો પાક વરસાદ કે પૂરમાં નષ્ટ થાય, ખેતરો ધોવાઇ જાય એ નુકસાન માત્ર જે-તે ખેડૂતોનું અંગત નથી. અનાજ, શાકભાજી-બાગાયત આપણા રોજિંદા જીવનની આવશ્યકતા છે. કિસાનો બારેમાસ મહેનત કરીને અનાજ પકવે છે, તેમના ઉત્પાદનોથી દેશની સમૃદ્ધિ વધે છે. મેઘરાજાની પ્રલંબિત મહેરે આ વખતે સૌની ધીરજની કસોટી કરી છે. સત્તાવાર રીતે તો ચોમાસાએ વિદાય લીધી છે, છતાં રાજ્ય અને દેશના અનેક ભાગમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ રોજ ડોકિયું કરી જાય છે. સામાન્યપણે જૂનના પહેલાં અઠવાડિયે શરૂ થતું ચોમાસું આ વખતે મે મહિનામાં જ બેસી ગયું અને દિવાળી પતી ગઈ છતાં વણગમતા મહેમાનની જેમ વરસાદ જવાનું નામ લઈ રહ્યો નથી. અરબી સમુદ્રમાં નિર્માણ થયેલો ઓછા દબાણનો પટ્ટો, અરબી સમુદ્રના મધ્ય પૂર્વથી મધ્યપ્રદેશના પશ્ચિમ સુધી સર્જાયેલી વાદળોની સ્થિતિ અને બંગાળના ઉપસાગરમાં ઓછા દબાણના પટ્ટાનું વાવાઝોડાંમાં થયેલું રૂપાંતર, ચોમાસા બાદ પણ વરસી રહેલા વરસાદનાં મુખ્ય કારણો છે. ઓક્ટોબરના અંત અને નવેમ્બરની શરૂઆત સુધી મુંબઈ, પશ્ચિમ મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાતના ભાગોમાં વરસાદની આગાહી હવામાન ખાતાએ કરી છે. આ ઓછું હોય તેમ આંધ્રપ્રદેશ અને ઓડિશા જેવાં તટીય રાજ્યોમાં મોંથા વાવાઝોડાંને કારણે ધોધમાર વરસાદ ખાબક્યો, સૌરાષ્ટ્ર તથા મહારાષ્ટ્રના ખેડૂતોને મોસમ બાદના આ વરસાદનો માર સહેવાનો આવ્યો છે, તો મોન્સૂનના બદલાતા મિજાજે દેશનાં ઉત્તરનાં રાજ્યોમાં પણ ખાનાખરાબી સર્જી છે. છેલ્લાં થોડાંક વર્ષોમાં મોન્સૂનનું સ્વરૂપ બદલાયું છે અને તેના માટે નિષ્ણાતો એક અવાજે હવામાન બદલાવને જવાબદાર ઠેરવી રહ્યા છે. અનિયમિત વરસાદથી લઈને દુકાળ-પૂર અને વાવાઝોડાં, ટૂંકા ગાળામાં વરસતો જોરદાર વરસાદ અને વાદળ ફાટવાં જેવી ઘટનાઓ સામાન્ય થતી જોવા મળે છે. ખેડૂતોને વરસાદના આ બદલાતા મિજાજનો માર સૌથી વધુ પડ્યો છે. વિકાસનાં નામે અંધાધૂંધ થતાં બાંધકામે ઉત્તરાખંડ અને હિમાલયમાં વિનાશ વેર્યો છે. આવામાં, દુર્ઘટનાઓ પછી રાહતકાર્યો અને મદદની સરવાણી વહેતી હોવાનું પણ ચિત્ર જોવા મળે છે, પણ આવી ઘટનાઓ અટકાવવાની દિશામાં આવશ્યક પગલાં લેવાનું ચૂકાઈ જાય છે. કુદરતી આપદાઓ રોકી શકાતી નથી, પણ પ્રતિબંધક ઉપાયો-ઉકેલો પર ધ્યાન અપાય તો તેના પ્રભાવની તીવ્રતા ચોક્કસપણે ઘટાડી શકાય છે અને અત્યારે એની જ તાતી જરૂર છે. આ સાથે ક્લાયમેટ ચેન્જની અસર ઓછી કરવાની દિશામાં સંશોધન પર ભાર આપવાનો તથા શહેરોમાં પૂર જેવી સ્થિતિ ટાળવા માટે શું કરવું જોઈએ એ અંગે પણ વિચાર થવો જોઈએ. રાજ્ય સરકાર ખેડૂતોને થયેલા નુકસાનનો સર્વે યુદ્ધની ઝડપે સંપન્ન કરાવીને યોગ્ય રાહત પહોંચાડે એ જરૂરી છે. ઋજુ હૃદયના મુખ્યમંત્રી પર ખેડૂતોની નજર મંડાયેલી રહેશે.

# વિકસિત દેશોની સાથે બરોબરી

વૈશ્વિક અર્થતંત્રની નકારાત્મક્તા વચ્ચે ભારતમાં ઘરઆંગણાની માંગના સથવારે ૬.૬ ટકાનો વિકાસ દર હાંસલ થયો હોવાના આંકડાએ ભારે ઉત્સાહ જગાવ્યો છે. દુનિયામાં વિકસી રહેલાં અર્થતંત્રોમાં ભારતે સૌથી વધુ વિકાસની શક્યતા સાબિત કરી આપી છે. ભારતનો વિકાસ દર ચીન કરતાં પણ વધુ રહેશે, એવું અનુમાન વ્યક્ત થઈ રહ્યાંઅ છે. આમ તો વૈશ્વિક અર્થતંત્રોની સામે આર્થિક અનિશ્ચિતતા અને વેપારી તંગદિલીની અસર ચોમેર વર્તાઈ રહી છે, તો ભારતની સામે અમેરિકાના ૫૦ ટકા ટેરિફનો પડકાર નડતરરૂપ બની રહ્યો છે. જો કે, આ બધી નકારાત્મક્તા છતાં ભારતે જે રીતે વિકાસ દર હાંસલ કર્યો છે તેનાથી દુનિયા ભારે પ્રભાવિત થઈ છે. ભારતે બીજા છ માસિક સમયગાળામાં નોંધપાત્ર વિકાસ દર જાળવી રાખવામાં કમર કસી હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ રહ્યાંઅ છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા છ માસિક સમયગાળામાં ઓક્ટોબરથી માર્ચ વચ્ચે સરકારનો પોતાનો ખર્ચ અને ઘરેલુ માંગમાં ભારે ઉછાળાના સંગાથે અર્થતંત્ર વિકાસનાં લક્ષ્યોને પાર પાડી શકશે. ખાસ તો દિવાળીના

સમયગાળા દરમ્યાન જીએસટીના કાપે બજારોમાં ભારે ખરીદી રહી હતી. આમ જીએસટીના દર ઘટવાની સાથે મોંઘવારી પણ ઘટી છે, જેની હકારાત્મક અસર દેશની બજારોમાં અનુભવાઈ રહી છે. રાષ્ટ્રીય આંકડાકીય વિભાગે જાહેર કરેલી વિગતો મુજબ સપ્ટેમ્બર ૨૦૨૫માં છૂટક મોંઘવારી ઘટીને ૧.૫૪ ટકા રહી ગઈ છે. તેના આગલા મહિને ઓગસ્ટમાં તેનો દર ૨.૦૭ ટકા હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનાં લક્ષ્ય કરતાં મોંઘવારીનો દર નીચલી સપાટીએ પહોંચી ગયો છે. આની સાથોસાથ સપ્ટેમ્બર મહિનામાં જથ્થાબંધ મોંઘવારીનો દર ઝડપભેર ઘટીને ૦.૧૩ ટકાનાં સ્તરે પહોંચી ગયો છે. ગૌરવ લેવા જેવી બીજી બાબત એ છે કે, વિશ્વમાં આર્થિક સુખાકારીના આંકની સરેરાશ ૧૦૩.૬ છે, ત્યારે ભારતે આ આંકમાં ૧૧૦.૩નો આંક હાંસલ કર્યો છે. ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા દેશ માટે આ આંક ખરા અર્થમાં યુરોપના નાના દેશોનાં અર્થતંત્રને પાછા પાડી દે તેવો છે. સાથોસાથ ભારતનો વિદેશી હૂંડિયામણનો ભંડાર ૭૦૦ અબજ ડોલરને આંબી ગયો છે. દેશમાં તમામ સ્તરોએ આર્થિક વિકાસનો ઉત્સાહ અનુભવાઈ રહ્યો છે. ખરેખર તો હવે ભારતે અમેરિકાના ટેરિફના અંતરાયને બેઅસર કરવા પર વધુ ધ્યાન આપવાની જરૂરત છે. આમ તો ભારત અન્ય દેશો સાથે વેપારને વધારવા પર ધ્યાન આપી રહ્યું છે, પણ વધુ ને વધુ દેશો સાથે મુક્ત વેપાર કરાર કરીને આર્થિક વિકાસને વેગ આપી શકાય તેમ છે. ઘરઆંગણાના ઉત્સાહમાં વિદેશી વેપારનો વધારો ભળે તો ભારતનો આર્થિક વિકાસ વિકસિત દેશોની તુલનાએ પહોંચી શકે તેમ છે.

---

### ૧૯૯૦ના દાયકામાં 'ટાલ' વિસ્તારમાં દુલારચંદના નામની ધાક હતી.

# અનંતસિંહની ધરપકડ, નીતીશ બાવાનાં બેઉ બગડ્યાં

## બિહારના રાજકારણમાં ભૂમિહારો શક્તિશાળી ગણાય છે

બિહારમાં વિધાનસભા ચૂંટણીના કારણે ગરમીનો માહોલ છે જ ત્યાં ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીના સમર્થક દુલારચંદ યાદવની હત્યા થતાં ગરમી વધી છે. દુલારચંદ યાદવની હત્યાના કેસમાં પોલીસે મોકામા વિધાનસભા બેઠકના જેડીયુના ઉમેદવાર અનંતસિંહને અડધી રાત્રે ઉઠાવીને જેલમાં નાંખી દીધા છે. રાજકારણી કમ ગેંગસ્ટર અનંતસિંહ દુલારચંદની હત્યા વખતે સ્થળ પર હાજર હતા એવો પોલીસનો આક્ષેપ છે. હત્યામાં તેમની સીધી સંડોવણી અંગે પોલીસ ફોડ પાડીને વાત કરતી નથી પણ ભવિષ્યમાં અનંત સિંહના ગ્રહો બદલાય તો દુલારચંદની હત્યા કરેલી એવો આરોપ પણ મૂકાઈ શકે છે.

બિહારમાં જેડીયુના નીતીશ કુમારની સરકાર છે અને નીતીશ જ અનંતસિંહને જેલમાંથી બહાર લાવીને ચૂંટણી લડાવી રહ્યા છે તેથી દુલારચંદ યાદવની હત્યાના કેસમાં અનંતને કશું કરવાની નીતીશની ઈચ્છા નહોતી પણ કેન્દ્રીય ચૂંટણી પંચે ફરમાન કરતાં બિહાર પોલીસે અનંત સિંહને જેલભેગો કરવો પડ્યો છે. આ પહેલાં ચૂંટણી પંચના ફરમાનને કારણે જિલ્લા પોલીસ વડા અને કલેક્ટરને પણ ઘરભેગા કરી દેવાયા છે કેમ કે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બંને નિષ્ફળ ગયા હતા.

દુલારચંદ યાદવો પર પ્રભુત્વ ધરાવતા નેતા હતા. તેમની હત્યાના કારણે યાદવો ભડકેલા જ છે તેથી નીતીશ મુશ્કેલીમાં હતા જ ત્યાં અનંતસિંહની ધરપકડ થતાં નીતિશની મુશ્કેલી વધી છે. નીતીશ ભૂમિહારોના મત મેળવવા માટે અનંતસિંહને જેલની બહાર લાવેલા પણ ચૂંટણીના બે દાડા પહેલાં જ અનંતસિંહ જેલભેગા થતાં ભૂમિહારો પણ નારાજ થઈ ગયા છે. આ કારણે નીતિશ માટે બાવાનાં બેઉ બગડ્યાં જેવો ઘાટ છે.

બિહારના રાજકારણમાં ભૂમિહારો શક્તિશાળી ગણાય છે. પોતાને બ્રાહ્મણ ગણાવતા ભૂમિહારો પાસે પહેલેથી મોટા પ્રમાણમાં જમીનો છે તેથી જાડો પૈસો છે. જમીનદાર હોવાના કારણે મસલ પાવર પણ છે. મસલ અને મની પાવરના જોરે ભૂમિહારો ઓછી વસતી છતાં બિહારના રાજકારણમાં બહુ પ્રભાવશાળી ગણાય છે. પરંપરાગત રીતે ભૂમિહારો ભાજપની મતબેંક છે ને ઓબીસી નીતીશને બહુ પસંદ કરતા નથી. નીતીશે આ નારાજગી દૂર કરવા અનંત સિંહ સહિતના નેતાઓને સાધ્યા પણ દુલારચંદ યાદવની ધરપકડે ખેલ બગાડી નાંખ્યો.

દુલારચંદ યાદવ પણ અનંતસિંહની જેમ ગેંગસ્ટર હતા અને ૧૯૯૦ના દાયકામાં 'ટાલ' વિસ્તારમાં દુલારચંદના નામની ધાક હતી. પટણા, નાંદા, શેખપુરાસ લખીસરાયસ મુંગેર અને ભાગલપુર જિલ્લાનો બનેલો વિસ્તાર 'ટાલ રીજિયન' કહેવાય છે. લાલુ પ્રસાદ યાદવે બિહારના રાજકારણ પર વર્ચસ્વ જમાવવા માટે શોધી શોધીને જે ગુંડાઓને પોતીની સાથે લીધા તેમાં દુલારચંદ યાદવ પણ એક હતા. ૧૯૯૦ના દાયકામાં લાલુ પ્રસાદ યાદવની અત્યંત નજીક મનાતા દુલારચંદ મોકામા વિધાનસભાની ચૂંટણી લડેલા પણ હારી ગયા હતા કેમ કે 'ટાલ રિજિયન'માં યાદવોની બહુ વસતી નથી અને મોકામામાં તો ભૂમિહારોનો પ્રભાવ છે.

દુલારચંદ યાદવે એક વાર હાર્યા પછી રાજકીય મહત્વાકાંક્ષાઓને સંકોરી લીધી પણ રાજકીય રીતે સક્રિય રહ્યા. ટોચના નેતાઓ સાથે તેમના ગાઢ સંબંધો હતા ને તેમાં એક અનંત સિંહ પણ હતા. અનંત સિંહનો ઉદય ૨૦૦૦ના દાયકામાં થયો પછી દુલારચંદ અનંતસિંહનો પડછાયો બનીને સતત તેમની સાથે જ રહેતા. છેક હમણાં સુધી અનંતસિંહ સાથે તેમના ગાઢ સંબંધો હતા પણ પ્રશાંત કિશોરે તેમને પકડ્યા પછી તેમણે પલટી મારી દીધી.પ્રશાંત કિશોરે મોકામામાં બીજા ગેંગસ્ટર પીયૂષ પ્રિયદર્શીની ઉર્ફે લલ્લુ મુખિયાને મેદાનમાં ઉતાર્યા છે. લલ્લુ મુખિયા ધનુક સમાજના છે અને અન્ય પછાત વર્ગ (ઓબીસી)માં આવે છે. મોકામામાં ધનુકોની વસતી બહુ નથી પણ દુલારચંદ સહિતના નેતાઓને સાધીને પી.કે.એ ઓબીસીને એક કર્યા છે. સામે નીતીશે અનંત સિંહને અને આરજેડીએ બીજા એક ગેંગસ્ટર સૂરજભાણસિંહનાં પત્ની નીલા દેવીને ટિકિટ આપી છે.દુલારચંદ પી.કે. સાથે ગયા પછી અનંતસિંહ સામે બાંયો ચડાવીને પૂરી તાકાતથી ઉતરી ગયેલા. લાંબા સમયથી સોશિયલ મીડિયા પર અનંતસિંહ સામે પોસ્ટ મૂક્યા કરતા હતા અને તેના કારણે બંને વચ્ચે તણાવ વધ્યો હતો. આ તણાવના કારણે જ દુલારચંદની હત્યા થઈ હોવાનું કહેવાય છે. દુલારચંદના પરિવારજનોનો આક્ષેપ છે કે અનંત સિંહના સમર્થકોએ પહેલાં દુલારચંદ યાદવના પગમાં ગોળી મારી હતી અને પછી કારથી કચડી નાખ્યા.

નંતસિંહના સમર્થકોનું કહેવું છે કે, અનંતસિંહનો કાફલો પસાર થઈ રહ્યો હતો ત્યારે દુલારચંદના માણસોએ તેમના સમર્થકો પર હુમલો કર્યો તેમાં અથડામણ થઈ ગઈ. આ દરમિયાન ભીડમાંથી કોઈએ ગોળી ચલાવી દીધી તેમાં દુલારચંદ ઉપર પહોંચી ગયા. અનંત સિંહે એવો આક્ષેપ પણ કર્યો છે કે, દુલારચંદ યાદવની હત્યા કરાવીને પોતાને નુકસાન પહોંચાડવાનો આખો ખેલ સૂરજભાનસિંહે ખેલ્યો છે.

જો કે પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં દુલારચંદની પાંસળીઓ તૂટેલી હોવાનું બહાર આવ્યું છે એ જોતાં ભીડમાંથી કોઈએ ગોળી મારી તેમાં દુલારચંદ ગુજરી ગયા એ વાત ગળે ઉતરે એવી નથી અને દુલારચંદના પરિવારનો આક્ષેપ સાચો લાગે છે. અનંત સિંહનો ઈતિહાસ પણ દુશ્મનોને પૂરા કરી નાંખવાનો છે તેથી પણ દુલારચંદની હત્યા અનંતસિંહે કરાવી હોવાની શક્યતા વધારે છે.

અનંતસિંહનું હવે શું થશે એ ખબર નથી પણ અનંતસિંહની ધરપકડના કારણે બિહારની ચૂંટણીમાં સૌથી હાઈ પ્રોફાઈલ મનાતી મોકામા વિધાનસભા બેઠકનાં સમીકરણો પણ બદલાઈ ગયાં છે. મોકામા અનંતસિંહનો ગઢ છે અને આ ગઢના કાંગરા પણ કોઈ ખેરવી નથી શકતું. અનંત સિંહ મોકામા બેઠક પરથી ૨૦૧૦, ૨૦૧૫ અને ૨૦૨૦ એમ સળંગ ત્રણ ચૂંટણીમાં ચૂંટાઈને ધારાસભ્ય બનેલા. ૨૦૧૦માં જીત્યા ત્યારે અનંતસિંહ જેડીયુમા હતા પણ ધારાસભ્યની હત્યાના કેસમાં નામ આવતાં નીતીશે તેમને ખંખેરી નાંખેલા. એ છતાં અનંતસિંહ ૨૦૧૫માં અપક્ષ તરીકે જીતી ગયેલા.

૨૦૨૦માં અનંતસિંહ લાલુ યાદવની પાર્ટી આરજેડીની ટિકિટ પર ચૂંટાયેલા પણ ૨૦૨૦ની ચૂંટણી પછી હત્યાના કેસમાં નીતીશ કુમારની સરકારે તેમને જેલમાં ધકેલી દીધા હતા. દરમિયાનમાં હત્યાના કેસમાં સજા થતાં અનંતસિંહે રાજીનામું આપવું પડેલું પણ તેમનો વટ એવો કે પેટાચૂંટણી વખતે જેલમાં બેઠાં બેઠાં પત્ની નીલમ દેવીને જીતાડી દીધાં.

અનંતનો વટ જોઈને ગિન્નાયેલા નીતીશે જૂના કેસો પણ ખોલવા માંડતાં અનંતસિંહ જેલની બહાર નહીં નિકળે એવું લાગતું હતું. અનંતે શાણપણ વાપરીને નીતિશના પગ પકડી લીધા તેથી જેલની બહાર તો આવી ગયા પણ જેલમાં રહ્યા છતાં સુધર્યા નહીં તેમાં પાછા જેલની હવા ખાતા થઈ ગયા છે.

---

### કંડલા માટે કોણ છે ?' મીત્તરે કહ્યું કે, હ્લનિષ્ણાત તરીકે મેં કંડલાનો કેસ રજૂ કર્યો

# ને સરદાર બોલ્યા, કંડલા ઇઝ સિલેક્ટેડ

- સરદારે પાંચ મિનિટ સાંભળ્યા. પાંચ મિનિટે પેલાને અટકાવીને સરદારે પૂછ્યું, હ્ર. હું ચાર મિનિટ બોલ્યો ને સરદારે ગૂઢ શાંતિ પછી મને એક પ્રશ્ન પૂછ્યો, એ પ્રશ્ન કેટલો વેધક ! ત્રણ મહિનાથી મેં એક એન્જિનીયર વડા તરીકે અભ્યાસ કરેલો, પણ આ પ્રશ્ન કોઈને સૂઝી શકે તે મને કલ્પના નહીં.

સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું છે, એકતા વિના મનુષ્યબળની કોઈ શક્તિ નથી... તેનો યોગ્ય રીતે સમન્વય અને સંગઠન થતાં એ આધ્યાત્મિક શક્તિ બની જાય છે. હજુ બે દિવસ પહેલાં (૩૧મી ઓક્ટોબરે) રાષ્ટ્રે સરદારને ૧૫૦મી જન્મજયંતીએ ભાવભેર શ્રદ્ધાંજલિ આપી. સરદાર અને ભારતવર્ષનું ગૌરવ, રાષ્ટ્રની મહાનતા, ઐક્ય, સમૃદ્ધિ, સંસ્કૃતિ જતનના સ્વપ્નદૃષ્ટા. લોખંડી પુરુષનું કચ્છ પણ કૃતજ્ઞ છે. સરદાર સરોવર નર્મદા યોજનાના પાયામાં કચ્છ રહ્યું છે એ હકીકત ઈતિહાસનાં પાને નોંધાયેલી છે. એ કલ્પના સરદાર પટેલની હતી કે પાકિસ્તાન સાથેની કચ્છની ભૂમિસીમાએ નિવૃત્ત સૈનિકો અને ખડતલ ખેડૂતોને વસાવવા. એ માટે નર્મદાનું પાણી કચ્છનાં રણ સુધી પહોંચાડવું. ગાંધીધામની સ્થાપનામાં પણ સરદાર હતા. મહાત્મા ગાંધીનાં જીવનનો અણધાર્યો અંત ન આવ્યો હોત તો કચ્છનું પ્રથમ મહાનગર આજે સરદારગંજના નામે ઓળખાતું હોત. પહેલી જૂન, ૧૯૪૮ના કચ્છ ભારત સંઘમાં વિલીન થયું ત્યારે સરદાર પટેલે પત્રમાં લખેલું : કચ્છનું રાજકીય, ભૌગોલિક અને આર્થિક મહત્ત્વ ઘણું છે. તે હિંદનું એક અગત્યનું સરહદી થાણું છે. વિકાસમાં તે પછાત છે, છતાં તેની કુદરતી સંપત્તિ વિશાળ શક્યતાથી ભરેલી છે. ઘરબારથી વિખૂટા થઇ ગયેલા નિરાશ્રિતો જેમને મદદ, રાહત અને પુનર્વસવાટની ઘણી જરૂર છે, તેમણે વસાવવા સારુ કચ્છમાં ઘણો અવકાશ છે. કચ્છની પ્રજામાં તાકાત, ધૈર્ય, સંપત્તિ અને સાહસિકતા ઘણી છે. વેપાર અને ઉદ્યોગમાં કચ્છીઓએ સમસ્ત હિન્દમાં જે ફતેહ મેળવી છે, તે તેમના આ ગુણોની સાબિતી છે. ૨૦મી એપ્રિલ, ૧૯૪૯ના રામાસિંહજી રાઠોડ પર લખેલા પત્રમાં કચ્છ પ્રત્યેની એમની લાગણી અને નિસબત છતી થાય છે : 'અનેક સદીઓ પહેલાંની પુરાણી દુનિયાનું કોઈ સ્થાન આજની દુનિયામાં જોવું હોય, તો તે 'કચ્છ' છે, જ્યાં આધુનિક દુનિયાની કોઈ હવા લાગી જ નથી અને જેમનું તેમ પડી રહ્યું છે. ત્યાં અત્યારે તો દુકાળ છે. ઢોર અને માણસને બચાવવાનો મોટો પ્રશ્ન છે. તેમાં મધ્યસ્થ સરકાર લાખો રૂપિયા ખર્ચી રહી છે. સાથે સાથે, કંડલાને કરાચી બનાવવાની યોજના તૈયાર થઇ રહી છે. તેની સાથે બે રેલવે જોડવાનો પ્રયત્ન છે. સિંધીઓ બંદરની પાસે એક મોટું નગર વસાવવાના છે. તેની તૈયારી થઈ રહી છે. પાણી અને રસ્તાની વ્યવસ્થા માટે યોજનાઓ રચાઈ રહી છે. મોટું એરોડ્રોમ બનાવવાનું છે. આમ, ચારે તરફથી કચ્છની શિકલ બદલાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે અને તેની

પાછળ કરોડો રૂપિયા ખર્ચવાના છે. ઉમ્મીદ તો છે કે પાંચ વર્ષમાં કચ્છ હિન્દુસ્તાનના નકશામાં બંધબેસતું થઈ જાય... પછી તો ઈશ્વરની ઈચ્છા.' કંડલા - આજે દીનદયાળ પોર્ટ ટ્રસ્ટનાં નામે કચ્છ - ગુજરાત અને દેશના વિકાસમાં સિંહફાળો આપી રહ્યું છે. વર્તમાન ચેરમેન સુશીલકુમાર સિંઘનાં નેતૃત્વમાં ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે. વિકાસની બીજી યોજનાઓ પણ કાર્યાન્વિત છે. ૧૯૪૭માં ભારતનું વિભાજન થયું અને સિંધ - કરાચી સાથે પશ્ચિમ કાંઠાનું ચાવીરૂપ બંદર પણ પાકિસ્તાનના ફાળે ગયું. વેસ્ટ કોસ્ટ પર દૂરસુદૂરના દેશો સાથેના જળમાર્ગે પરિવહન માટે એક મોટો ખાલીપો સર્જાયો... ને સરદારનાં મનમાં કંડલા બંદરની યોજનાએ જન્મ લીધો... ભારત માટે આ મોટો વિચાર હતો... અને દેખીતી રીતે જ બીજા વિકલ્પોએ હતા... આ આખો પ્રસંગ ગુજરાત વિધાનસભાના સ્પીકર રહી ચૂકેલા પ્રખર ગાંધીવાદી કુંદનલાલ ધોળકિયાએ તેમનાં પુસ્તક 'શ્રુતિ અને સ્મૃતિ કચ્છ'માં ઉલ્લેખ્યો છે. કુંદનભાઈએ 'કેન્દ્ર સરકારનાં સીમાચિહ્નો' પ્રકરણમાં લખેલું અહીં શબ્દસહ મૂક્યું છે... એ વખતની સ્થિતિ, પરિદૃશ્ય આજની પેઢીએ જાણવા જેવું છે. કોઈ કોઈ પ્રસંગ એવા બને છે કે જ્યારે માનવ ભૂતકાળની યાદમાં ડૂબી જાય છે. કોલેજમાં હતો ત્યારે કંડલા ઊતરતો ને લોંચ કે સ્ટીમરમાંથી ઊતરી એક નાની નેરોગેજ રેલવેમાં બેસતો. ત્યારે ત્યાં પતરાંનાં છાપરાંનાં થોડાં ઘરો હતાં, પરબમાં પાણી પાનારી એક ડોશી હતી, એ સિવાય મુસાફર માટે કોઈ સુવિધા નહોતી. એક નાનો ક્યાંક તૂટેલો ફુડદો હતો. ચડતાં - ઊતરતાં ક્યારેક અકસ્માત થતા. પેસેન્જરો લોંચમાંથી આવે કે બેસે તે સમય બાદ આખો દિવસ અહીં સ્મશાનવત્ શાંતિ હતી. આજે મહાબંદર બ્રોડગેજથી જોડાયું છે. લિફ્ટવાળાં આલીશાન મકાનો, વિશાળ કારગો જેટી, માલ ચડઉતાર કરતી રશિયા - અમેરિકાની પ્રચંડ સ્ટીમરો જોવા મળે છે. જ્યાં વર્ષો પહેલાં ફાનસના ઝાંખા દીવા હતા, ત્યાં રોશનીનો ઝળહળાટ છે. આ બધું કેમ થયું ? કોને પહેલો વિચાર આવ્યો ? બીજ ક્યારે રોપાયું? કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આજથી સવા સદી પહેલાં સને ૧૮૫૧માં રોયલ નેવીએ કંડલાનો પહેલો દરિયાઈ સરવે કરેલો. કંડલા ભવિષ્યમાં સારું બંદર થઈ શકે તેવા અભ્યાસી વિચારનું બીજ રોપનારા એક અંગ્રેજ કેપ્ટન બેરી હતા. ૧૯૨૧ - ૨૨માં તેમણે વિગતવાર સરવે કર્યો. મહારાઓ ખેંગારજીને પણ યશ છે કે ૧૯૩૦માં તેમણે કંડલાને બંદર તરીકે ખીલવવા પસંદગી આપી. ૧૯૪૬માં પોર્ટ ટેકનિકલ કમિટીએ અભિપ્રાય આપ્યો કે મુંબઈ અને કરાચી વચ્ચે કચ્છના અખાતમાં એક બંદર જરૂરી છે અને તે માટે કંડલા જ યોગ્ય સ્થળ છે. પછી તો દેશના ભાગલા પડ્યા. કરાચી પાકિસ્તાનમાં જતાં ભારતના પશ્ચિમ કિનારે મહાબંદરની આવશ્યકતાને વેગ મળ્યો. આ અરસામાં જામનગરના જામસાહેબે કંડલા સામે જામનગર પાસે સિક્કા બંદરનો કેસ રજૂ કરી કંડલા કરતાં સિક્કા વધારે યોગ્ય છે તેમ જણાવી જોરદાર રજૂઆત કરી. કેન્દ્ર સરકારે અમદાવાદના પ્રતિભાશીલ ઉદ્યોગપતિ સ્વ. કસ્તૂરભાઈ લાલભાઈનાં અધ્યક્ષપદે વેસ્ટ કોસ્ટ મેજર પોર્ટ ડેવલપમેન્ટ કમિટી રચી. કંડલાને આખરી પસંદગીની ભલામણ કરતો આ રિપોર્ટ ૧૯૪૮ના અધવચમાં ભારત સરકાર સમક્ષ રજૂ થયો. પસંદગી કોના ઉપર ઊતરશે, કંડલા કે સિક્કા, એ પ્રશ્ન હતો. આ પ્રસંગ અંગે એક વજૂદવાળી વાત મેં સાંભળી છે, તે મારા કાનમાં ગૂંજે છે તેનો ઉલ્લેખ કરું. કંડલા માટે અથાગ શ્રમ લેનારા પહેલા ડેવલપમેન્ટ કમિશનર કે. કે. મીત્તરે કચ્છના એક સ્વ. અગ્રણીને કરેલી આ વાત છે. મીત્તરે કહ્યું, 'વેસ્ટ કોસ્ટ સમિતિના રિપોર્ટ ઉપરથી મહાબંદર કંડલા કે સિક્કા એ બેમાંથી કયું પસંદ કરવું તેને આખરી નિર્ણય સરદાર વલ્લભભાઈ પટેલ પર છોડાયો. દિલ્હીમાં અમને બોલાવવામાં આવ્યા સરદારને બંગલે. મારાં મનમાં શંકા કે આ ધોતિયાંવાળા આવી ટેકનિકલ બાબત અંગે ઊંડા ઊતરી કેમ શકે ?' સરદાર પાસે સિક્કાની પસંદગી માટે જામસાહેબના નિષ્ણાત પ્રતિનિધિએ કેસ મૂક્યો.

---

### સરદાર પટેલનું કહેવું હતું કે જો જૂનાગઢના નવાબ સામે પગલાં નહીં

# સરદાર પટેલની સિદ્ધિ 'ભારત જોડો'

## નોંધપાત્ર બાબત એ છે કે ભારતની સેનાના બ્રિટિશ કમાન્ડરોએ ડર બતાવ્યો કે લશ્કરી પગલાં લેવાય તો લડાઈ ફાટી નીકળશે - નેહરુ આવી રજૂઆત સાંભળીને ડગી ગયા,

રાહુલ ગાંધીએ 'ભારત જોડો' યાત્રા કરી, પણ એમણે ઈતિહાસ જાણવો જોઈએ. આઝાદી પછી 'ભારત જોડવા'નું ભગીરથ કાર્ય સરદાર વલ્લભભાઈ પટેલે કર્યું હતું અને આજે જે અખંડ ભારત છે, તે એમને આભારી છે. સરદાર પટેલે વોટ - સત્તા મેળવવા માટે નહીં, પણ અખંડ ભારતનાં નિર્માણ કરવા રાષ્ટ્રહિતની ભાવના હતી. ૫૬૨ રજવાડાં એક ભારતમાં વિલીન કર્યાં. આ માટે કળ અને બળ વાપર્યાં, ત્યારે પણ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીરમાં પણ ભારતીય સેના મોકલવાનો વિરોધ કર્યો હતો ! આજે બંગાળ, તામિલનાડુ જેવાં રાજ્યોમાં હિન્દીભાષાથી હિન્દુત્વનાં નામે અલગતાવાદ જગાવાય છે, ત્યારે 'ભારત જોડો' યાત્રા અખંડ ભારત માટે કે માત્ર સત્તા માટે ? એક રાષ્ટ્ર એક ચૂંટણીનો વિરોધ શા માટે ? બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલાં મતદારયાદીઓની ઘનિષ્ઠ ચકાસણી કરવાનો નિર્ણય લેવાયો, કારણ કે મતદારયાદીમાં મૃત મતદારોનાં નામ હોય, ડબલ નામ હોય તથા બાંગલાદેશથી ભારતમાં આવેલા ઘૂસણખોરો મતદાર બની ગયા હોય - આ નામ રદ થવાં જોઈએ. કોંગ્રેસ અને અન્ય પક્ષોએ વિરોધ કર્યો, બેફામ આક્ષેપ કર્યા, પણ આખરે મતદારોની નામાવલિને 'ગંગાસ્નાન' કરાવીને શુદ્ધ કરવામાં આવી. હવે અન્ય રાજ્યોમાં પણ આ પ્રક્રિયા શરૂ થઈ રહી છે, જે લોકતંત્રને સાર્થક બનાવવા માટે અનિવાર્ય છે. વિપક્ષોનો વિરોધ છે - બંગાળ અને તામિલનાડુ ઉપરાંત કર્ણાટક પણ વિરોધ કરે છે, કારણ કે એમને ડર છે કે 'વોટ બેન્ક' 'ઊઠી' જશે તો એમને સત્તા નહીં મળે ! વિરોધપક્ષોને બીજો ડર છે - મોદી 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' કરાવવા માગે છે, પણ મોદીની લોકપ્રિયતા જોતાં આખાં રાષ્ટ્રમાં 'એકચક્રી' શાસન સ્થપાઈ જાય. અલબત્ત, ૧૯૬૭ સુધી દેશભરમાં એકસાથે ચૂંટણી થતી હતી, પણ ઈન્દિરા ગાંધીએ આ પ્રથા તોડી અને દેશભરમાં ચૂંટણી ઉત્સવ શરૂ થયા ! પરિણામે નાણાં - ભ્રષ્ટાચાર અને જાતિવાદ શરૂ થયો. રાજકીય દૃષ્ટિએ અખંડ ભારતની ભાવના રહી નહીં. હવે નરેન્દ્ર મોદી ભારત એક રાષ્ટ્રની ભાવના જગાવી રહ્યા છે : રાજકીય હિત નહીં, રાષ્ટ્રહિત છે, ત્યારે આજે આપણે અખંડ ભારતના

નિર્માતા - ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરવા અને યાદ રાખવા જોઈએ. આઝાદી પછી એમણે દેશભરમાં જે ૫૬૨ રજવાડાં હતાં, તેમને કળ અને બળથી સમજાવીને ભારતમાં વિલીન કર્યાં, તે ઈતિહાસ આપણી નવી, યુવાપેઢીએ જાણવો જોઈએ. આ ભગીરથ કાર્યમાં સરદાર પટેલ સામે વડાપ્રધાન નેહરુને વિરોધ હતો તે હકીકત છે. આમ છતાં, સરદાર સફળ થયા. ઈતિહાસનાં આ પાનાં ફરીથી વાંચીએ : આ સમય છે : જો સરદાર સફળ થયા હોત નહીં તો ભારત છિન્નભિન્ન થઈ ગયું હોત...! સ્વાતંત્ર્ય મળી રહ્યું હતું ત્યારે દક્ષિણ ભારતમાં ત્રાવણકોર, હૈદરાબાદ, ભોપાલ, જૂનાગઢ અને છેલ્લે કાશ્મીર ઉપર પાકિસ્તાનની નજર અને દખલ હતી, પણ આ રાજ્યોના મુસ્લિમ શાસકોને કેવી રીતે સમજાવવા તે અંગે કોંગ્રેસના નેતાઓમાં મતભેદ હતા. 'આઝાદ' ત્રાવણકોરના દીવાને તો આવી જાહેરાત કરી દીધી હતી ત્યારે ગાંધીજીએ કહ્યું, 'સ્વતંત્ર ભારતના કરોડો લોકો સામે આ જંગની જાહેરાત છે.' નેહરુએ કહ્યું, 'આ રાજ્ય ભૂખે મરશે.' આવી ધમકી કારણસર હતી, વાજબી હતી, કારણ કે અન્ય રાજ્યો પણ 'આઝાદી' માગે એવી શક્યતા હતી. હકીકતમાં પાકિસ્તાનથી મહમ્મદ અલી ઝિણાએ તો ત્રાવણકોરના દીવાન ઐય્યરને તારસંદેશ મોકલીને ખાતરી આપી હતી કે અમે ત્રાવણકોરને 'માન્યતા' આપીશું. આ પછી સરદાર પટેલે એમના સચિવ વી. પી. મેનનને મોકલ્યા અને દીવાનને સમજાવ્યા કે તમારાં રાજ્યમાં સામ્યવાદીઓ પેદા થાય છે, તૈયાર થાય છે અને ૧૫મી ઓગસ્ટ પછી જો સામ્યવાદી વિદ્રોહ થશે તો નવી દિલ્હીથી કોઈ મદદ નહીં મળે. શેઠ દાલમિયા નામના ઉદ્યોગપતિએ સ્થાનિક કોંગ્રેસીઓને પાંચ લાખ રૂપિયા ગરબડ શરૂ કરવા માટે આપ્યા છે અને ઐય્યર જો જીદ નહીં છોડે તો એમના જાનનું જોખમ છે. સામ્યવાદીઓ તૈયાર થતા હોવાની સરદાર પટેલની ચેતવણી કેટલી સાચી હતી ! ભારતમાં ચૂંટણી થઈ ત્યારે સામ્યવાદી સરકાર સર્વપ્રથમ કેરળમાં ચૂંટાઈ હતી અને તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ ઈન્દિરા ગાંધીએ નેહરુને સલાહ આપીને નાંબુદ્રીપાદની સરકાર બરતરફ કરાવી હતી ! રાજવીઓ સામે નેહરુને તીવ્ર તિરસ્કાર હતો, ત્યારે ઘણા નેતાઓ રાજવીઓને મનાવી લેવાના મતના હતા. સરદાર પટેલે મધ્યમ માર્ગ અપનાવ્યો. રાજવીઓના અત્યાચારને સમર્થન આપવાનો પ્રશ્ન જ નથી, પણ પટિયાલા, ગ્વાલિયર જેવાં રાજ્યોને ભવ્ય ભૂતકાળની યાદ આપીને દેશપ્રેમ જગાવવા ઉપર ભાર મૂક્યો. કોંગ્રેસનાં નાગપુર અધિવેશનમાં ઠરાવ પસાર થયો કે રજવાડાંમાં આપણે દખલ કરવી નહીં. રાજકીય પ્રવૃત્તિ કરવી નહીં, પણ આ પછી ડાબેરી કોંગ્રેસ નેતા એન. વી. ગાડગિલે જબલપુરમાં ઠરાવ મૂક્યો કે દેશી રજવાડાંની રૈયતની આઝાદી લડતને ટેકો આપવો. ભોપાલના રાજવી હમીદુલ્લા ખાન મુસ્લિમ લીગ સાથે હતા અને હિન્દુ પ્રજાની બહુમતી હોવાથી ભવિષ્ય જોખમમાં હતું. એમણે જોધપુર અને ઈન્દોરને પાકિસ્તાન નજીક ખેંચવાના પ્રયાસ કર્યા. જૂન - ૧૯૪૭માં ત્રાવણકોર અને હૈદરાબાદ સાથે હાથ મિલાવીને આઝાદી જાહેર કરી. આ દરમિયાન જૂનાગઢના નવાબે પણ પાકિસ્તાનમાં ભળવાની જાહેરાત કરી. હૈદરાબાદ અને કાશ્મીરમાં પણ આઝાદીનાં નામે ભારત સામે 'બળવો' થયો. સરદાર પટેલ ભારતીય સેના મોકલવા માગતા હતા, પણ નેહરુ નામંજૂર હતા અને સરદાર પટેલને 'હાડોહાડ કોમવાદી' કહેતા હતા. ૧૯૪૭ના સપ્ટેમ્બરમાં નેહરુએ નાયબ વડાપ્રધાન પટેલને કહ્યું કે આ ભરતપુર અને અલ્વરના હિન્દુ મહારાજાઓને અંકુશમાં રાખો. અલ્વરમાં મિયાં મુસ્લિમ કોમની સમસ્યા હતી અને નેહરુ એમનો બચાવ કરતા હતા. નેહરુએ મુસ્લિમ ફરિયાદોની તપાસ કરવા માટે પોતાના ખાનગી સચિવ એચવીઆર આયંગરને મોકલ્યા ત્યારે પટેલે વિરોધ દર્શાવ્યો ખાનગી તપાસ થાય નહીં. હવે નેહરુ ગિન્નાયા અને મારી સ્વતંત્રતા ઉપર તમે નિયંત્રણ મૂકો છો એમ કહીને રાજીનામાંની ધમકી આપી, પણ પટેલે અલ્વરના મુસ્લિમોને પાકિસ્તાન મોકલવાની વ્યવસ્થા કરી. આ દરમિયાન જૂનાગઢના નવાબ મોહબ્બત ખાને પાકિસ્તાનમાં જોડાઈ જવાની, હૈદરાબાદના નિઝામે સ્વાતંત્ર્ય - આઝાદીની જાહેરાત કરી અને કાશ્મીર ઉપર પાકિસ્તાની તાયફાવાળાઓએ આક્રમણ કર્યું. આપણું લશ્કર મોકલવા નેહરુ તૈયાર નહોતા, તેથી સરદાર પટેલ ધૂંઆપૂંઆ હતા તો પણ નેહરુએ એમને કોમવાદી કહ્યા. હૈદરાબાદના નિઝામને પદભ્રષ્ટ કરવા સરદારે લશ્કર મોકલ્યું એટલે સરદાર 'કોમવાદી' બની ગયા !




# અક્ષયકુમારની ભાણી સિમર ભાટીયા 'ઇક્કિસ'માં ડેબ્યુ કરશે

## યુદ્ધની ફિલ્મમાં અગત્સ્ય નંદા સામે સિમર લીડ રોલમાં

ચંકી પાંડેના અને અજય દેવગનના ભત્રીજાના બોલિવૂડ ડેબ્યુ પછી હવે અક્ષય કુમારની ભત્રીજી સિમર ભાટીયા બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. તે અક્ષયની બહેન અલકા ભાટીયાની દિકરી છે, તે ધર્મેન્દ્ર અને અગત્સ્ય સાથે 'ઇક્કિસ'માં જોવા મળશે. તેના ડેબ્યુની ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા પણ છે.

અક્ષયની બહેન સિમર ભાટીયા અને તેનાં પહેલા પતિ વૈભવ કપૂરની દિકરી સિમરનો ઉછેર એક ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે મજબુત રીતે જોડાયેલા પરિવારમાં થયો છે. ત્યાર પછી તેની માતા અલકાએ રીઅલ એસ્ટેટના ઉદ્યોગપતિ સુરેન્દ્ર હિરાનંદાની સાથે ૨૦૧૨માં લગ્ન કરી લીધા હતા. સમૃદ્ધ પરિવારનો વારસો ધરાવતી હોવા છતાં સિમર ક્યારેય કોઈના ધ્યાનમાં આવી નથી અને હંમેશા લો પ્રોફાઈલ રહી છે. તેણે વિદેશમાં જ પોતાનું ઉચ્ચ શિક્ષણ લીધું છે, તેણે યૂએસમાં કેટલાક વર્ષો વિતાવ્યા છે, જયાંથી તેને ક્રિએટિવ આર્ટ્સમાં રસ વિકસ્યો.સિમરના ઈન્સ્ટાગ્રામ પરથી તે ફરવાની અને નવા સ્થળો જોવાની શોખીન હોવાનો અંદાજ આવે છે, જેમાં તેના વેકેશન અને કોલેજ લાઈફના ફોટો જોઈ શકાય છે. છતાં તે પોતાના પરિવાર અંગે ઘણી અંગત રહી છે. સિમર મેડોકની 'ઇક્કિસ'થી ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરી રહી છે. શ્રીરામ રાઘવને આ ફિલ્મ ડિરેક્ટ કરી છે, જેઓ પહેલાં 'અંધાધુંધ' અને 'બદલાપુર' જેવી લોકપ્રિય ફિલ્મો આપી ચુક્યા છે. આ ફિલ્મ સૌથી યુવાન પરમ વીર ચક્ર પ્રાપ્ત કરનાર યોદ્ધા અરુણ ખેતરપાલના જીવન પર આધારીત છે, જેમાં અગત્સ્ય નંદા અરુણ ખેતરપાલના રોલમાં, ધર્મેન્દ્ર અને જયદીપ આહલાવત પણ છે.



# અમે ક્યારેય હિન્દુ-મુસ્લિમનો વિવાદ ઊભો કરવા માગતા નહોતા : પરેશ રાવલ



પરેશ રાવલની ફિલ્મ 'ધ તાજ સ્ટોરી' ટૂંક સમયમાં રિલીઝ થઈ રહી છે, તે પહેલાં આ ફિલ્મના કારણે એક વિવાદ ખડો થયો છે. આ ફિલ્મની વિરુદ્ધમાં બે પાઆઈએલ થઈ છે. આ અરજીઓમાં ફિલ્મ પર પ્રતિબંધ અને સેન્સર બોર્ડ દ્વારા તેને અપાયેલા સર્ટિફિકેટ પર પુનઃવિચારણા કરવા માગ કરાઈ છે. આ અંગે મૌન તોડતાં હવે પરેશ રાવલે વિવાદ પર જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે આ ફિલ્મ કોઈ જ કોમવાદી વિચારધારાને પ્રોત્સાહન આપતી નથી.આ ફિલ્મને ભાજપના નેતાએ અયોધ્યામાં કાયદાકીય રીતે પડકારી છે, તેમનો દાવો છે કે તેમણે ૨૦૨૨માં હાઈ કોર્ટમાં કરેલી અરજીને આ ફિલ્મના વિષય તરીકે લેવામાં આવી છે. અન્ય એક પીઆઈએલમાં શકીલ અબ્બાસ દ્વારા માગણી કરવામાં આવી છે કે ફિલ્મને સેન્સર બોર્ડ દ્વારા આપવામાં આવેલા સર્ટિફિકેટ પર પુનઃવિચારણા કરવામાં આવે અને સર્ટિફિકેટમાં એવી ચેતાવણી મુકવામાં આવે કે 'આ ફિલ્મ વિવાદાસ્પદ વાર્તા સાથે કામ લે છે અને તે ચોક્કસ ઐતિહાસિક વર્ણન હોવાનો દાવો કરતી નથી.' જોકે, બુધવારે, દિલ્હી હાઈકોર્ટે આ ફિલ્મની અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં પરેશ રાવલ અને ઝાકીર હુસૈને આ વિવાદ અંગે ખુલાસો કરતા કહ્યું કે ફિલ્મ સઘન અભ્યાસના ધારે બની છે અને સમજને પ્રોત્સાહન આપે છે, ભાગલાને નહીં. પરેશ રાવલે કહ્યું, આ ફિલ્મમાં કશું જ હેંકી પેંકી નથી. તેમણે કહ્યું, "ડિરેક્ટર તુશારે ઘણું સારું રીસર્ચ કર્યું છે. તેમણે દરેક સ્ત્રોતનો પણ ઉલ્લેખ કર્યો હતો અને મેં પણ દરેક બાબતની જાણકાર મિત્રો સાથે ખાતરી કરી હતી. શરૂઆતથી જ અમે નક્કી કર્યું હતું કે આ ફિલ્મમાં કોઈ પ્રકારનો હિન્દુ-મુસ્લિમ વિખવાદ ન જોઈએ."આગળ પરેશ રાવલે જણાવ્યું કે ફિલ્મમાં તકેદારીપૂર્વક ધ્રુવીકરણ ટાળવાનો પ્રયત્ન થયો છે. તેમણે જણાવ્યું, "ફિલ્મમાં એક ડાયલોગ પણ છે, જેમાં એક પાત્ર બોલે છે, "ભાઈ, આ તમે પત્રકારો છો જે દરેક વાતને હિન્દુ-મુસ્લિમ બનાવી દે છે. અહીં કોઈ હિન્દી-મુસ્લિમ વિવાદ નથી. આ તો આપણા સહિયારા ઈતિહાસની ફિલ્મ છે."ફિલ્મમાં દર્શાવાયેલી આવી વધુ એક ઘટના અંગે પરેશ રાવલે કહ્યું, "જ્યારે કોઈ કહે છે, "આપણે આનું શું કરવું છે?" બીજો એક માણસ જવાબ આપે છે,

# પ્રખ્યાત RK સ્ટુડિયો રીલોન્ચ કરવા રનબીર પ્રોડ્યુસર બનશે

## રનબીર અયાન મુખરજી અને દીપિકા પાદુકોણ સાથે ફિલ્મ બનાવતો હોવાની ચર્ચા

પૃથ્વીરાજ કપૂર અને રાજ કપૂરના વારસાને આગળ વધારવા માટે રનબીર કપૂર પોતાના દિલથી નજીક છે એવું એક મિશન શરૂ કરી રહ્યો છે. તેના દાદા રાજ કપૂર દ્વારા શરૂ કરાયેલા આરકે સ્ટુડિયોને પુનર્જિવીત કરવા માટે તે આરકે સ્ટુડિયો ફરી શરુ કરવાનો પ્લાન કરી રહ્યો હોવાના અહેવાલો છે.

તે માત્ર ધંધાને ધ્યાનમાં રાખીને સ્ટુડિયો ફરી શરૂ કરવાને બદલે કપૂર પરિવારના વારસાને અંજલિ આપવા માગે છે. આરકે સ્ટુડિયોમાં રનબીર એવી ફિલ્મ પ્રોડ્યુસ કરવા માગે છે, આરકે સ્ટુડિયોના વારસાને આજના અવાજ સાથે જોડીને આજના ઓડિયન્સને ગમે તેવી ફિલ્મ બનાવી શકે. આ અંગેના અહેવાલોમાં એવું પણ કહેવાયું છે કે રનબીરનું આયોજન પાક્કા પાયે ચાલી રહ્યું છે, તેના માટે તે કેટલીક સ્ક્રિપ્ટ પર પણ કામ કરી રહ્યો છે અને તે ટૂંક સમયમાં તેનું શૂટિંગ શરુ કરવા માગે છે.

આ અહેવાલો મુજબ રનબીર કપૂરના આર કે સ્ટુડિયોના પુનર્જીવનના પ્લાન મુજબ તે સ્ટુડિયોની મુંબઈના એક જાણીતા ક્રિએટીવ હબ તરીકે પરી જાણીતો કરવા માગે છે, તેમાં ઓફિસ સાથે ઈન્ડસ્ટ્રીમાં વિવિધ ફિલ્મ મેકર્સ સાથે જોડાઈને સ્ક્રિનીગ થિએટર જેવી જગ્યા પણ શરૂ કરવા માગે છે. આ પહેલાં તેની ઈચ્છા તેના સ્વર્ગવાસી પિતા ઋષિ કપૂરનું પરિવારના સિનેમાના વારસાને આગળ વધારવાનું સપનું પૂરું કરવાની પણ છે. આ સાથે રનબીર ફિલ્મ ડિરેક્શનમાં પણ ડેબ્યુ કરવા માગે છે. સાથે જ આ પ્રોડક્શન હાઉસ ઈન્ડસ્ટ્રીના કેટલાક જાણીતા ફિલ્મ મેકર્સને ટેકો પણ આપશે, તેમાં દીપિકા પાદુકોણ અને અયાન મુખર્જી સાથે ફિલ્મ થઈ રહી




હોવાની પણ ચર્ચા છે.

આરકે સ્ટુડિયો શરૂ કરવો એ એક મોટી ઘટના ગણાશે, જેનાથી રાજ કપૂરની ફિલ્મોના ગોલ્ડન એરાને પણ એક શ્રદ્ધાંજલિ આપવા માગે છે. તેથી આજની પેઢીના ફિલ્મમેકર્સને મંચ આપવાનો વારસો આગળ ધપાવવા માગે છે. આ રીતે રનબીર કપૂરની ભૂમિકા પણ એક કલાકારથી આગળ વધીને ઈન્ડસ્ટ્રીના ભારતીય સિનેમાના સૌથી વધુ સચવાયેલા ખજાનાના વારસાના પહેરેદાર સમાન એક અગ્રણી તરીકે પણ સ્થાપિત થશે.

આરકે સ્ટુડિયોની સ્થાપના રાજ કપૂરે ૧૯૪૮માં કરી હતી. જેમણે કેટલીક અતિ લોકપ્રિય ફિલ્મોમાંની 'આવારા (૧૯૫૧)', 'બરસાત(૧૯૪૯)', 'મેરા નામ જોકર(૧૯૭૦)', 'બોબી(૧૯૭૩)', 'સત્યમ શિવમ સુંદરમ(૧૯૭૮)', 'પ્રેમ રોગ(૧૯૮૨)', 'રામ તેરી ગંગા મેલી(૧૯૮૫)' જેવી ફિલ્મ બનાવી હતી અને આ તેમની નિધન પહેલાની અંતિમ ફિલ્મ હતી.

આરકે ફિલ્મ્સની છેલ્લે રિલીઝ થયેલી ફિલ્મ ૧૯૯૯માં આવેલી 'આ અબ લૌટ ચલે' ફિલ્મ હતી, જે ઋષિ કપૂરે ડિરેક્ટ કરી હતી. ધીરે ધીરે ફિલ્મ

ઈન્ડસ્ટ્રીનું કેન્દ્ર મુંબઈથી ઉત્તરભારતના નાના ગામો સુધી વિસ્તરી જવાને કારણે આરકે સ્ટુડિયોની ફિલ્મો આવતી બંધ થઈ ગઈ. અંતે ૨૦૧૭માં એક રિયાલિટી શોના શૂટ દરમિયાન આરકે સ્ટુડિયોમાં આગ લાગી, તેણે આરકે સ્ટુડિયોને સૌથી મોટો આંચકો આપ્યો. તેના કારણે સ્ટુડિયોની જગ્યાને ઘણું નુકસાન થયું, ઘણા કિંમતી કોસ્ચ્યુમ્સ, યાદો સાથે ઘણું આગમાં ભસ્મ થઈ ગયું. તેની જાળવણીનો ખર્ચ પહોંચી વળાય તેમ ન હોવાથી અને તેને ફરી બનાવવાનો કોઈ મતલબ ન હોવાથી કપૂર પરિવારે આ સ્ટુડિયો વેંચવાનો નિર્ણય લીધો હતો. એક તરફ રણબીર અને આલિયાએ રાજ અને કૃષ્ણા રાજ કપૂરના બંગલામાં પોતાનો બંગલો બનાવ્યો છે અને તે દિવાળી પર આલિયા અને નીતુ કપૂર સાથે ત્યાં રહેવા ગયો છે, ત્યારે હવે આરકે સ્ટુડિયોને જીવંત કરવાનો વિચાર તેના મોટા આયોજનનો ભાગ હોવાની ચર્ચા છે.

# અગત્સ્યની 'ઇક્કિસ'નું ટ્રેલર જોઈને નાના અમિતાભ ભાવુક થયા

અમિતાભ બચ્ચનના દોહિત્ર અગત્સ્ય નંદાની ફિલ્મ 'ઇક્કિસ'નું ટ્રેલર લોંચ થયું છે, તે જોઈ તેના નાના અમિતાભ બચ્ચન ભાવુક થઈ ગયા છે, તેમણે એક ભાવુક પોસ્ટ લખી છે. પોતાના બ્લોગમાં અમિતાભ બચ્ચને લખ્યું છે કે, પહેલાં અગત્સ્ય નાનો હતો તો મારી દાઢી સાથે રમતો હતો અને હવે તે "થિએટરમાં દુનિયાભરમાં રમશે." તેમણે અમિતાભને શુભેચ્છાઓ પણ આપી કે, "તું પરિવારને ગૌરવ અપાવે એવી શુભેચ્છાઓ."અમિતાભ બચ્ચને બ્લોગમાં લખ્યું, "અગત્સ્ય! તું જન્મ્યો કે તરત જ મેં તને મારા હાથમાં ઉઠાવી લીધો હતો...થોડા મહિનાઓ પછી ફરી મેં તને હાથમાં લીધો અને તારી નાજુક આંગળીઓ મારી દાઢીથી રમવા ઉપર પહોંચી જતી હતી. આજે હવે તું દુનિયા ભરના થિએટરમાં રમીશ..."આગળ તેમણે લખ્યું, "તું ખાસ છે..તારા માટે મારી બધી જ પ્રાર્થનાઓ અને આશીર્વાદ..તું તારા કામથી ચમકે અને પરિવાર માટે ગૌરવ લઈને આવે."શ્રી રામ રાઘવનની યુદ્ધ આધારીત ફિલ્મ 'ઇક્કિસ'નું ટ્રેલર બુધવારે લોંચ થયું છે અને અગત્સ્ય નંદા તેમાં દેશના સૌથી નાની ઉમરના પરમ વીર ચક્ર પુરસ્કૃત સેકન્ડ સેફ્ટન્ટ અરુણ ખેતરપાલનો રોલ કરે છે. તેમણે માત્ર ૨૧ વર્ષની ઉંમરે ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ભાગ લીધો હતો. આ ટ્રેલરમાં આ યોદ્ધાના જીવનની ઝલક જોવા મળે છે, જેમાં તેમના નેશનલ ડિફેન્સ એકેડેમીના દિવસોથી લઈને તેમના દેશ માટેની દૃઢ નિશ્ચય અને હિંમતની વાત કરવામાં આવી છે. નિશ્ચયી અરુણનો રોલ કરતો અગત્સ્ય પોતાની રેજિમેન્ટ માટે પરમ વીર ચક્ર મેળવવાની પ્રતિજ્ઞા લે છે. આગળ ટ્રેલરમાં અરુણની એનડીએમાં સઘન તાલીમ જોવા મળે છે, ત્યાર પછી તે ભારત-પાકિસ્તાન યુદ્ધમાં જોડાય છે. આ ટ્રેલરની સાથે ફિલ્મમાં અગત્સ્ય અને સિમર ભાટીયા વચ્ચેની લવ સ્ટોરી પણ દર્શાવાઈ છે. આ ફિલ્મમાં ધર્મેન્દ્ર અરુણ ખેતરપાલના પિતાના રોલમાં જોવા મળશે જ્યારે જયદીપ આહલાવત પણ એક આર્મી ઓફિસરના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ દિનેશ વિજાન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે, ફિલ્મ ડિસેમ્બરમાં રિલીઝ થશે.


# ભણસાલીની 'લવ એન્ડ વોર'ની યશની 'ટોક્સિક' સામે પીછેહટ

## ભણસાળીની ફિલ્મનું ૪૦ દિવસનું શૂટ બાકી, ૧૪ ઓગસ્ટે રિલીઝ કરશે

પહેલાં એવા અહેવાલો આવ્યા કે યશની 'ટોક્સિક'ના પ્રોડ્યુસર્સે ફરી એક વખત કહ્યું છે કે તેમની ફિલ્મ માર્ચ ૨૦૨૬માં રિલીઝ થશે, એ વખતે ઈદ ૨૦૨૬નો લાભ લેવાનો તેમનો ઈરાદો છે. ત્યારે હવે કેટલાક એવા અહેવાલો છે કે તેની સામે ક્લેશથી બચવા માટે ભણસાલીએ તેમની આવનારી ફિલ્મની રિલીઝ પાછી ઠેલી છે. સુત્રોના જણાવ્યા અનુસાર ભણસાલીની 'લવ એન્ડ વૉર' ઈદ ૨૦૨૬ પર રિલીઝ થશે નહીં. પછી 'લવ એન્ડ વૉર' જૂનમાં રિલીઝ થવાની ચર્ચા હતી પરંતુ શનિવારે એવા અહેવાલો આવ્યા છે કે હવે આ ફિલ્મ ૧૩ ઓગસ્ટે રિલીઝ થશે.

સુત્રએ જણાવ્યું, "આ તો અમારા માટે આપત્તિમાં અવસર જેવી વાત છે, કારણકે આમ પણ બે પૅન ઈન્ડિયા ફિલ્મને એકસાથે રિલીઝ કરીનેક્લેશ કરવાનો કોઈ અર્થ નથી. આમ પણ લવ એન્ડ વૉર એના શીડ્યુલથી ઘણી પાછળ ચાલે છે તેથી અમે ૨૦૨૬ના પાછળના ભાગમાં ફિલ્મ રિલીઝ કરીશું. હજુ પણ ફિલ્મનું લગભગ ૭૫ દિવસનું શૂટ બાકી છે. તેથી સંજય લીલા ભણસાલીએ રનબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલને વિનંતિ કરી છે કે તેઓ ફિલ્મ પુરી કરવા માટે ૨૦૨૬ના ઉનાળામાં થોડી એકસાથે તારીખો ફાળવે."

સુત્રએ કહ્યું, "ફિલ્મ લગભગ ૪૦ દિવસ પાછળ ચાલે છે અને અમે વહેલામાં વહેલી જૂન ૨૦૨૬માં જ ફિલ્મ રિલીઝ કરી શકીએ એમ છીએ. રનબીર કપૂર અને સંજય લીલા ભણસાલી આગળ નક્કી કરશે, કે તેઓ કેટલી વહેલી ફિલ્મ રિલીઝ કરવા માગે છે અને તેઓ ઓફિશીયલી ફિલ્મ મોડી પડી હોવાની જાહેરાત કરશે."







નિતિશ તિવારીની રામાયણમાં ફિલ્મી પડદે રનબીર અને યશ વચ્ચે ટક્કર થાય તે પહેલાં જ તેમની અલગ અલગ ફિલ્મની ટક્કર ટાળી શકાશે. ઉલટું યશની ફિલ્મ ડીલે થઈ હોવાની વાત ખોટી છે, તેની ફિલ્મ તો સમયસર ચાલી રહી છે. તેની એક્શન રોમેન્સ ફિલ્મ તો માર્ચ ૨૦૨૬માં જ રિલીઝ થશે. તેની ફિલ્મના મેકર્સને પણ આત્મવિશ્વાસ છે, કે તેમની ફિલ્મ ચાલશે. આ એવી બહુ ઓછી ફિલ્મોમાંની છે, જે કન્નડા અને ઈંગ્લિશ બંનેમાં શૂટ થઈ રહી છે. 'લવ એન્ડ વૉર' જો ૧૪ ઓગસ્ટના વીકેન્ડમાં રિલીઝ થાય તો તેમને રજાઓનો સારો લાભ મળી શકે તેમ છે અને બોક્સ ઓફિસ પર અન્ય કોઈ મોટી રિલીઝ ન હોય તો તેમને ફાયદો થઈ શકે તેમ છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ ઓફિશીયલ જાહેરાત થઈ નથી.જો આ તારીખમાં ફિલ્મ રિલીઝ થાય તો સ્વાતંત્ર્ય દિવસ પર રિલીઝ થઈ રહેલી આ ભણસાલીની પહેલી ફિલ્મ હશે. જો આ પહેલાંના રેકોર્ડ્ઝની વાત કરવામાં આવે તો ૧૫ ઓગસ્ટ આસપાસ રિલીઝ થયેલી ફિલ્મ સફળ રહી છે, જેમકે, 'ગદર ૨' અને 'સ્ત્રી ૨'. સુત્રના જણાવ્યા અનુસાર, "અત્યાર સુધીમાં ૧૨૫ દિવસનું શૂટ થઈ ગયું છે. છતાં હજુ મોટો હિસ્સો શૂટ કરવાનો બાકી છે. ટૂંક સમયમાં ફિલ્મની ટીમ તરફથી નવી તારીખ અંગે જાહેરાત કરવામાં આવશે."મુંબઈમાં શૂટ પૂરું કરીને રનબીર કપૂર, આલિયા ભટ્ટ, વિકી કૌશલ, સંજય લીલા ભણસાલી અને તેમની ટીમ આગળના શૂટ માટે ઈટાલી જવા નીકળશે. જ્યાં સિસિલીમાં ફિલ્મના ક્લાઈમેક્સનું શૂટ કરવામાં આવશે.

# Women's Wrold Cup

# દીકરીઓએ ઇતિહાસ સર્જ્યો, ભારત ચેમ્પિયન

## ભારતીય મહિલા ટીમનો ક્રિકેટ વિશ્વમાં જયજયકારઃ પહેલી વાર આઇસીસી વર્લ્ડ કપ જીત્યો ફાઇનલમાં સાઉથ આફ્રિકાને પર રનથી હરાવ્યું શેફાલી વર્મા અને દીપ્તિ શર્માનો ઓલરાઉન્ડ દેખાવ

નવી મુંબઈઃ શેફાલી વર્મા અને દિપ્તી શર્મા સહિત ભારતીય વિમેન્સ ટીમની તમામ ખેલાડીના યોગદાનથી હરમનપ્રિત કૌરની ભારતીય ટીમે રવિવારે ચેમ્પિયનને છાજે તેવું પ્રદર્શન કરીને આઇસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ જીતી લીધો હતો. ભારતીય વિમેન્સ ટીમે આ સાથે પહેલી વાર આઇસીસીના કોઈ પણ ફોર્મેટમાં મેજર ટ્રોફી જીતી હતી. અગાઉ ભારતે બે વાર ફાઇનલમાં પહોંચ્યું હતું પરંતુ ટાઇટલથી વંચિત રહ્યું હતું પરંતુ આ વખતે ભારત વિમેન્સ ટીમે કોઈ કચાસ રાખી ન હતી એટલું જ નહીં પરંતુ સમગ્ર ટુર્નામેન્ટ અને ખાસ કરીને રવિવારની ફાઇનલમાં તેનો દબદબો રહ્યો હતો.

ભારત માટે શેફાલી વર્માએ ૮૭ રન ફટકારવા ઉપરાંત બોલિંગમાં પણ કમાલ કરી હતી તો દિપ્તી શર્માએ પણ અડધી સદી ફટકારવા ઉપરાંત સાઉથ આફ્રિકન કેપ્ટન અને સદી ફટકારનારી લૌરા વોલવાર્ડ સહિત પાંચ મહત્વની વિકેટો ખેરવી હતી.

રવિવારે રમાયેલી ફાઇનલમાં ભારતે પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૯૮ રન નોંધાવ્યા હતા જેના જવાબમાં સાઉથ આફ્રિકાએ સારી લડત આપી હતી પરંતુ અંતે તે ૪૫.૩ ઓવરમાં ૨૪૬ રન કરી શક્યું હતું. આમ ભારતનો બાવન રનથી વિજય થયો હતો.

સાઉથ આફ્રિકા સામેનો ૨૯૯ રનનો ટારગેટ માહોલ જોતાં આસાન ન હતો. ભારતીય ખેલાડીઓનો જોશ અને ઉત્સાહ અનેરો હતો. તેમાં ય તેમને નિયમિત અંતરે વિકેટો મળતી રહી હતી ભારતને પહેલી વિકેટ માટે દસમી ઓવર સુધી રાહ જોવી પડી હતી પરંતુ ૬૧ રનના કુલ સ્કોરે તાન્ઝિમ બ્રિટ્સ આઉટ થઈ પછી તરત જ એન્નેકે બોશ પણ આઉટ થઈ ગઈ હતી.

આવી જ રીતે શેફાલી વર્માએ ઉપરા ઉપરી બે ઓવરમાં મેરિઝાન કેપ અને સૂને લૂસને આઉટ કરીને ભારતને મેચમાં પરત લાવવામાં મદદ કરી હતી. શેફાલીએ આજે બેટ અને બોલ બંનેથી ટીમને યોગદાન આપ્યું હતું.

જોકે સાઉથ આફ્રિકન વિમેન્સ ટીમની કેપ્ટન લૌરા વોલવાર્ડ ભારત માટે સમસ્યારૂપ બની રહી હતી. અંતે તે ૯૮ બોલમાં ૧૧ ચોગ્ગા અને એક સિક્સર સાથે ૧૦૧ રન ફટકારીને દિપ્તી શર્માની બોલિંગમાં આઉટ થઈ તે સાથે ભારતના વિજયનો માર્ગ ખૂલી ગયો હતો.ભારતની ઈનિંગ્સનો પ્રારંભ મજબૂત રહ્યો હતો. સાઉથ આફ્રિકન ટીમની કેપ્ટન લૌરા વોલવાર્ડે ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ આપવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયને ખોટો પુરવાર કરીને ભારતને બે સર્વશ્રેષ્ઠ બેટર સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માએ પહેલી વિકેટ માટે સદીની ભાગીદારી નોંધાવી દીધી હતી.શેફાલીને આ વર્લ્ડ કપ માટેની ટીમમાંથી પડતી મુકાઈ હતી પરંતુ સેમિફાઇનલ સુધી શાનદાર ફોર્મ ધરાવતી પ્રતિકા રાવલ અંતિમ લીગ મેચમાં ગંભીર રીતે ઘાયલ થઈ અને તેને સ્થાને શેફાલીને ફરીથી ટીમમાં સામેલ કરાઈ હતી જેનો પૂરેપૂરો લાભ ઉઠાવીને શેફાલીએ પોતાના આગવી આક્રમક શૈલીથી બેટિંગ કરીને ૭૮ બોલમાં ૮૭ રન ફટકારી દીધા હતા. ૫૮ બોલમાં ૪૫ રન કરનારી મંધાના સાથે મળીને શેફાલીએ ૧૭.૪ ઓવરમાં ૧૦૪ રનની ભાગીદારી નોંધાવી હતી. વન-ડે ક્રિકેટમાં આ બંને વચ્ચે પહેલી વિકેટ માટે બીજી વાર સદીની ભાગીદારી જોવા મળી હતી.મંધાના ૧૮મી ઓવરમાં આઉટ થઈ ગઈ ત્યાર બાદ જેમિમાહ રોડ્રિગ્સ બેટિંગમાં આવી હતી. બે દિવસ અગાઉ આ જ મેદાન પર ઓસ્ટ્રેલિયા સામે યાદગાર સદી ફટકારીને ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયનને હરાવવામાં ભારતીય ટીમને મહત્વપૂર્ણ યોગદાન આપનારી જેમિમાહ આ મેચમાં પણ સારા ફોર્મમાં જણાતી હતી પરંતુ તે લાંબી ઈનિંગ્સ રમી શકી ન હતી. તેણે શેફાલી સાથે ૬૨ રન ઉમેર્યા હતા પરંતુ માત્ર ૨૪ રન કરી શકી હતી જ્યારે તેની પાસેથી આથી મોટા સ્કોરની અપેક્ષા હતી. ભારતીય વિમેન્સ ટીમની કેપ્ટન હરમનપ્રિત કૌર પણ ૨૦ રન કરીને આઉટ થઈ ગઈ હતી. જોકે મોખરાની બેટર આઉટ થઈ ગયા બાદ દિપ્તી શર્મા અને રિચા ઘોષે ટીમનો સ્કોર ૩૦૦ની નજીક પહોંચાડ્યો હતો. એક સમયે શેફાલી જે રીતે બેટિંગ કરી તેનાથી એક સમયે સાઉથ આફ્રિકન વિમેન્સ ટીમ તનાવમાં આવી ગઈ હતી તો ભારતનો સ્કોર આસાનીથી ૩૨૫થી ૩૫૦ પહોંચી જશે તેવી અટકળ શરૂ થઈ ગઈ હતી. જોકે આ તેની વિકેટ પડ્યા બાદ સાઉથ આફ્રિકન બોલર્સ અને ફિલ્ડર્સે વળતો પ્રહાર કર્યો હતો. આ તબક્કેથી ભારતે ઉપરા ઉપરી વિકેટો ગુમાવી હતી.ભારતનો અહીંથી ધબડકો થઈ શકે તેમ હતો ત્યારે અનુભવી ઓલરાઉન્ડર દિપ્તી શર્મા ટીમની મદદે આવી હતી. તેણે એક છેડો સાચવીને મજબૂત બેટિંગ કરી હતી. દિપ્તી શર્માએ ૧૨૧ વન-ડે મેચની તેની કારકિર્દીની ૧૮મી અડધી સદી નોંધાવતાં ૫૮ બોલમાં ૫૮ રન ફટકાર્યા હતા જેમાં સાત ચોગ્ગા અને એક સિક્સરનો સમાવેશ થતો હતો.દિપ્તીની માફક રિચા ઘોષે પણ તક મળી ત્યારે શાનદાર બેટિંગ કરી હતી. બંનેએ છઠ્ઠી વિકેટ માટે ૩૫ બોલમાં ૪૭ રન ઉમેરીને ટીમનો સ્કોર ૩૦૦ની નજીક પહોંચાડ્યો હતો. રિચા ઘોષે ૨૪ બોલમાં બે સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે ૩૪ રન ફટકાર્યા હતા.






## શેફાલી વર્મા અને દિપ્તી શર્માએ ભારતને સફળતાના શિખરે લાવી દીધું




### વિમેન્સ વર્લ્ડ કપમાં શેફાલી અને દિપ્તી બંનેના ઓલરાઉન્ડ પ્રદર્શનથી ભારતનો પર રનથી વિજય

શેફાલી વર્માએ આક્રમક બેટિંગ કરીને ભારતની સફળતાનો પાયો નાખ્યો પરંતુ ખરી કમાલ દિપ્તી શર્માએ કરી જેણે શાનદાર અડધી સદી ફટકાર્યા બાદ બોલિંગમાં તરખાટ મચાવીને પાંચ મહત્વની વિકેટો ખેરવતા ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમે રવિવારે ઈતિહાસ રચ્યો અને આઈસીસી વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ જીતી લીધો. સમગ્ર ટુર્નામેન્ટમાં પ્રશંસનીય પ્રદર્શન કરનારી હરમનપ્રિત કૌરની ટીમે રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં સાઉથ આફ્રિકા સામે બાવન રનથી વિજય હાંસલ કરીને પહેલી વાર આઈસીસી ટ્રોફી પોતાના નામે કરી દીધી હતી. અહીંના ડી. વાય. પાટિલ સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરતાં ભારતે ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૯૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં લૌરા વોલવાર્ડની લડાયક સદી છતાં સાઉથ આફ્રિકા ૪૫.૩ ઓવરમાં ૨૪૬ રન કરી શક્યું હતું. દિપ્તી શર્માએ અડધી સદી ફટકારવા ઉપરાંત પાંચ વિકેટ લીધી હતી.


મેચ જીતવા માટે ૨૯૯ રનના ટારગેટ સામે રમતી સાઉથ આફ્રિકન વિમેન્સ ટીમની ઈનિંગ્સનો આધાર કેપ્ટન લૌરા વોલવાર્ડ પર રહ્યો હતો. તેણે એકલા હાથે ઈનિંગ્સ સજાવી હતી અને ભારતની તમામ બોલર્સનો એકગ્રતાથી સામનો કર્યો હતો. વર્તમાન વિમેન્સ ક્રિકેટમાં જે રીતે બેટિંગ થઈ રહી છે તે જોતાં આ ટારગેટ પહાડ સમાન ન હતો પરંતુ સાઉથ આફ્રિકન ટીમ પર ભારે દબાણ હતું. ભારતીય ખેલાડીઓનો જોશ અને ઉત્સાહ અનેરો હતો. તેમાં ય તેમને નિયમિત અંતરે વિકેટો મળતી રહી હતી ભારતને પહેલી વિકેટ માટે દસમી ઓવર સુધી રાહ જોવી પડી હતી પરંતુ ૬૧ રનના કુલ સ્કોરે તાન્ઝિમ બ્રિટ્સ આઉટ થઈ પછી તરત જ એન્નેકે બોશ પણ આઉટ થઈ ગઈ હતી.

આવી જ રીતે શેફાલી વર્માએ ઉપરા ઉપરી બે ઓવરમાં મેરિઝાન કેપ અને સૂને લૂસને આઉટ કરીને ભારતને મેચમાં પરત લાવવામાં મદદ કરી હતી. શેફાલીએ આજે બેટ અને બોલ બંનેથી ટીમને યોગદાન આપ્યું હતું. આમ છતાં લૌરા વોલવાર્ડ ભારત માટે સમસ્યારૂપ બની રહી હતી. તેણે છેક સુધી લડત આપીને ૯૮ બોલમાં ૧૧ ચોગ્ગા અને એક સિક્સર સાથે ૧૦૧ રન ફટકાર્યા હતા. વોલવાર્ડ આઉટ થઈ તે સાથે સાઉથ આફ્રિકાની લડત સમાપ્ત થઈ ગઈ હતી.

અગાઉ સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલને સ્થાને ટીમમાં પુનરાગમન કરનારી શેફાલી વર્માએ ભારત માટે શાનદાર શરૂઆત કરી હતી. મંધાનાએ તેની ઝળહળતી કારકિર્દીમાં વધુ એક વાર પહેલી વિકેટ માટે સદીની ભાગીદારી નોંધાવી હતી. મંધાના અને શેફાલીએ અગાઉ પણ આ રીતે ભારતને શરૂઆત અપાવી હતી પરંતુ વર્લ્ડ કપની ફાઈનલ જેવી મેચમાં આ બંને જે રીતે રમી તે લાજવાબ હતું.

# સાતમાંથી છ મેચ હારતાં લીગ કપમાંથી લિવરપુલ બહાર

## આ સિઝનમાં ત્રીજી વખત ક્રિસ્ટલ પેલેસે લિવરપુલને પરાજય આપ્યો



વર્તમાન ફૂટબોલ સિઝનમાં લિવરપુલનું સતત કંગાળ પ્રદર્શન જારી રહ્યું છે. એનફિલ્ડ ખાતે રમાયેલી મેચમાં ક્રિસ્ટલ પેલેસ સામે ૩-૦થી હરાવીને લિવરપુલની ટીમ લીગ કપ ફૂટબોલમાંથી બહાર થઈ ગઈ હતી. લિવરપુલ તેની છેલ્લી સાત મેચમાં છઠ્ઠી મેચમાં હારી છે. આ સિઝનમાં ત્રીજી વખત ક્રિસ્ટલ પેલેસે લિવરપુલને પરાજય આપ્યો છે. આ અગાઉ ક્રિસ્ટલ પેલેસે કમ્યુનિટી શિલ્ડ અને ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલમાં વિજય મેળવ્યો હતો.

અન્ય મુકાબલામાં માન્ચેસ્ટર સિટી, આર્સેનલ, ચેલ્સી તથા ન્યૂ કાસલ યુનાઈટેડે પણ પોતપોતાની મેચો જીતીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ક્રિસ્ટલ પેલેસ માટે ઈસ્માઈલા સારે પ્રથમ હાફમાં બે ગોલ નોંધાવીને ટીમને ૨-૦ની સરસાઈ અપાવી હતી. મેચની ૪૧મી મિનિટે ગોમેજની ભૂલનો ફાયદો ઉઠાવીને ઈસ્માઈલાએ પ્રથમ ગોલ નોંધાવ્યો હતો. મેચના અંત ભાગમાં ડિફેન્ડર એમેરો નાલોને રેડ કાર્ડ મળતા લિવરપુલની ટીમને દસ ખેલાડી સાથે રમવાની ફરજ પડી હતી. યેરમી પિનોએ ૮૮મી મિનિટે ત્રીજો ગોલ કરીને ટીમનો એક તરફી વિજય નિશ્ચિત કર્યો હતો.

લીગ કપમાં માન્ચેસ્ટર સિટીએ સ્વાન્સીને ૩-૧થી, કાર્ડિફ સિટીએ વેરહામને ૨-૧થી, આર્સેનલે બાઈટનને ૨-૦થી તથા ચેલ્સીએ વુલ્વાસને ૪-૩ના સ્કોરથી હરાવીને પોતાનું અભિયાન જારી રાખ્યું હતું. બેન્ટફોર્ડે ગ્રિમ્સ ટાઉનને ૫-૦ના મોટા માર્જીનથી હરાવ્યું હતું. ફુલહામ અને વાયકોમ્બનો મુકાબલો ૧-૧થી ડ્રો થયો હતો પરંતુ પેનલ્ટી શૂટઆઉટમાં ફુલહામે ૫-૪ના સ્કોરથી વિજય મેળવ્યો હતો.

# બે દાયકાની કારકિર્દીને અંતે ટેનિસ સ્ટાર રોહન બોપન્નાની નિવૃત્તિ

## ૪૩ વર્ષની વયે ફાઇનલ રમીને વયસ્ક પ્લેયરની સિદ્ધિ, બે ગ્રાન્ડસ્લેમનો વિજેતા હતો

ભારતના અનુભવી ટેનિસ ખેલાડી તથા બે વખતના ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન રોહન બોપન્નાએ શનિવારે પ્રોફેશનલ ટેનિસમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ સાથે એટીપી ટૂર ટેનિસમાં બોપન્નાની બે દાયકાની લાંબી કારકિર્દીનો પણ અંત આવી ગયો હતો.



૪૫ વર્ષીય બોપન્નાએ પેરિસ માસ્ટર્સમાં પોતાનો છેલ્લો મુકાબલો રમ્યો હતો. તે કઝાકસ્તાનના એલેક્ઝાન્ડર બુબ્લિક સાથે પ્રથમ રાઉન્ડમાં હારી ગયો હતો. કર્ણાટકના કૂર્ગના નિવાસી રોહન બોપન્નાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જાહેર કર્યું હતું કે આ અલવિદા છે પરંતુ અંત નથી. પ્રોફેશનલ ટેનિસમાંથી વિદાય લઈ રહ્યો છે. જે બાબતે તમને જીવનમાં તમામ આપ્યું હોય તેમાંથી તમે કેવી રીતે વિદાય લઈ શકો છો. કોફીના બગીચાની વચ્ચે દોડતી વખતે વિશ્વના સૌથી મોટા કોર્ટ ઉપર રમવાનું સેવેલું સ્વપ્ન સાકાર થયું છે. રોહન બોપન્નાએ આ અંગે પોતાના માતા-પિતા, પત્ની સુપ્રિયા, બહેન રશ્મિ તથા પુત્રી ત્રિધાનો આભાર વ્યક્ત કરીને લખ્યું હતું કે પ્રત્યેક મેચ તમારા માટે હતી. વિનમ્રતા અને સાહસ અસલી વિજય છે.

બોપન્નાએ ૨૦૧૭ના ફ્રેન્ચ ઓપનમાં ગેબ્રિયેલા ડાબ્રોવસ્કી સાથે મિક્સ ડબલ્સનો તથા ૨૦૨૪માં મેથ્યૂ એબડન સાથે ઓસ્ટ્રેલિયન ઓપન મેન્સ ડબલ્સનો ગ્રાન્ડસ્લેમ તાજ જીતીને ઈતિહાસ રચ્યો હતો.

# કેન વિલિયમસને ટી-૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ લીધો

## ટેસ્ટ-વનડે રમશે; કહ્યું- સંપૂર્ણ ધ્યાન ટેસ્ટ ક્રિકેટ અને પરિવાર પર રહેશે

ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન કેન વિલિયમસને ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે, પરંતુ તે ટેસ્ટ અને વનડે ફોર્મેટમાં રમવાનું ચાલુ રાખશે.

વિલિયમસને કહ્યું કે તેમનું ધ્યાન હવે ટેસ્ટ ક્રિકેટ અને તેમના પરિવાર પર રહેશે. વિલિયમસન ડિસેમ્બરમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રણ મેચની ટેસ્ટ સીરીઝ માટે મેદાનમાં પરત ફરશે.વિલિયમસને છેલ્લે ગયા વર્ષે T૨૦ વર્લ્ડ કપમાં T-20 ઈન્ટરનેશનલ મેચ રમી હતી. તેણે ૨૦૧૧માં ન્યુઝીલેન્ડ માટે આ ફોર્મેટમાં ડેબ્યૂ કર્યું હતું અને 93 T-20 મેચોમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે, જેમાંથી ૭૫ મેચોમાં તેણે કેપ્ટનશીપ કરી છે.વિલિયમસને કહ્યું, આ કંઈક એવું છે જેનો હું લાંબા સમયથી ભાગ રહ્યો છું, અને હું તે યાદો અને અનુભવો માટે ખૂબ આભારી છું. મારા અને ટીમ માટે આ યોગ્ય સમય છે. આ ટીમને આગામી સીરીઝ અને તેમના આગામી મોટા ફોક્સઃ T20 વર્લ્ડ કપ માટે સ્પષ્ટતા આપશે. ટીમમાં ઘણું ટેલેન્ટ છે, અને આ ખેલાડીઓને આગળ લાવવા અને તેમને વર્લ્ડ કપ માટે તૈયાર કરવા મહત્વપૂર્ણ રહેશે.



# ગુજરાતમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનું વિતરણ શરૂ

## ૭૫ લાખથી વધુ કુટુંબોને વિનામૂલ્યે અનાજ અને રાહતદરે આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ

નવસારી, તા.૩

ગુજરાત રાજ્યમાં માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મિશનથી પ્રેરિત થઈને, માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલ સરકારનાં માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત હાલ રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (NFSA) હેઠળ નોંધાયેલ રેશનકાર્ડ લાભાર્થીઓને આવશ્યક ચીજવસ્તુઓનો લાભ મળી રહ્યો છે.

જે અંતર્ગત ઘઉં અને ચોખાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે તથા રેશનકાર્ડ લાભાર્થીઓને પ્રોટીનસભર ગુણવત્તાયુક્ત આવશ્યક ચીજવસ્તુઓ – જેમ કે તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠું –નો લાભ રાહતદરે સુનિશ્ચિતપણે મળી રહે તે બાબતે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.રાજ્ય સરકારની યોજના હેઠળ તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠા સાથે જન્માષ્ટમી તથા દિવાળી જેવા તહેવારો દરમ્યાન સીંગતેલ અને વધારાની ખાંડનું વિતરણ પણ રાહતદરે કરવામાં આવે છે, જે સમગ્ર દેશમાં ફક્ત ગુજરાત રાજ્યમાં અમલમાં છે. માહે નવેમ્બર-૨૦૨૫ માસ માટેના આગોતરા આયોજનના ભાગરૂપે ૭૫ લાખથી વધુ કુટુંબો, એટલે કે ૩.૨૫ કરોડ જેટલી જનસંખ્યા માટે આવશ્યક ચીજવસ્તુઓની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત ઘઉં તથા ચોખાનું વિનામૂલ્યે વિતરણ તેમજ રાજ્ય સરકારની યોજના હેઠળ તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાનું રાહતદરે વિતરણ થશે. રાજ્ય સરકાર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે કે અંત્યોદય (AAY) તથા PHH /NFSA લાભાર્થીઓ આવશ્યક ચીજવસ્તુઓના લાભથી વંચિત ન રહે. આ હેતુસર વિતરણ પ્રક્રિયા ૧લી નવેમ્બરથી રાજ્યભરમાં આરંભ થનાર છે. વાજબી ભાવની દુકાનદારોની પોષણક્ષમતા જળવાઈ રહે તે હેતુસર રાજ્ય સરકાર દર મહિને રૂ.૨૦,૦૦૦ની મિનિમમ કમિશન રકમ નિયમિતપણે ચુકવે છે, જેના માટેનો સમગ્ર ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે. સમગ્ર દેશમાં ફક્ત ગુજરાત રાજ્યમાં જ આવી સુવિધા ઉપલબ્ધ છે.વાજબી ભાવની દુકાનદારોને મળતી વિવિધ કમિશનની રકમનું ચુકવણું દર માસે નિયમિતપણે કરવામાં આવે છે અને સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીના તમામ ચુકવણાં પૂર્ણ કરાયા છે. તેમજ વન નેશન વન રેશનકાર્ડ યોજના અંતર્ગત અત્યાર સુધી ૧ કરોડથી વધુ લાભાર્થીઓએ ગુજરાત સહિત દેશભરના અન્ય રાજ્યોમાં પોતાની બાયોમેટ્રિક ઓળખના આધારે અનાજનો લાભ મેળવ્યો છે, જેમાં ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યું છે.



**શિહોર તાલુકા લેઉવા પટેલ સમાજ આયોજિત ૩૧માં ભવ્યાતિભવ્ય સમૂહ લગ્ન સમારોહમાં શબ્દ સારથિ જીતુ મકવાણાનું કમીટી મેમ્બર્સ દ્વારા સન્માન કરવામાં આવ્યું.**

# કાર્તિક પૂનમે દેવદિવાળીનો રૂડો અવસર

અત્રે સુરત મુકામે ભાગળ સ્થિત જૂના અંબાજી રોડ ખાતે આવેલ પ્રાચીન શ્રી અંબાજી માતા મંદિરનાં સોલ ટ્રસ્ટી અને ૧૭ માં ગાદીપતિશ્રી મહર્ષિ વિપુલ અંબાજીવાળા(મહંત)એ સર્વે ભક્તજનોને શુભ દેવદિવાળી નિમિતે હાર્દિક શુભેચ્છા પાઠવી જણાવ્યું છે કે,હિન્દુ ધર્મમાં, દેવ દિવાળીનો તહેવાર કાર્તિક મહિનાની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. તે દિવાળીના પંદર દિવસ પછી ઉજવવામાં આવે છે, જે કાર્તિક મહિનાની અમાસના દિવસે ઉજવવામાં આવે છે. આ વખતે, તારીખ અંગે થોડી મૂંઝવણ છે. દેવ દિવાળીને દેવતાઓની દિવાળી કહેવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, આ દિવસે, દેવતાઓ કાશી નગરીમાં ઉતરે છે અને દીવા પ્રગટાવીને દિવાળી ઉજવે છે.

આ દિવસે દીવા પ્રગટાવવા અને પૂજા કરવાનું વિશેષ મહત્વ માનવામાં આવે છે, જે સુખ, સમૃદ્ધિ અને મુક્તિનો માર્ગ મોકળો કરે છે. ચાલો જાણીએ કે આ વર્ષે દેવ દિવાળી ક્યારે ઉજવવામાં આવશે. આપણે તારીખના આધારે શુભ સમય અને આ દિવસે દીવા પ્રગટાવવાનું મહત્વ પણ શીખીશું.

**દેવ દિવાળી ૨૦૨૫ઃ તારીખ અને શુભ મુહૂર્ત!ઃ**

હિન્દુ કેલેન્ડર મુજબ, કાર્તિક મહિનાની પૂર્ણિમાની તિથિ ૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રાત્રે ૧૦:૩૬ વાગ્યે શરૂ થશે અને ૫ નવેમ્બરના રોજ સાંજે ૬:૪૮ વાગ્યે સમાપ્ત થશે. તારીખ મુજબ, દેવ દિવાળી ૫ નવેમ્બર, ૨૦૨૫ બુધવારના રોજ ઉજવવામાં આવશે.

આ પવિત્ર દિવસે પૂજા માટેનો શુભ સમય સાંજે ૫:૧૫ થી ૭:૫૦ વાગ્યા સુધીનો રહેશે. આ સમય દરમિયાન ભગવાન શિવ, વિષ્ણુ અને માતા ગંગાની પૂજા કરવી ખૂબ જ શુભ અને ફળદાયી માનવામાં આવે છે.

**દેવ દિવાળીનું ધાર્મિક મહત્વ!**

દેવ દિવાળી ભગવાન શિવના રાક્ષસો પરના વિજય સાથે સીધી રીતે સંબંધિત છે. પૌરાણિક કથાઓ અનુસાર, આ જ દિવસે ભગવાન શિવે ત્રિપુરાસુર રાક્ષસનો વધ કર્યો હતો. આ વિજયની યાદમાં, દેવતાઓ કાશીમાં દીવા પ્રગટાવીને ઉજવણી કરતા હતા. ત્યારથી, તેને દેવ દિવાળી કહેવામાં આવે છે. વધુમાં, આ દિવસ ભગવાન વિષ્ણુના મત્સ્ય અવતારમાં પ્રગટ થવા સાથે પણ સંકળાયેલ છે. આ શુભ પ્રસંગે દીવા પ્રગટાવવાથી ઘરમાં સકારાત્મક ઉર્જા, સૌભાગ્ય અને સમૃદ્ધિ આવે છે.

**દેવ દિવાળીનો આધ્યાત્મિક સંદેશ!ઃ**

દેવ દિવાળી ફક્ત પ્રકાશનો તહેવાર નથી, પરંતુ અંધકાર પર પ્રકાશ, નકારાત્મકતા પર સકારાત્મકતા અને અહંકાર પર આસ્થાની વિજયનું પ્રતીક છે. આ દિવસે દીવા પ્રગટાવવાથી જીવનમાં નવી દિશા, આંતરિક શાંતિ અને દૈવી કૃપા આવે છે.

**દેવ દિવાળી પર દીવા પ્રગટાવવાનું વિશેષ મહત્વ!ઃ**

દેવ દિવાળી પર દીવા પ્રગટાવવાનું ખૂબ જ પુણ્ય માનવામાં આવે છે. આ દિવસે, પહેલા ઘરના મંદિરમાં દીવો પ્રગટાવો અને ભગવાનના આશીર્વાદ મેળવો. આ પછી, ભગવાન શિવ અને વિષ્ણુના મંદિરોમાં દીવા પ્રગટાવો! ગંગા નદીના કિનારે અથવા કોઈપણ પવિત્ર જળસ્ત્રોત પર દીવા પ્રગટાવવાથી વિશેષ પુણ્ય મળે છે!ઃ પીપળાના ઝાડ નીચે અથવા તમારા ગુરુ કે બ્રાહ્મણના ઘરે દીવો પ્રગટાવવાથી જ્ઞાન અને સૌભાગ્યમાં વધારો થાય છે!ઃ

**શુભ દેવ દિવાળી માટે પૂજા વિધિ!ઃ**

- સૌપ્રથમ, સવારે સ્નાન કરો. જો નદી સ્નાન શક્ય ન હોય તો, ગંગા જળ મિશ્રિત પાણીથી સ્નાન કરો.
- ઘરમાં ગંગા જળ છાંટો અને પૂજા સ્થળ સાફ કરો.
- સાંજે ભગવાન શિવ, માતા ગંગા અને ભગવાન વિષ્ણુની પૂજા કરો.
- ઘીના દીવા પ્રગટાવીને આંગણામાં, મંદિરમાં અને ઘરના દરેક ખૂણામાં મૂકો.
- ભગવાન શિવને પાણી, દૂધ, બેલના પાન અને ફળો અર્પણ કરો.
- ભગવાન વિષ્ણુને કેળા અને તુલસીના પાન અર્પણ કરો.
- આ દિવસે શિવ ચાલીસાનો પાઠ કરો અને આરતી કરો.
- પ્રદોષ સમયગાળા દરમિયાન ઘરના પ્રવેશદ્વાર અને અગાશી પર દીવા પ્રગટાવીને દિવાળી જેવું વાતાવરણ બનાવો.

અંતે, શુભ દેવદિવાળી નિમિતે દેવી દેવતાઓની કૃપા / આશીર્વાદ સર્વેને ફળે અને મનોકામના સિધ્ધ થાય તેવી હાર્દિક શુભેચ્છા મહર્ષિ અંબાજીવાળા (૭૯૯૦૮૧૦૧૨૪)એ એક અખબારી હેવાલથી પાઠવેલ છે! જયમાતાજી!

**(મહર્ષિ અંબાજીવાળા - શ્રી અંબાજી માતા મંદિર, ૯/૧૧૩૨,અંબાજી રોડ, સુરત ૭૯૯૦૮૧૦૧૨૪)**

### મલેશિયામાં યુપીઆઈને નમસ્કાર

# રેઝર-પે કર્લેકે એનપીસીઆઇ ઇન્ટરનેશનલ સાથે જોડાણ કર્યું

સુરત, તા.૩

ભારતની ડિજિટલ પેમેન્ટ ઈનોવેશન રેઝરપે ભારતની અગ્રણી ઓમનીચેનલ પેમેન્ટ્સ અને બેન્કિંગ પ્લેટફોર્મ ફોર બિઝનેસને આગળ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે એનપીસીઆઇ ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ (એનઆઈપીએલ) સાથે ભાગીદારીમાં તેની એન્ટિટી કર્લેક દ્વારા મલેશિયામાં યુપીઆઈ પેમેન્ટ્સ માટે માર્ગ મોકળો કરનાર પ્રથમ ભારતીય પેમેન્ટ ગેટવે બન્યું છે. તાજેતરના ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૫માં એન.આઈ.પી.એલ. સાથેની આ ભાગીદારીને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું છે, જે માત્ર રેઝરપેના ગ્લોબલ ફૂટપ્રિન્ટને જ મજબૂત નથી કરતું, પરંતુ સરહદની બહાર યુપીઆઈની સ્વીકાર્યતાને પણ વિસ્તૃત કરે છે. આ એકીકરણ લાખો ભારતીય પ્રવાસીઓને તેમની પસંદગીની યુપીઆઈ એપ્સનો ઉપયોગ કરીને સ્થાનિક મલેશિયન વ્યવસાયોને તાત્કાલિક સુરક્ષિત ચૂકવણી કરવાની મંજૂરી આપશે, જે સીમલેસ ક્રોસ-બોર્ડર વ્યવહારોના નવા યુગની શરૂઆત કરશે. વર્ષ ૨૦૨૪માં ૧૦ લાખથી વધુ ભારતીય પ્રવાસીઓએ મલેશિયાની મુલાકાત લીધી હતી અને ૧૧૦ અબજ ડોલરથી વધુ ખર્ચ કર્યા હતા, જે અગાઉના વર્ષની સરખામણીએ ૭૧.૭ ટકાનો વધારો દર્શાવે છે, જે રિજનલ ટ્રાવેલ અને ઈકોનોમિ એક્ટિવિટીના મુખ્ય ચાલક તરીકે ભારતના વધતા પ્રભાવને દર્શાવે છે.

# સુરતી મોઢ વણીક યુવક મંડળની જનજાગૃતિથી વધુ ચાર ચક્ષદાન

## ચક્ષુદાતાના પરિવારોને ત્રણ સ્વીકાર પત્રો અપાયા

સુરત, તા.૩

માનવીય અભિગમ કેળવી સેવા કાર્ય કરતું સુ મો વ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ ની જનજાગૃતિ ને કારણે વધુ ચાર ચક્ષદાન લાભ પાંચમ ના દિવસે પ્રાપ્ત થયા છે. (૧)સદગત ચક્ષુદાતા સાધનાબેન જગદીશચંદ્ર શાહ (ઉંમર વર્ષ ૬૫) રહેવાસીઃ-- બી/ ૫, દેના સ્મૃતિ હાઉસિંગ સોસાયટી, ટીમલીયાવાડ નાનપરા, સુરત (૨) ચક્ષુદાતા સદ. પદમાબેન વેણીલાલ આસમાની (ઉંમર ૬૫ ( રહે બી -૩/૨૦૪, મેઘા પાર્ક એપાર્ટમેન્ટ , રઘુવીર બંગલોસ પાસે, સિટી લાઈટ રોડ,સુરત. બંને સદગત ના ચક્ષુદાન તા. ૨૬ /૧૦ /૨૫ , લાભ પાંચમ નો દિવસ ચક્ષુદાનની સેવામાં શ્રી સુરતી મોઢ વણિક અડાજન રાંદેર રોડ યુવક મંડળના હરીશ પીપવાળા, પરેશ ભાટિયા, પંકજ માજરાવાળા, વસંત ગોળવાળા,



દિપક અનાજ વાળા સાથે લોકદષ્ટિ બેંકના ડો. હરે ક્રિષ્ના શિરોયા એ સેવા આપી હતી. ચક્ષુદાન સ્વીકાર્યા પછી સદગત ની આત્માને શાંતિ પ્રાપ્ત થાય તે માટે સામૂહિક પ્રાર્થના કરી સદગતના સ્નેહજનને ચક્ષુદાન કરવા/ કરાવવા બદલ ઋણ સ્વીકાર પત્ર સ્થળ પર અર્પણ કરવામાં આવ્યું ચક્ષુદાન અને દેહદાનને વિનામૂલ્યની સેવાઓ માટે નીચે પૈકીના કોઈપણ એક સભ્યને ટેલીફોનિક સંપર્ક કરી સરળતાથી ચક્ષુદાન/ દેહદાન સરળતા થી કરી શકાય છે. પરેશ ભાટિયા ૭૯૯૦૧ ૧૫૧૭૦ પંકજ માંજરાવાળા ૯૯૭૯૫ ૨૮૧૪૭ વસંત ગોળવાળા ૯૮૨૫૧ ૧૫૩૮૮ હરીશ પીપવાળા ૯૮૨૫૧ ૧૬૮૧૭ દીપક અનાજવાળા ૯૩૭૭૭ ૦૬૭૩૯.



**ગઈકાલે રવિવારે ઢળતી સાંજે ઘરે-ઘરે તુલસી વિવાહના પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી. એડવોકેટ પી.ટી. રાણાના ઘરે પણ પરંપરાગત ધાર્મિક વિધિ દ્વારા ભગવાન વિષ્ણુ સાથે તુલસી વિવાહની ઉજવણી શ્રધ્ધાપૂર્વક કરવામાં આવી હતી.**

# અદાણી ફાઉન્ડેશન દ્વારા નેત્ર શિબિરમાં ૧૧૨૪ દર્દીની સારવાર

## આંખ ચકાસણી કેમ્પથી સુરત જિલ્લાના ગ્રામ્ય સમુદાયને મળી નવી દ્રષ્ટિ




સુરત, તા.૩

એક સર્વે મુજબ ભારતના ૬૨ ટકા અંધત્વના કેસમાં સારવાર ન કરાયેલ મોતીયા કારણભૂત છે એવું જણાયું છે. ગ્રામ્ય ભારતમાં આ પ્રમાણ વધુ છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા SVNM (સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર) હોસ્પિટલના સહયોગથી છેલ્લા કેટલાંક વર્ષોથી સુરત જિલ્લાના ગ્રામીણ વિસ્તારના ૧૦ ગામોમાં આંખ ચકાસણી અને સારવાર કેમ્પ યોજી વિસ્તારના લોકોમાં દ્રષ્ટિની ખામીને અટકાવવા માટે સારવારની પ્રાથમિકતા વધારવામાં આવી રહી છે. એ માટે સમયાંતરે નેત્ર શિબિર કરીને જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક સારવાર પણ કરાવવામાં આવે છે. અત્યાર સુધી ૧૧૨૪ જેટલી વ્યક્તિએ આ શિબિરનો લાભ લીધો છે અને જેમને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. જેમને દવા અથવા ચશ્માની જરૂર જણાઈ હતી એમને ચશ્મા પણ આપવામાં આવ્યા છે.

આ કેમ્પોમાં માત્ર મોતીયા જેવા સર્જિકલ કેસ જ નહિ પરંતુ આંખની છારી, ઝામર, રેટિના સંબંધિત તકલીફો, વ્હેલ (પ્ટેરીજિયમ) જેવી અન્ય આંખની સમસ્યાઓ પણ ઓળખાઈ હતી. કેમ્પ દ્વારા લોકોમાં જાગૃતિ આવી રહી છે કે તેઓની આંખમાં કોઈ તકલીફ છે જે સમયસર સારવાર ન કરાય તો દ્રષ્ટિ ગુમાવવાની શક્યતા છે. આવા દર્દીઓને SVNM હોસ્પિટલ તરફથી વિશેષ ડિસ્કાઉન્ટ અને સહાયરૂપ સારવાર સુવિધા આપવામાં આવી રહી છે જેથી તેઓ વહેલી તકે સારવાર શરૂ કરી શકે.

સુરત જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી દસ શિબિરમાં ૧૧૨૪થી વધુ વ્યક્તિઓએ શિબિરમાં હાજરી આપી હતી. જેમાં ૪૭૪ નજીકના દ્રષ્ટિના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ૧૪૯ આંખમાં નાખવાના ટીપાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું, અને શંકાસ્પદ મોતિયાની સ્થિતિ ધરાવતા ૩૮૮ લોકોને ઓળખવામાં આવ્યા હતા. ઓક્ટોબર ૨૦૨૫ સુધીમાં ૧૩૨ સફળ શસ્ત્રક્રિયાઓ કરવામાં આવી હતી, જેનાથી દૃષ્ટિ પુનઃસ્થાપિત થઈ હતી અને જીવનમાં પરિવર્તન આવ્યું છે. આ ચકાસણી કેમ્પો દ્વારા દ્રષ્ટિ ગુમાવવાનો ખતરો ઓછો થવા સાથે સુરત જિલ્લાના ગ્રામ્ય નાગરિકોમાં આંખની આરોગ્ય બાબતે જાગૃતિમાં નોંધપાત્ર વધારો થયો છે.

# ૧૫ થી ૩૫ વર્ષની વર્ષના યુવક-યુવતીઓ માટે તાલીમ શિબિર

## નવસારી જિલ્લાના ઇચ્છુકોએ તા.૧૫ નવેમ્બર સુધીમાં અરજી કરવી

નવસારી, તા.૩

ગુજરાત સરકારશ્રીના રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિભાગના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર કચેરી દ્વારા અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી જામનગર સંચાલિત રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ માટે શારીરિક ક્ષમતા વધે અને સાહસિક સાથેતેઓનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાના હેતુથી યુવાનોમાં સાહસિકતાના ગુણનો વિકાસ થાય અને આકસ્મિક આવી પડેલીપૂર,વાવાઝોડું,આગ,ભૂકંપ જેવી કુદરતી/કૃત્રિમ આપદાઓના સમયમાં યુવાનો સ્વબચાવ સાથે અન્યોને પણ મદદ કરી શકે તે માટે તાલિમ શિબિરનું આયોજન કરવામાં આવનાર છે.

આ શિબિરમાં ભાગ લેનાર શિબિરાર્થીઓને રહેવા, જમવા અને પ્રવાસભાડું સરકારશ્રી દ્વારા આપવામાં આવશે. આ શિબિર પાંચ દિવસની નિવાસી શિબિર રહેશે. આ તાલિમ શિબિરમાં એન.સી.સી.,એન.એસ.એસ, રમત ગમત, સાહસિક પ્રવૃત્તિઓ અથવા અન્ય એડવેન્ચર પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ શિબિરાર્થીઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે.ાગ લેવા ઈચ્છુક યુવક-યુવતીઓએ આપના જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીએથી અરજી ફોર્મ મેળવી અરજી ફોર્મ સાથે જરૂરી આધાર પુરાવા સ્વ પ્રમાણિત કરી તા. ૧૫/૧૧/૨૦૨૫ સુધીમાં અરજી ફોર્મ , જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૧૬૦૭ કામાક્ષી પ્રથમ માળ, સ્વપ્નલોક સોસાયટી, કાલીયાવડી નવસારી ખાતે કચેરી સમય દરમ્યાન મોકલી આપવાની રહેશે.

**એક લાખ**
**પહેલા પાનાનું ચાલુ**

કાર્યક્રમને સંબોધતા તેમણે કહ્યું કે પ્રતિભા, સ્વભાવ અને ટેકનોલોજી ભારતના ભવિષ્યને બદલી નાખશે. અમારું લક્ષ્ય ભારત માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સને ઉપયોગી બનાવવાનું છે.

**અનેક**
**પહેલા પાનાનું ચાલુ**

રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેને તે "ખૂબ કડક" માનતો હતો. સુધારેલા આદેશમાં જણાવાયું હતું કે રખડતા કૂતરાઓને નસબંધી, કૃમિનાશક અને રસીકરણ પછી તેમને જે વિસ્તારમાંથી પકડવામાં આવ્યા હતા ત્યાં પાછા છોડી દેવા જોઈએ, જો તેઓ આક્રમક ન હોય અથવા હડકવાથી પીડાતા ન હોય.

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD) એ ઘણા વર્ષોથી રખડતા કૂતરાઓની સત્તાવાર વસ્તી ગણતરી હાથ ધરી નથી. છેલ્લી વસ્તી ગણતરી પછી, અંદાજિત સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

૨૦૦૯ માં હાથ ધરવામાં આવેલી છેલ્લી વસ્તી ગણતરીમાં દિલ્હીમાં આશરે ૫.૬ લાખ રખડતા કૂતરા મળી આવ્યા હતા. વિવિધ અંદાજો અને તાજેતરના સર્વેક્ષણો અનુસાર, આ સંખ્યા હાલમાં ૮ લાખથી ૧૦ લાખની વચ્ચે હોઈ શકે છે.

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી વિજય ગોયલે, જેઓ શેરી કૂતરાઓના મુદ્દા પર કામ કરી રહ્યા છે, તેમણે પણ કોર્ટને જણાવ્યું છે કે દિલ્હીમાં ઓછામાં ઓછા ૮ લાખ શેરી કૂતરા છે. કૂતરા કરડવાની ઘટનાઓમાં વધારાને કારણે, આ મુદ્દો જાહેર ચિંતાનો વિષય બની ગયો છે, અને સુપ્રીમ કોર્ટે પણ આ સંદર્ભમાં નિર્દેશો જારી કર્યા છે.

**દિલ્હીમાં**
**પહેલા પાનાનું ચાલુ**

૩૫૮ નોંધાયું છે, બંને "ગંભીર" શ્રેણીમાં છે. પ્રદૂષણનું આ સ્તર લોકોના સ્વાસ્થ્ય પર સીધી અસર કરી રહ્યું છે.

નિષ્ણાતોના મતે, આવી હવામાં લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી શ્વસન સમસ્યાઓ, અસ્થમા, આંખમાં બળતરા અને માથાનો દુખાવો વધી શકે છે. વૃદ્ધ લોકો, બાળકો અને સગર્ભા સ્ત્રીઓને ખાસ સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે. વધુમાં, ધુમ્મસને કારણે દૃશ્યતામાં ઘટાડો થયો છે. રાજધાનીના રસ્તાઓ પર ધુમ્મસનું સ્તર છવાઈ ગયું છે, જેના કારણે સવાર અને સાંજની મુસાફરી દરમિયાન વાહનચાલકો માટે સમસ્યાઓ ઊભી થઈ રહી છે.

હવામાન વિભાગના મતે, આગામી થોડા દિવસોમાં પરિસ્થિતિમાં સુધારો થવાની શક્યતા નથી કારણ કે પવનની ગતિ ધીમી છે અને તાપમાનમાં ઘટાડો વાતાવરણમાં પ્રદૂષક કણોને ફસાવી રહ્યો છે. સરકાર અને પર્યાવરણ વિભાગે લોકોને ખાનગી વાહનોનો ઉપયોગ ઓછો કરવા, કાર પૂલિંગ અથવા જાહેર પરિવહનને પ્રાધાન્ય આપવા અને બાંધકામના કામોમાં ધૂળ નિયંત્રણના પગલાંનું પાલન કરવાની અપીલ કરી છે.

**બેંક સાથે**
**પહેલા પાનાનું ચાલુ**

ધિરાણના હેતુ વગરની મિલ્કતો ખરીદાઈ હતી તથા બેન્ક થાપણો પણ કરવામાં આવી હતી. ઉપરાંત રિલાયન્સ નિયોન મ્યુચ્યુઅલ ફંડે નિયમોને આતરીને રિલાયન્સની કંપનીઓમાંજ રોકાણ કર્યુ હતું.

**રાજસ્થાન બસ**
**પહેલા પાનાનું ચાલુ**

એકાદશી પર કપિલ મુનિના આશ્રમમાં દર્શન કરી શકે. માટોડા (ફલોદી) પોલીસ સ્ટેશન વિસ્તારમાં પરત ફરતી વખતે આ અકસ્માત થયો. ટક્કર એટલી ભયાનક હતી કે ટેમ્પો ટ્રાવેલરના આગળનો ભાગ કચ્ચરઘાણ થઈ ગયો હતો.આ દરમિયાન, માહિતી મળતાં જ હોસ્પિટલ પહોંચેલા ઘણા પરિવારના સભ્યો પોતાના પ્રિયજનોના મૃતદેહ જોઈને બેભાન થઈ ગયા હતા. ટેમ્પો ટ્રાવેલરમાં સવાર તમામ લોકો જોધપુરના સુરસાગરના રહેવાસી હતા.છાંવરલાલ સાંખલાની પત્ની લતાએ કોલાયત માટે એક ટ્રાવેલર બુક કરાવ્યું હતું. જ્યારે લતાએ તેની પુત્રવધૂને તેની સાથે આવવા કહ્યું, ત્યારે તેણે ના પાડી. વારંવાર કહેવા છતાં પુત્રવધૂ માની નહી તો તેણે તેની ગર્ભવતી પુત્રી દિવ્યાને તેની સાથે આવવા કહ્યું. તેની માતાની વાત માનીને, પુત્રી સાથે જવા સંમત થઈ ગઈ. દિવ્યાના લગ્ન આઠ મહિના પહેલા થયા હતા અને તે ગર્ભવતી હતી.

**અફઘાનિસ્તાનમાં**
**પહેલા પાનાનું ચાલુ**

આસપાસ અનેક પ્રાંતોમાં જમીન જોરદાર રીતે ધ્રુજી ઊઠી હતી. ભૂકંપના આંચકા તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તુર્કમેનિસ્તાનમાં પણ અનુભવાયા હતા.

મઝાર-એ-શરીફમાં આવેલી પ્રખ્યાત બ્લુ મસ્જિદને પણ નુકસાન થયું હતું. સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં મસ્જિદનો બાહ્ય ભાગ ખંડિત અને જમીન પર વિખેરાયેલો જોવા મળ્યો હતો.

**પુટીન**
**પહેલા પાનાનું ચાલુ**

યુક્રેન યુદ્ધવિરામ કે યુદ્ધના અંત અંગે કોઈ મહત્વપૂર્ણ કરાર વિના પૂર્ણ થઈ. ૨૦૨૨માં રશિયાના યુક્રેન પર આક્રમણ પછી પુતિન અને ટ્રમ્પની આ પહેલી રૂબરૂ મુલાકાત હતી.આ દરમિયાન, રશિયાએ શનિવારે યુક્રેન પર હુમલો કર્યો, જેમાં બે બાળકો સહિત છ લોકો માર્યા ગયા. રશિયન મીડિયાએ અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે રશિયાએ શનિવાર રાતથી રવિવાર સવાર સુધી યુક્રેન પર ડ્રોન અને મિસાઈલોથી હુમલો કર્યો હતો. આ હુમલાને કારણે આશરે ૫૮,૦૦૦ ઘરો શાંતિથી વંચિત રહી ગયા હતા. હુમલામાં માર્યા ગયેલા બાળકોમાં, એક ૧૧ વર્ષનો અને બીજો ૧૪ વર્ષનો હતો.

**આશિષ ગુજરાતી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

૫૦ કિલોમીટરના વિસ્તારમાં મોબાઇલ નેટવર્ક કનેકટીવિટી (Vi સર્વિસ) ન હોવાને કારણે પીડિત પરિવાર તાત્કાલિક મદદ મેળવી શક્યો ન હતો. ઉપરાંત, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા દર્શાવેલ ઈમરજન્સી હેલ્પલાઇન નંબર પણ અપ્રતિસાદ રહ્યો હતો, જેના કારણે પરિવાર સંપૂર્ણપણે અસમર્થ સ્થિતિમાં મૂકાઈ ગયો હતો.

ચેમ્બરે મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી છે કે, ઘટનાની સમયબદ્ધ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, દોષિતોને ઝડપીને કાયદેસર સજા આપવામાં આવે અને Zero FIR નોંધવામાં ઉદાસીનતા દાખવનારા પોલીસ અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. આ ઉપરાંત, રાજ્યના હાઈવે અને પ્રવાસન માર્ગો પર સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવે. સાથે સાથે ચેમ્બરે મોબાઈલ નેટવર્ક કનેક્ટિવિટી, ઈમરજન્સી હેલ્પલાઇન પ્રતિસાદ અને હાઈવે કમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારાની પણ માંગણી કરી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટના કોઈ સાથે ન બને.

ચેમ્બરે વધુમાં જણાવ્યું છે કે, થોડા સમય પહેલાં જ રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીએ સુરતની મુલાકાત લઈને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને રાજસ્થાનમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું હતું, પરંતુ આવી દુર્ભાગ્યપૂર્ણ ઘટના ઉદ્યોગ જગતના વિશ્વાસને આઘાત પહોંચાડે છે અને રાજસ્થાનની 'સેફ એન્ડ ઈન્વેસ્ટર ફ્રેન્ડલી' છબીને પણ અસર કરે છે.

**ખેતી પાકને**
**પેજ-૨ પાનાનું ચાલુ**

છે. આ મુશ્કેલીના સમયમાં રાજ્ય સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે રહી મહત્તમ મદદ કરવાની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

આ અંગે સ્થળ પર વધુ વિગતો આપતા સુરતના નાયબ ખેતી નિયામકશ્રી એન.જી.ગામીતે જિલ્લા ખેતીવાડી, સુરત જિલ્લા પંચાયતના રીપોર્ટ મુજબ જણાવ્યું હતું કે, સમગ્ર સુરત જિલ્લામાં કુલ ૫૫૦ અસરગ્રસ્ત ગામો માટે ૩૫૦ પ્રાઈવેટ સર્વેયરો દ્વારા સર્વેની કામગીરી શરૂ કરાઈ છે. અને ૫૩ ગામોમાં સર્વે પૂર્ણ થયો છે. સુરત જિલ્લાના બારડોલી, ચોર્યાસી, કામરેજ, મહુવા, માંડવી, માંગરોળ અને ઓલપાડ, પલસાણા, સુરત સીટી અને ઉમરપાડા સહિતના તાલુકાઓ પૈકી અસરગ્રસ્ત વિસ્તાર ૧૯,૯૪૭ હેક્ટરમાં સૌથી વધુ ડાંગર ત્યારબાદ મકાઈ, સોયાબીન અને શાકભાજી સહિતના પાકોને નુકસાન થયું છે.

**નારી સંરક્ષણ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

જિલ્લાના રહેવાસી છે. લગ્ન પછી સાસરી તરફથી માનસિક અને શારીરિક ત્રાસ મળતા તેઓ ઘરેથી નીકળી ગયેલ. પતિ તથા સાસરી પરિવાર સાથે રહેવા તેઓ તૈયાર ન હતા અને પોતાના માતા-પિતા સાથે રહેવા ઈચ્છતા હતા. નારી સંરક્ષણ કેન્દ્ર દ્વારા બહેનના પરિવાર સાથે સંપર્ક કરી પરિસ્થિતિ સમજાવવામાં આવી. બાદમાં બહેનના ભાઈ અને સગા તેમને લેવા ખુંધ આવ્યા, જ્યાંથી બહેન સુરક્ષિત રીતે પોતાના પરિવાર સાથે પરત ગયા.બહેનના પરિવારે નારી સંરક્ષણ કેન્દ્રની મેનેજર ભાવિનાબેન આહિર તથા ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

**સાંધીયેર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

વારસાઈ સિવાય બીજા કોઈ કામ થઈ શકે નહીં, તેમ છતાં ગ્રામ પંચાયતે ઠરાવ કરી અમલ કર્યો છે. આ ઠરાવ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૪૯ હેઠળ પ્રતિરોધ કરવા યોગ્ય છે, તેવી ભલામણ કરવામાં આવી હતી. પરંતુ નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ આ અહેવાલ પર પણ કોઈ કાર્યવાહી કરી નથી.

આ બાબતે યોગ્ય કાર્યવાહી ન થતાં ગુજરાત વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા, માજી કેન્દ્રીય મંત્રી તથા હાલના ધારાસભ્ય ડો. તુષારભાઈ ચૌધરીએ પણ જયેન્દ્રભાઈ દેસાઈની રજૂઆતના અનુસંધાને ગુજરાત સરકારના માનનીય પંચાયત અને ગૃહ નિર્માણ મંત્રીશ્રીને પત્ર લખી, તાત્કાલિક તપાસ કરાવી, જવાબદારો સામે નિયમાનુસાર કડક કાર્યવાહી કરવા માંગ કરી છે.

આખરે, ગેરકાયદેસર ઠરાવ, ગેરરીતિ અને કાયદા વિરુદ્ધની કાર્યવાહી પર પ્રશાસનની ઉદાસીનતા સામાન્ય નાગરિકોના હિતો પર પ્રશ્ન ઉભા કરે છે. આ મુદ્દે તાત્કાલિક તપાસ અને કડક કાર્યવાહીની માંગ ઉગ્ર બની રહી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૦૩ નવેમ્બર ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કોસંબા તરસાડી રેલવે બ્રિજ પાસેથી ટ્રોલી બેગમાં યુવતીની લાશ મળી આવતા ચકચાર

## ગળે ટૂંપો દઈ હત્યા કરી ટ્રોલી બેગમાં પેક કરી કોઈ મુકી ગયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૩**

કોસંબા તરસાડી રેલવે બ્રિજ પાસેના સર્વિસ રોડ પરથી ટોલી બેગમાં ૨૫ વર્ષીય યુવતીની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી.

સુરત જિલ્લાના કોસંબા નજીકની સનસનીખેજ ઘટના સામે આવતાં કોસંબા પોલીસ દોડતી થઈ હતી. હાલ કોસંબા પોલીસે મૃતક યુવતીનું પીએમ કરવાની તજવીજ હાથ ધરી દીધી છે.મૃતક મહિલાની નિર્મમ હત્યા કરવામાં આવી છે. હત્યારાએ મહિલાના પગ બાંધી, બે ફૂટ નાની ટ્રોલી બેગમાં તેને બેવડું વાળી મૃતદેહને ભરી દીધો હતો. પોલીસે મહિલાની ઓળખ અને હત્યારા સુધી પહોંચવા માટે તેના હાથ પર દોરેલા ટેટૂના આધારે તપાસ શરૂ કરી છે.

કોસંબા PI ડી.આઇ. ખાચરે જણાવ્યું હતું કે, પબ્લિક દ્વારા અમને મેસેજ મળેલા કે એક બેગમાં કોઈ ડેડબોડી પડી હોય એવું લાગે છે. જેથી પોલીસ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગઇ હતી. બેગમાથી અંદાજિત એક અજાણી ૨૫ વર્ષની મહિલાની ડેડ બોડી મળી આવી હતી.

પીઆઇ ખાચરે વધુમાં જણાવ્યું હતુ કે, અત્યારે પ્રાથમિક દષ્ટિએ હત્યા કરી હોય એવું દેખાય છે. હજી મોતનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. બોડીના કટકા નથી કર્યા પણ કપડાં દ્વારા લાશને બાંધી અને બેગમાં મૂકવામાં આવી હતી. કોસંબા ઓવરબ્રિજ પર મારુતિના શોરૂમ બાજુમાં રોડના કિનારે લાશ ફેંકી દેવામાં આવી હતી.પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ, મહિલા પરપ્રાંતિય હોઈ શકે છે. મહિલાના હાથ પર ટેટું પણ દોરાયેલા છે, જે તેની ઓળખ સ્થાપિત કરવામાં મદદરૂપ થઈ શકે છે. ઘટનાની જાણ થતાં જ કોસંબા પોલીસ અને સુરત જિલ્લા પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.પોલીસે મૃતદેહ કોનો છે અને કોણે તેની હત્યા કરી છે તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. આ મામલે વધુ વિગતો મેળવવા માટે આસપાસના વિસ્તારોમાં પૂછપરછ શરૂ કરી હતી



ઉધના રોડ નં.૦ પાસે આવેલું ગળનાળુ લોકોની અવર જવર માટે ન હોવાની સૂચના ગળનાળા પર લખેલી હોવા છતાં ગળનાળામાં ગટર ઊભરાતું પાણી ભરાયેલું હોવા છતાં લોકો અવર જવર માટે ગળનાળાનો ઉપયોગ કરી રહ્યા છે. પ્રસ્તુત તસ્વીરમાં ગંદકીથી ખદબદતા ગળનાળામાંથી અવર જવર કરતા વાહનચાલકો નજરે પડી રહ્યા છે. (તસવીર : હનીફ મલેક)



કોસંબા તરસાડી રેલવે બ્રિજ પાસેના સર્વિસ રોડ પરથી ટોલી બેગમાં ૨૫ વર્ષીય યુવતીની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. કોસંબા પોલીસે હાલ હત્યાનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

# ગાયનું દૂધ વેજિટેરિન નથી : પાલ કેનાલ રોડ પર બેનર લાગ્યા

## પાલ પોલીસને ગૌરક્ષા મંચે જાણ કરતા તાત્કાલિક અસરથી બેનરો હટાવી લેવાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૩**

પાલ કેનાલ રોડ ઉપર આજે સવારે દુધ વેજીટેરીયન નથી તેવા બેનરનો લઇ લોકોમાં ચર્ચાઓ ચાલી હતી. સુરત ગૌ રક્ષા મંચના સહસંસ્થાપકને આ બાબત ધ્યાને આવતા તેમણે વૈમનસ્ય ઉભું થાય તેવા બેનર લગાડનારા સામે કાયદાકીય પગલા ભરવાની માંગ સાથે પાલ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. પોલીસની હાજરીમાં આ બેનરને હટાવી લેવામાં આવ્યા હતા. આ મામલે ગુનો નોંધવાની પણ પોલીસે તજવીજ હાથ ધરી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

સુરત ગૌ રક્ષા મંચના સહસંસ્થાપક ધર્મેશ ગામીએ જણાવ્યું હતુ કે, પાલ કેનાલ રોડ પર ધુધ વેજીટેરીયન નથી તેવા ભ્રામક અનો ધાર્મિક લાગણી દુભાય તેમજ લોકોમાં વૈમનસ્ય ઉભું થાય તેવા પોસ્ટર લાગ્યા હતા. દુધ વેજીટેરીયન નથી તેવું બેનર ધ્યાને આવતા આ મામલે પાલ પોલીસ મથકનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ધર્મેશ ગામીએ આવા પોસ્ટર લગાડવાની પરમીશન લીધી છે કે નહીં તેને દંડ થવો જોઈએ અથવા તો આવી એડવટાઇઝ કરનાર જે-તે સંસ્થા સામે કાયદેસરના પગલા ભરવાની માંગ કરી હતી.

# સાયણ-પીપોદરામાં પોલીસ બંદોબસ્ત વચ્ચે ૫૦ ટકા કારખાના ધમધમતા થયા

## સુરત વીવર્સ એસો.એ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને રજુઆત કરતા ઈન્ડસ્ટ્રીઝમાં પોલીસનો પહેરો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

સાયણ અને પીપદરાના કારખાનામાં ભાવ વધારાનાં મુદ્દે દર વર્ષે ઉડીયા કારીગરોને ભડકાવવા માટે ઉડીયા ભાષામાં બેનરો લાગતા હોય છે ત્યારે આ સિઝનમાં પણ દિવાળી બાદ ઉડીયા ભાષામાં મેસેજ ફરતા થતા ઈન્ડસ્ટ્રીઝનું કામકાજ ઠપ્પ થઇ ગયું હતું. આ મામલે સુરત વિવર્સ એસોસિએશન દ્વારા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પત્ર લખીને ટિખળખોરો તેમજ વિઘ્નસંતોષીઓને પાઠ ભણાવવા તેમજ ઈન્ડસ્ટ્રીઝનું વાતાવરણ ન ડોહળાઇ તેવા પગલા લેવાની માંગ કરી હતી. દરમિયાન પોલીસ બંદોબસ્ત મોકલવા સાથે પેટ્રોલિંગ કરવામાં આવતા આજે સવારથી ઈન્ડસ્ટ્રીઝમાં માહોલ શાંત પડ્યો હતો. ડરના માર્યા કારીગરો કારખાના પર આવતા ન હતા જોકે પોલીસ બંદોબસ્ત મળતા જ સાયણ તેમજ પીપોદરાના અમુક કારખાનાનું કામ રાબેતા મુજબ થવા લાગ્યું છે.

સુરત વિવર્સ એસોસિએશનના પ્રમુખ વિજય માંગુકીયાએ જણાવ્યું હતું કે, પ્રતિ મીટર કાપડ ઉપર ૨૦ પૈસા ભાવ વધારો કરવાની માંગ સાથે ઉડીયા ભાષામાં કારીગરોને કારખાના ઉપર નહીં આવવાના મેસેજ ફરતા થતા સાયણ અને પીપદોરઈન્ડસ્ટ્રીઝનું કામ કાજ ઠપ્પ થઇ ગયું હતું. વિતેલા ત્રણ ચાર દિવસથી આ સ્થિતિ હતી ત્યારે વિવર્સ એસોસિએશન દ્વારા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પત્ર લખવામાં આવ્યો હતો. દરમિયાન તાત્કાલિક અસરથી ઈન્ડસ્ટ્રીઝમાં ભયનું વાતાવરણ ઉભું કરનારાઓને શોધવા તેમજ પોલીસ બંદોબસ્ત આપવામાં આવતા કારખાનાઓ શરૂ થઇ ગયા છે. પીપોદરાની બંસરી ઈન્ડસ્ટ્રીઝના તમામ કારખાનાઓ આજે સવારથી શરૂ થતા વેપારીઓએ હાંસકારો અનુભવ્યો છે. સાયણની ઈન્ડસ્ટ્રીઝનું કામકાજ પણ ૫૦ ટકા શરૂ થઇ ગયું છે.

### પી.આઈ. એચ.કે. સોલંકીના નેતૃત્વમાં અઠવા પોલીસની શાનદાર કામગીરી

# અઠવા પોલીસે ગણતરીના દિવસોમાં જ વાહન ચોરને ઝડપી પાડ્યો

## વાહન ચોર સાહિલ શાહ પાસેથી પોલીસે ૪ વાહનો કબજે કરી ત્રણ ગુનાનો ભેદ ઉકેલ્યો



**પ્રતાપ પ્રતિનિધિ, સુરતા.તા.૩**

અઠવા પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ.કે.સોલંકીના માર્ગદર્શન હેઠળ વર્કઆઉટમાં રહેલી તેમની સર્વેલન્સની ટીમે એક વાહન ચોરને દબોચી લઈ ૩ વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢી ચોરી થયેલ ૪ વાહન તેની પાસેથી કબજે કર્યા હતા. અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.કે. સોલંકીની સીધી દેખરેખ હેઠળ સર્વેલન્સ ઈન્ચાર્જ પો.સ.ઇ. એ.એન. રાઠોડ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો દ્વારા ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસનો ઉપયોગ કરીને સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી હતી.

તપાસ દરમિયાન પો.કો. સુરેંદ્રભાઇ શાલીકરામ તથા પો.કો. વિવેકભાઇ કુંજબિહારીને તેમના અંગત અને વિશ્વાસુ બાતમીદાર મારફતે આધારભૂત સંયુક્ત બાતમી હકીકત મળી હતી.

આ બાતમીના આધારે સાહીલ ઈલીયાસ શાહ (ઉ.વ.૨૨ ધંધો-મજુરી રહે- બીલ્ડીગ-૫૯-બી- ૨૦એચ-૦૧, અમરોલી કોસાડ આવાસ સુરત)ને રોકી તેની પાસેની એક સીલ્વર કલરની બર્ગમેન મોપેડની માલીકીના આધાર પુરાવા માંગતા પોતે આ બર્ગમેન મોપેડ ગત. તા-૩૧/૧૦/૨૦૨૫ ના રોજ રાત્રિના સાતેક વાગ્યાના અરસામાં સુરત શહેર નવો ખાડી રોડ ખાતેથી ચોરી કરેલાની હકીકત જણાવી હતી.ત્યારબાદ તેની અટકાયત કરી યુક્તી પ્રયુક્તીથી વધુ પુછપરછ કરતા વધુ ૩ વાહન ચોરી કરી હોવાની પણ કબુલાત કરી હતી. પોલીસે તેની પાસેથી ચોરીમાં ગયેલ વાહનો કબજે કર્યા હતા. આરોપી સામે અગાઉ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં પણ ચોરીને ગુનો નોંધાયો હતો.

પોલીસ ઈન્સપેકટર એચ.કે.સોલંકીના નેતૃત્વ હેઠળ અને સર્વેલન્સ પો.સ.ઇ. એ.એન.રાઠોડના સહયોગથી એએસઆઈ જયરાજ જેઠાભાઇ, હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈ કોકા, કોન્સ્ટેબલ વિવેક કુંજબિહારી, કોન્સ્ટેબલ સુરેન્દ્ર શાલીકરામ, કોન્સ્ટેબલ ગૌરવ અશોકભાઇ, કોન્સ્ટેબલ સતિષ ગણેશભાઈ તથા કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ વિનોદસિંહએ ટીમવર્ક દ્વારા આ સરાહનીય કામગીરી કરી હતી.

# મિલેનિયમ માર્કેટ પાસે ખાડી બ્રિજ પર લાગેલી ગ્રીલ તસ્કરો ઉઠાવી ગયા

## રાત્રી સમયે તસ્કરોની કરામત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૩**

મિલેનીયમ માર્કેટ પાસે આવેલી કોયલી ખાડી ઉપર લગાડવામાં આવેલી લોખંડની ગ્રીલ ચોરી થઇ ગઇ હોવાનું સ્થાનિકો પાસેથી જાણવા મળી રહ્યું છે. રાત્રિના સમયે ચોર ઈસમો લોખંડની ગ્રીલ કાઢીને લઇ ગયા હતા.

દિવાળી નવા વર્ષના તહેવારને લઇ વેકેશનનો માહૌલ હોય લોકોની અવર-જવર ઓછી થવા સાથે ચોરીની ઘટનાઓ પણ સામે આવી રહી છે ત્યારે મિલેનીયમ માર્કેટ ખાડી બ્રીજ ઉપર લગાડવામાં આવેલી લોખંડની ગ્રીલ ચોરી થઇ ગઇ હતી.



સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે તારા વિદ્યાલયની પછાડી કોયલી ખાડી ઉપર બ્રીજના બંને છેડે લોખંડની ગ્રીલ મનપા દ્વારા લગાડવામાં આવી હતી. દરમિયાન રાત્રિના સમયે અમુક ગ્રીલની ચોરી કરી લેવાઇ હોવાનું સામે આવ્યું છે.

# એલસીબી પોલીસનાં પલસાણા મેઘા પ્લાઝા રામેશ્વર રેસીડન્સીમાં દરોડા

## તમંચો કારતુસ, સાથે એકની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૩**

સુરત ગ્રામ્ય એલસીબી પોલીસે પલસાણા ગામની સીમમાં મેઘા પ્લાઝા રામેશ્વર રેસીડન્સી પહેલો માળ રૂમ નં-૧૦૪ દરોડા પાડી હાથ બનાવટનો તમંચો કારતુસ, મોબાઈલ ફોન રોકડા રૂ.૮૦૦ કબ્જે કરી એકની ધરપકડ કરી હતી

પોલીસે બાતમીનાં આધારે મેઘા પ્લાઝા રામેશ્વર રેસીડન્સી પહેલો માળ રૂમ નં-૧૦૪માંથી આરોપી સંજય ઉર્ફે રાવણ નરેન્દ્રભાઈ મોતીલાલ મિશ્રા ની ધરપકડ કરી હતી આરોપી પાસેથી તમંચો કારતુસ મળી આવ્યાં હતાં.આરોપી મુળ ત્રીકમગઢ એમ.પી.નો રહેવાસી છે. સદર હાથ બનાવટનો તમંચો તથા કારતુસ પુરા પાડનાર આરોપી ફુલચંદભાઈ રાયને વોન્ટેડ જાહેર કરાયો હતો

પોલીસે દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૧ (કિ.રૂ-૧૦,૦૦૦) કારતુષ નંગ-૧ (કિં.રૂ.૨૦૦),મોબાઈલ ફોન નંગ-૧ (કિં.રૂ. ૫૦૦૦)રોકડા (રૂ.૮૦૦)મળી કુલ્લે કિં.રૂ.૧૬,૦૦૦/- ના મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પલસાણા પોલીસે ફરિયાદ નોંધી વોન્ટેડ આરોપીની શોધખોળ હાથ ધરી છે

# પાંડેસરામાં હિટ એન્ડ રનમાં ડાઈંગ મિલના કર્મીનું મોત

## મૃતક રોડ ક્રોસ કરતી વેળા અજાણ્યા વાહને ઉડાવી દીધો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૩**

સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં રવિવારની રાત્રે ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં બોટલીવાલા સર્કલ પાસે અજાણ્યા વાહનચાલકે એક ડાઇંગ મિલમાં નોકરી કરતા યુવકને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. પાંડેસરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈ અજાણ્યા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

મૃતક યુવકની ઓળખ આસ યાદવ (ઉ.વ. ૩૫) તરીકે થઈ છે. આ યુવક મૂળ ઉત્તર પ્રદેશનો વતની હતો અને છેલ્લા ૩ વર્ષથી સુરતમાં રહીને ડાઇંગ મિલમાં નોકરી કરતો હતો. તે પાંડેસરામાં નોકરી કરીને ગોડાદરા ખાતે ઘરે પરત જઈ રહ્યો હતો, ત્યારે બોટલીવાલા સર્કલ પર આ દુર્ઘટના બની હતી.

આસ યાદવના પરિવારમાં તેની પત્ની અને બે નાના બાળકો છે, જેઓ હાલ યુપીમાં રહે છે. આ યુવક એકમાત્ર કમાઉ સભ્ય હતો અને તેના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. અકસ્માતમાં તેનું મોત થતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને શોકની લાગણી વ્યાપી ગઈ છે.મૃતક યુવકના સુપરવાઇઝર અને સહકર્મી વિકાસ પાટીલએ આ ઘટનાની વિગતો આપતા જણાવ્યું હતું કે, આસ યાદવ અમારી સાથે જ કામ કરતો હતો. રાત્રે લગભગ ૯ વાગ્યે તે જોબ પરથી છૂટ્યા પછી બોટલીવાલા નજીક એક હોટલ પર તેણે ખાવાનું ખાધું હતું. ત્યાર બાદ ઘર તરફ જવા માટે નીકળ્યો હતો અને બોટલીવાલા સર્કલ પર પગપાળા જ ચાલી રહ્યા હતા.આ યુવક રોડ ક્રોસ કરી રહ્યો હતો, ત્યારે કોઈ અજાણ્યા વાહને બહુ ખરાબ રીતે ટક્કર મારી હતી. જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# લાલગેટ વિસ્તારમાં કિશોરીને ગળા પર ચપ્પુ મુકી સંબંધ રાખવા મજબૂર કરતો યુવક

## કિશોરીનો પીછો કરી જાતિય સતામણી કરનાર સામે ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૩**

લાલગેટ પોલીસ સ્ટેશનની હકુમતમાં રહેતી કિશોરીનો પીછો કરી તેની જાતીય સતામણી કરનાર શાહપુરના યુવક સામે લાલગેટ પોલીસ સ્ટેશનમાં છેડતીની ફરિયાદ નોંધાઈ હતી.

લાલગેટ પોલીસ સ્ટેશનની હદમાં રહેતી કિશોરીના પરિવારે શાહપોર ખાતે રહેતા પરવેઝ નામના યુવક સામે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તોહમત લગાવી હતી કે ફરિયાદીની સગીર દિકરી જ્યારે સાંજના સમયે ટ્યુશને જતી ત્યારે આરોપી પાછળ-પાછળ પીછો કરી રસ્તામા ફરીયાદીની સગીર દિકરીને રોકીને જણાવ્યું હતું કે “તુ મને ખુબ જ સારી લાગે છે, હું તને પ્રેમ કરુ છું, મારી સાથે મોટર સાઇકલ પર બેસી જા, તારે મને રોજ ફોન કરવાનો, રોજ મને મળવા આવવાનુ, હુ તારી સાથે લગ્ન કરવા માંગુ છું" તેમ કહી ગળા પર ચપ્પા જેવુ હથીયાર મુકી જાંનથી મારી નાખવાની ધમકી આપી આપી હતી. ફરિયાદમાં એ પણ ઉલ્લેખ કર્યો હતો તે જો તુ મારા શરણે નહી થાય તો હુ તારા ફોટાઓ સોશીયલ મીડીયા પર અપલોડ કરી તને બદનામ કરી દઈશ તેવુ બોલીને આ આરોપી પરવેઝએ ફરીયાદીની દિકરીને પોતાના બાહુપાશમા જકડી લીધી હતી.

વધુમાં ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા-૦૫/૧૦/૨૦૨૫ ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યાના સુમારે ફરીયાદીની દિકરી અને ફરીયાદિનો પરિવાર તેમના મહોલ્લામા ધાર્મિક પોગ્રામ હોય જે જોવા માટે આવ્યા હતા ત્યારે આરોપી પરવેઝએ ફરીયાદીની દિકરીને ગંદા-ગંદા ઈશારાઓ કરી શારીરીક સતામણી કરી હતી. લાલગેટ પોલીસે કિશોરીની માતાની ફરિયાદ લઈ આરોપી સામે જાતીય સતામણીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ એ.એ સૈયદ કરી રહ્યા છે.



બે દિવસથી વરસાદ વરસવાનું બંધ થતાની સાથે જ ઉઘાડ નિકળ્યો છે ત્યારે શહેરમાં રોગચાળાએ માથુ ઊંચક્યું છે. દરમિયાન શહેરની નવી સિવિલ હોસ્પિટલ તેમજ સ્મીમેર હોસ્પિટલમાં મેડિસીન સહિતની ઓપીડીઓ દરદીઓથી ઊભરાઈ રહી છે. નાના બાળકોથી લઈ ઉંમરલાયક વ્યકિતઓમાં સિઝન બદલાવાની સાથે વાયરલની અસર જોવા મળતી હોય છે ત્યારે રોગચાળો વધતા સરકારી હોસ્પિટલોમાં દવા તેમજ કેસ પેપર વિન્ડો પર લાંબી કતારો પ્રસ્તુત તસવીરમાં જોવા મળી રહી છે. (તસવીર : હનીફ મલેક)